પાપ અને પશ્ચાત્તાપ.

(પ્રથમ ભાગ—પાપનું સ્વરૂપ.)

લેખક અને પ્રકાશક,

ઠક્કર ઉદ્ધવજી તુલસીદાસ તન્ના; મુંબઇ.
ગીરગામ—ઠાકોરદ્વાર.

भेख तो भयंकर छे बच्चा !
सोमरस शो अद्‌भुत !
समर्थज ते जीरवशे
ने जीरवशे ते जय पामशे.

(कविश्री न्हानालाल.)

સોલ એજંટ,

જીવનલાલ અમરશી મહેતા;
મેનેજર—પ્રિન્ટિંગવર્ક એન્ડ બુક્સ એજન્સિ;-અમદાવાદ.

મૂલ્ય રૂ. ૦–૮–૦

બન્ને ભાગ ભેગાની કિં. ૧–૮–૦

આવૃત્તિ ૨ જી.] સને ૧૯૧૫. [પ્રત ૫૦૦.

અમદાવાદ:

કાળુપુર ટંકશાળમાં ધી યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ કંપની લીમીટેડમાં
મોતીલાલ સાખળદાસે છાપ્યું.

પ્રસ્તાવના.

—*××*—

हिरण्मयेन पात्रेण सत्यस्यापिहितं मुखम् ।
तत्त्वं पूषन्नपावृणु सत्यधर्माय दृष्टये ॥
(ईशावास्योपनिषद्)

જગતને જીવન આપનાર હે જગત્ જીવન ! સત્ય રૂપી સૂર્ય જે (માયામોહિની રૂપી) ઝાંખી રોશનીથી આચ્છાદિત થયેલો છે તે પ્રદર્શિત કર ! અમે સત્યનું દર્શન કરીએ અને સત્યમાંજ અમારો ધર્મ જોઇએ.

સત્યમાંથી મનુષ્ય ઉત્પન્ન થાય છે; સત્યથી તે પોષણ પામે છે; સત્યથી તે સુવ્યવસ્થિત રહે છે; સત્યથી તે શોભે છે; સત્યથી ઉન્નત થાય છે; સત્યથી જીવે છે, અને સત્યથીજ તે જય પામે છે.

જગતના સર્વ ઇતિહાસો આ સિદ્ધાંતની સાક્ષીરૂપ છે. ઘણીવાર અસત્ય ઉન્નત થયુ છે, ઘણીવાર અસત્ય જય પામતું જણાયું છે, સદાચરણીઓ દુઃખી થયા છે, મહાન્ સંકટોમાં પડયા છે, અધમ જનો આનંદ પામ્યા છે, પાંડવો વનમાં રખડયા છે, અને કૌરવોએ રાજ્યસુખો ભોગવ્યા છતાં કૃષ્ણ પાંડવોનાજ રહ્યા છે, કુરૂક્ષેત્રમાં પણ ધર્મક્ષેત્ર થયાં છે, અને જય પાંડવોનો જ થયો છે.

કોઈ મનુષ્ય વિદ્વાન્ હોય, સમર્થ વક્તા હોય, બાહોશ લેખક કે ચતુર ટીકાકાર હોય, તત્વજ્ઞાનનાં ભલે હજારો પુસ્તકો તેણે વાંચ્યાં હોય અને અનેક પર ટીકા લખી હોય, જગત્ સમસ્તમાં ભલે તે એક પંડિત તરીકે પંકાયલો હોય, છતાં પણ જો તે સત્યપરાયણ નહીં

હોય, સદ્‌ગુણી નહીં હોય, વિશુદ્ધ નહીં હોય, તો ખરા સુખનાં માત્ર સ્વપ્ન જ જોશે. ત્હેના તત્વજ્ઞાનમાંજ ખરૂં સુખ રહેશે. જીવનમાં ત્હેનો અનુભવ નહીં કરી શકે.

સત્યપરાયણને જગત્ ચાહે છે, અને સત્યનેજ જગત્ શોધે છે; એક અધમ, દુરાચારી, પાપી, અનેકને ભમાવનાર; અનેક અનર્થો કરનારને પણ ત્હેના અંતઃકરણમાં–ત્હેના આત્મામાં રહેલી કોઇ દિવ્ય-શક્તિ પાપના એ અંધકારમાં–અધર્માચરણની ગાઢ નિદ્રામાં–પણ સત્ય-નાંજ સ્વપ્નો દેખાડે છે.

આમાંજ મનુષ્યની દિવ્યતાનું ભાન થાય છે, આથીજ હરિની કૃપાનું અનુમાન થાય છે. આથીજ જણાય છે કે જગત્ હરિને ભૂલે છે છતાં તે નથી ભૂલતો. આવી કૃપાથીજ પાપીઓ પવિત્ર થાય છે.

આ લઘુ પુસ્તકમાં એનું કઇ ચિત્ર આલેખવાનો પ્રયત્ન કર્યો છે. એ ચિત્ર સર્વથા સત્ય છે એમ કહેવાનો ઉદ્દેશ નથી તેમ એ સર્વથા અસત્ય પણ નથી.

× × × × × ×

રચનામાં, ભાષામાં કે શૈલિમાં કે વસ્તુમાં અનેક દોષો હશે. માણસ દોષ પાત્ર છે. માટે મ્હારા વિદ્વાન્ વાચક બન્ધુઓને હું પ્રાર્થના કરૂં છું કે ખુલ્લા હૃદયથી એ દોષોનો સત્કાર કરવા હમેશાં હું ઉત્સુક રહીશ.

છેવટે આ પુસ્તકને ઉદાર આશ્રય આપનાર સજ્જનો રા. બા. શેઠ કર્મસિંહ દામજી જે. પી., રા. રા. શેઠ વિસનજી માધવજી

હરિદાસ પ્રેમજી, રા. રા. શેઠ પ્રાગજીભાઇ દયાળજી હરિઆણી, રા. રા. શેઠ વલ્લભજી રામજી ઇબજી તથા અતિશ્રમ લઇ ગ્રાહકો મેળવી આપનાર મ્હારા પરમસ્નેહીઓ રા. રા. ભાઇ નેણુસિંહ ચાંપસિંહ તથા ઉમ્મરસિંહ, "લુહાણામિત્ર"ના આદ્ય પ્રકાશક ઠક્કુર આનંદજી મૂલજી નથ્થુ પાંદીના **મિત્ર** (જે નામ તે મિત્ર અત્રે જાહેરમાં આણવા દેવા ખુશી નથી) એમનો ઉપકાર માની આ પ્રસ્તાવના સમાપ્ત કરૂં છું.

ૐ शांति ! शांति !! शांति !!

કરાંચી	**ભવદીય**
તા. ૨-૭-૧૦.	**उद्धव.**

ગુજરાતી કાવ્યોના કેટલાક સંગ્રહો.

કુસુમમાળા—સચિત્ર (નરસિંહરાવ ભોળાનાથ કૃત)	૦—૮—૦
નૂપુરઝંકાર (નરસિંહરાવ ભોળાનાથકૃત ત્રીજો કાવ્યસંગ્રહ.)	૧—૦—૦
ગુજરાતી ગઝલીસ્તાન. (સાગર) ૨૬ ૦—૧૨—૦ ગ્લેઝડ	૧—૪—૦
હૃદયકુંજ (કુબ્જનાં કાવ્યોનો સંગ્રહ.)	૧—૯—૦
લલીતનાં કાવ્યો. (લલિત)	૦—૮—૦
કલ્લોલિની (દામોદર ખુશાલદાસ બોટાદકરનાં કાવ્યો.)	૦—૮—૦
ન્હાના ન્હાના રાસ (કવિ ન્હાનાલાલ)	૦—૪—૦
કેટલાંક કાવ્યો ભાગ ૧—૨ („) દરેકના	૦—૮—૦
હમીરજી ગોહેલ. (કલાપીકૃત)	૦—૮—૦
દલપત સતશાહી (દલપતરામ ડાહ્યાભાઈ કૃત ૭૦૦ દાષ્ટાંતિક દોહરા.)	૦-૪—૦
દલપતકાવ્ય ભાગ ૧—૨ („) દરેકનો	૧-૮—૦
કલાપીનો વિરહ (કવિ ત્રીભુવન પ્રેમશંકર કૃત)	૧-૪—૦
પ્રવાસ પુષ્પાંજલિ { સ્વ. હરિલાલ હર્ષદરાય ધ્રુવ કૃત યુરોપના પ્રવાસ વર્ણનનાં કાવ્યો.	૧—૮—૦
બ્રિટિશ રાજ્યની બલીહારી { ઉમીઆશંકર ખુશાલરાય કૃત ઇનામ લા. માટે મંજુર	૧-૦—૦
સુમનગુચ્છ (દોલતરામ કૃપારામ પંડયા કૃત)	૦-૧૦-૦
ઇંદ્રજીતવધ મહાકાવ્ય. („ „)	૧—૦—૦

જીવનલાલ અમરશી મહેતા,

ઠે. પીરમશારોડ; અમદાવાદ.

ॐ श्री हरिः

પાપ અને પશ્ચાત્તાપ.

પ્રકરણ ૧ લું.

——xx——

મધુર બાલિકા.

पडे परदेश अये दिलदार वालुडा !

जटिल.

સુવિશ્રામ સરોવરનું નિર્મળ પાણી આનંદ ઉછાળા મ્હારી રહ્યું છે, ગ્રિષ્મ ૠતુનો દિવસ છે, સાયંકાળનો સમય છે, સૂર્ય ભગવાન અસ્તાચળના દ્વારપર ઉભા-શાંત પ્રકાશ પાડતા બિડાઈ જતી કમિલિનીઓ તરફ જાણે આશાજનક દ્દષ્ટિથી જોતા હોય એમ જણાય છે. શાંત પણ આનંદમય, સૂર્યની રોશની જાણે આ જળતરંગ પર નૃત્ય કરતી હોય એવો ભાસ થાય છે. સરોવરની આસપાસના પ્રદેશમાં કુદરતદેવીએ અનેક રીતે કૃપા કરી જણાય છે. મ્હોટાં-વિશાળ બકુલ વૃક્ષો ચારે બાજુએ જાણે એક કોટની ગરજ સારી રહ્યાં હોય ! પવનના મંદ મદ ઝપાટાથી ઝૂલતી વૃક્ષોની શાખાઓ જાણે સ્વર્ગની સુંદરીઓને ઝૂલવાના હીંચકા હોય ! જૂદી જૂદી જાતનાં ફૂલોની લતાઓ બકુલ

વૃક્ષોની વચ્ચે સ્થળે સ્થળે જોતાં જાણે રાધા અને કૃષ્ણ ભગવાને પોતાની કુંજલીલા અહીંજ કેમ ન કરી હોય !

ઠેકાણે ઠેકાણે કાળા પથ્થરના મનોહર ઘાટો બાંધેલા છે. ઘાટો પર ન્હાની ન્હાની મૂર્તિઓ, તો કોઈ ઠેકાણે ન્હાનાં મંદિરો દેખાય છે. કોઈ ઘાટોપર પાલી ભાષાના લેખો કોતરેલા છે, અને તે ઉપરથી અનુમાન થાય છે કે આ ઘાટો બૌદ્ધોના વખતમાં બાંધવામાં આવ્યા હશે ! સરોવરથી દૂર-દશેક માઇલિપર પહેલાં એક સુંદર શહેર હતું પણ કાળે કરી ત્હેનો નાશ થઈ ગયો છે. હમણાં તો માત્ર અનંતપુર નામનું એક ન્હાનું ગામડુંજ બે માઇલિ ઉપર છે અને ઘણું કરી આ ગામડાના લોકો જ આ સરોવરનો લાભ લે છે કે માર્ગે જતા પથિકો જ પળવાર ત્હેને કાંઠે વિરામ લેવા બેસે છે.

હમણાં આ વૃક્ષોની ઘટામાં ચાર બાલિકાઓ આનંદવાર્તા કરતી-બાળચેષ્ટા કરતી જણાય છે. ચારે સાદા પણ સ્વચ્છ પોષાકથી શણગારાએલી છે. તેમની ઉંમર સમાન, આઠ કે નવ વર્ષની હશે. તેમાંની એક તે સૌથી સુંદર-સૌથી મોહક છે. સુંદર સ્વચ્છ લલાટપર ન્હાની ન્હાની કોમળ બાળ-લટો ઉડી રહી છે. મુખપર બાળપણની સ્વાભાવિક પવિત્રતા-નિખાલસતા જોનારના મનને આનંદ ઉપજાવે છે.

પળવાર તે ધીમી ગતિથી-મંદ હાસ્ય કરતા-નાચતા જલતરંગ તરફ જુએ છે; પળવાર પાસે દેખાતા વિવિધ રંગનાં પુષ્પો અને તેમાં વિહાર કરતા ભ્રમરો તરફ દૃષ્ટિ કરે છે; અને પળવાર તે આકાશમાં ખેલતા-નવીન પ્રકાશતા તારાના ઝૂમખામાં આનંદ લે છે; પળવાર એ સર્વેમાંથી દૃષ્ટિ ખેંચી લઈ વૃક્ષોની ડાળીઓપર બેસી ગાનાર પોપટ મેના આદિ પક્ષિઓના ગાન સાંભળવામાં તલ્લીન થઈ જાય છે. બીજી ત્રણે બાલિકાઓ આ મધુર બાલિકા તરફ વારંવાર જોતી-આનંદ લેતી જણાય છે.

"આવો આપણે એક માળા બનાવીયે?" એક બોલી.

"કોને માટે?" બીજીએ પ્રશ્ન કર્યો.

"એ તો...હું કહું...ના...પહેલાં બનાવો પછી"...ત્રીજીએ સમાધાન કર્યું.

'ઠીક, ત્હમે બે જણ જાઓ ફુલો વિણવા, હું અને ઈન્દુ બ્હેન માળા ગુંથિયે."

એ બાલિકાઓ હુકમનો અમલ કરવા તરતજ ચાલી ગઈ. મધુર બાલિકા–ઈન્દુમતી અને બીજી ચકોરી એક સ્થાને બેઠી. થોડી જ મિનિટમાં એક બાલિકા કેટલાંક ફૂલ વિણીને આવી, ઈન્દુમતી અને ચકોરી પાસે મૂક્યાં. એટલે તેઓ પણ કામમાં રોકાઈ. બાલિકા વધારે ફુલો લાવવા ચાલી ગઈ.

"ઈન્દુ બ્હેન, હવે કઇંકિ ગાઓ," ચકોરી આનંદથી બોલી.

"લ્યો ત્યારે," ઈન્દુએ કહ્યું ને ગાવા માંડયું—

"ક્યાં ગયો ઠગારો, કુડો કૂહાન રે,
રાધા ભમે છે કુંજ કુંજમાં રે,
ઘડીએ ઘડી બને બ્હાવરી રે,
ક્ષણે ક્ષણે જોતી વાટડિ રે.
તોય મનમોહન ન આવ્યો ધ્યાન રે,
ઘેલી થઇને ભમે રાધિકા રે."

ગોપીગીત લલકારતી આ મધુર બાલિકા ક્ષણે ક્ષણે ગાનના મોહમાં ખેંચાતી ભાન ભૂલી જતી, ન્હાનું પોતાનું માથું ડોલાવતી, પળવાર આનંદમાં મગ્ન થઈ જતી હતી. પાસે બેઠેલી ચકોરી પણ

આ પવિત્ર આનંદનો લાભ લેતી હતી. થોડેક દૂર પુષ્પ વિણુતી બાલિકાઓ પણ આ ગાન સાંભળતાં પુષ્પ વિણવાં ભૂલી જતી હતી.

ગાન સમાપ્ત થયું. બાલિકાઓ પુષ્પ વિણી રહી, ઇન્દુમતી અને ચકોરી બેઠી હતી ત્યાં આવીને બોલી, " ઈન્દુ બ્હેન, હવે ફરી ગાઓ અમે સાંભળીયે. "

" ના, હવે ત્હમે ગાઓ હું સાંભળું. " ઈન્દુમતીએ કહ્યું.

" ચાલો હવે બધી કુદડી ફરીયે. મ્હેં માળા ગુંથી લીધી. " ચકોરીએ પોતાનો અભિપ્રાય જાહેર કર્યો.

" ભલે, આવો ત્યારે. " પેલી બે બાલિકાઓ સાથે જ બોલી.

" પણ આ માળા કોને પહેરાવવી ? " ચકોરીએ પ્રશ્ન પૂછ્યો.

" ઇન્દુ બ્હેનને. " એક બોલી.

" ના, ના. " ઇન્દુ શરમાઈ ગઈ. શરમથી માથું નમાવ્યું અને સાથેજ ચકોરીએ સુંદર પુષ્પમાળા ત્હેને પહેરાવી. જાણે કોઈ દેવબાલિકા આ પૃથ્વીપર આવી હોય, એવી તે શોભવા લાગી.

આઠે નાજુક હાથ, એક બીજામાં મળ્યા અને ઝાંઝરનો ઝણુણાટ કરતી, કંકણુનો મીઠો અવાજ કરતી, આ બાલિકાઓ આનંદથી ફરવા લાગી. એક પછી એક મીઠા અવાજથી મધુર ગાયન ગાવા લાગી. સાંજનો શાંત સમય ! સરોવર પાસેનો સુંદર રમણીય પ્રદેશ ! પવિત્ર અંતઃકરણની બાલિકાઓનું ગાન ! આ સર્વ જાણે સ્વર્ગનું જ સ્મરણ કરાવતાં હોય !

પ્રકરણ ૨ જું.

જીવનસંધ્યા.

આશા—પ્રેમ પુષ્પમાં પૂરાઈ રહેલો મનરૂપી ભ્રમર ઇચ્છે છે કે સુખરૂપી સૂર્યનો પ્રાતઃકાળે ઉદય થશે, કમળ—પુષ્પની કળિ ઉઘડશે, અને ફરી એક વાર પવનમાં રમતા પુષ્પોના ઉરમાં બેસી મધ ચૂસવા તે ભાગ્યશાળી થશે. પણ કાલરૂપી ગજેન્દ્ર તે લતાનેજ પગથી કચડી નાંખે છે તો બિચારા રંક ભ્રમરની શી ગતિ! મનુષ્ય ઇચ્છે છે કે ત્હેનું જીવન સુખી થાય, ત્હેની સર્વ ઇચ્છાઓ તૃપ્ત થાય, આશાઓ ફલિભૂત થાય, સર્વ સુખસામગ્રીઓ ત્હેની સમક્ષ થાય, પણ વારંવાર એવી આશામાં તે ઠગાય છે, પસ્તાય છે, અને ત્યારે જ ત્હેને કાળના બળની કીંમત થાય છે, હરિની અકળગતિ સ્હમજાય છે.

એજ સૂર્યાસ્તનો વખત છે! સૂર્યનું તેજસ્વી સામ્રાજ્ય અદ્રશ્ય થાય છે, અને અંધકાર ધીમે ધીમે પ્રસરતો જાય છે. સુવિશ્રામ સરોવરની ઉત્તર દિશામાં છ સાત માઇલમાં વિશાળ પટ છે. જેમાં અનેક લીલા બગીચા—ખેતરો શોભી રહ્યા છે. સ્હામેજ આનંદગિરી નામની સુંદર ટેકરી છે. આ ટેકરીની ટોચ ઉપર ઉભા રહીને જો આસપાસના પ્રદેશ તરફ કોઈ દૃષ્ટિ કરે તો પ્રભુની રમ્ય પ્રકૃતિના સૌન્દર્યનું ભાન થયા વિના ન રહે. ગમે તેવા નાસ્તિકને પણ પળવાર તે વિશ્વવિહારી પ્રભુની કૃપા સમક્ષ માથું નમાવવાની જરૂર પડે. જગતમાં શાંતિ નથી એવું કહેનારને પળવાર શાંતિનું દર્શન કરવાની તક મળે.

અનંતપુરની શોભા પણ અહીંથી જોતાં કંઈ ઓર જ જણાય છે. સર્વત્ર લીલું છમ! તેમાં વચ્ચે થોડાક ઘરોના ઉપરના ભાગો જ

દેખાય છે. બાકી તો આમ્ર, જામ આદિ વૃક્ષોથી ઢંકાઈ રહેલા છે. આવી રમ્ય રચનાવાળું સુંદર આ ગામ જોનારને કોઈ પ્રાચીન ઋષિ-આશ્રમ કે બુદ્ધ મઠનું જ ભાન કરાવે છે. આ ગામમાં વસ્તી બહુ જ થોડી છે, અને તેમાંનો પણ ઘણો ભાગ ખેતી ઉપર જ રહે છે. જેઓ રંક કુટુમ્બ પ્રેમી અને ધર્મશીળ ભોળા પણ સાહસિક અને હીંમતવાન છે.

વાંચક ! આપણી કથાનો પડદો ઉપડે છે—આનંદગિરી ઉપરથી જ આપણી આ કથા શરૂ થાય છે. જો ! બે યુવાન સ્ત્રીઓ શિખર ઉપર ઉભી છે.

આનંદગિરી ઉપર એક ન્હાનું શિવાલય છે. સાંજે સવારે કેટલાક શ્રદ્ધાળુ સ્ત્રીપુરૂષો અહીં દર્શન કરવા આવે છે અને તે નિમિત્તે જ ત્હેમને આસપાસની પવિત્ર રમ્ય સૃષ્ટિલીલા જોવાનો લાભ મળે છે. માર્ગમાંથી પસાર થતા પ્રવાસીઓ પણ કોઈ વખતે આ શિવાલયમાં દર્શન કરવા જાય છે. આનંદગિરી ઉપર ચ્હડવા પ્રથમ કોઈ માર્ગ ન હોવાથી શ્રદ્ધાળુ લોકોને ઘણીવાર દુઃખ સહન કરવું પડતું હતું, અને એ જ કારણે કોઈ કોઈ તો જવાને પણ ભય પામતા. પણ થોડા વખત પહેલાં જ લાવણ્યપુરના એક વેપારીએ ત્યાં પગથીયાં ચણાવી આપેલાં હોવાથી આ સર્વ હરકત દૂર થઇ છે. તે શિવાલયમાં એક સાઠેક વર્ષનો સાધુ રહે છે, તે પ્રભુપ્રેમી અને પવિત્ર મનનો છે.

આ બે યુવાન બાળાઓ દર્શન કરવાને આવી છે. એકનો પોષાક તદ્દન સાદો છે. ઘરેણાં પણ માત્ર નામનાં—હાથમાં કંકણ અને નાકમાં નથ વિગેરે જાણે સૌભાગ્યનાં ચિહ્નો માત્ર જ રાખ્યાં હોય ! મુખ ત્હેનું સુંદર, મોહક છતાં તદ્દન શુષ્ક—તેજહીન—જગતના દુઃખથી કંટાળેલું હોય એમ દેખાય છે. એક જ પળે આનંદ દેખાડી—એક જ પળે સુખના સાગરમાં રમાડી બીજી જ પળે ઘોર અંધકારમાં ધકેલી

દેવામાં તે જગતન્નાથનો શો હેતુ હશે તે તે જ જાણે છે. ઇન્દુમતી, બાળપણમાં જેને આપણે આટલી સુંદર—આટલી મોહક, આટલી મધુર જોઇ હતી તે જ આ ઇન્દુ ! ત્હેનું યૌવન રૂપી પુષ્પ પૂરૂં ખીલ્યા પહેલાં જ, સંસારના પવનમાં રમ્યા પહેલાં જ કરમાઇ ગયું જણાય છે. સાથેની બીજી યુવાન સ્ત્રી તે તે જ ચકોરી છે. ત્હેના શરીરના અવયવો ખીલેલા જોબનના જોરથી વિકસેલા જણાય છે. દરેક અવયવમાં યૌવનરાજનું તેજ જળહળતું જણાય છે, છતાં તેમાં પણ સખિના દુઃખથી થતા શોકની છાયા પ્રત્યક્ષ જણાય છે.

“ઇન્દુ ! અનેક તારાઓ પૂર્ણ પ્રકાશથી પ્રકાશતા છતાં રાત્રિ તો અંધારી હો, એને તો ચન્દ્ર જ જોઇએ.” પ્રેમાળ વચનથી ચકોરી બોલી.

ઇન્દુમતીએ એક ઊંડો નિશ્વાસ નાંખ્યો, અને પછી દુઃખથી કૃષ થએલા પોતાના શરીર તરફ જોઇ રહી.

“શંકરને પુષ્પમાળા અર્પણ કરિયે તો પતિ પ્રસન્ન રહે ?” ભોળી ચકોરીએ બીજો પ્રશ્ન કર્યો. ઇન્દુમતિ આનો ઉત્તર પણ ન આપી શકી.

“પુરાણી કાકા વાત કરતા ને ?”

“ઇશ્વર ત્હેના ઉપર પ્રેમ રાખનારને બદલો આપે છે જે ત્હેને ચાહે છે ત્હેને તે પણ ચાહે છે. જે ત્હેનું સ્મરણ કરે છે ત્હેનું તે પણ વિસ્મરણ નથી કરતા. બાપુ! સંસારનાં સુખ આપવામાં જ માત્ર ત્હેની કૃપા પૂર્ણ થતી નથી.” શિવાલયનો વૃદ્ધ સાધુ આ બાળાઓ તરફ જોતો બોલ્યો.

“પ્રણામ કરૂં છું મહારાજ.” ઇન્દુમતી માથુ નમાવી બોલી.

“ત્હારૂં કલ્યાણ થાઓ બેટા !” સાધુએ શાંતિથી ઉત્તર આપ્યો.

“ઇન્દુમતી બ્હેન કાલેજ જવાનાં.” ચકોરીએ કહ્યું.

સાધુ ઇન્દુમતિના દુઃખી—શુષ્ક મુખ તરફ જોઈ રહ્યા. ઇન્દુ નિચું

જોઇ રહી. હેનાં નેત્રોમાંથી એક બે અશ્રુ સાથે પડ્યાં. દુઃખના કારણનું સ્મરણ થતાં દુઃખ કંઈક નવીન ભયાનક સ્વરૂપથી કલ્પનાક્ષેત્રમાં ખડું થયું.

"બેટા ઇન્દુ ! રડ ના ! શાંત થા ! શંકરની સમીપ જા ! જગત્‌દુઃખ હારી ભોળાનાથ ત્હારા પર દયા કરશે, ત્હારા દુઃખનો નાશ કરશે !" મહારાજ કરૂણા ભરેલા અવાજે બોલ્યા.

ઇન્દુમતી કંઇ પણ બોલવા અસમર્થ થઇ. હૃદયના ભારથી હેનુ મુખ ન ઉઘડી શક્યું.

"બેટા! જીવનનું પુષ્પ સહુને ખીલેલું એટલુ જ મળે છે ! કોઇકને જ કંઇક સુખ દેખાય છે, બાકી તો જગત્ આખું દુઃખમાં બળ્યા કરે છે! વિધિનો વ્યાપાર વિચિત્ર છે. જેમાં આપણે ભુંડું જોઇએ છીએ, જેમાં આપણે કષ્ટ જોઇએ છીએ, જેમાં આપણે અકલ્યાણ જોઇએ છીએ, તેમાં જ તે કલ્યાણકારી મહાદેવ આપણું કલ્યાણ જુએ છે. આ દુઃખમાં પણ તે દીનાનાથની કૃપાનું જ દર્શન કર !"

"મહારાજ ! તેમ કરવા હું અભાગણી છું, એ જ મ્હારૂ દુઃખ છે. ઘેલું મન જરાક જોતાં અદેખું બની મ્હને દુઃખી કરે છે. મહારાજ! એ જ મ્હને સંતાપ આપે છે." ઇન્દુમતી બોલી. બોલતાં ત્હેનું દુઃખ અનેક રીતે વધ્યું. આંખોમાં આંસુ ભરાયા. આંસુની ધારા હૃદયપ્રદેશને ભીંજવતી અંતરના ધગધગતા અંગારને પ્રગટ કરતી ભૂમિપર પડવા લાગી.

"ઇન્દુમતી ! ભાગ્યની ગતિ વિચિત્ર છે, જેને એક પળે તે રડાવે છે ત્હેને જ બીજી પળે તે હસાવે છે, રડવામાં—દુઃખમાં જે ધીરજ ખોઈ પાપનો—અધર્મનો અંગિકાર કરે છે, તે આ જગતમાં દુઃખી થઇ નાશ પામે છે. પણ દુઃખમાં—રડવામાં અડગ ધીરજ ધારણ કરી, તેમાં

જ જે શાંતિને જુએ છે તે સંસારમાં શાંતિ ભોગવી મુક્તિને પામે છે. બાપુ! શ્વાન હોય તે ત્હેના તરફ પથ્થર ફેંકનારને ન જોતાં પથ્થરને પકડવાનો જ પ્રયત્ન કરે છે. વનરાજ સિંહ પથ્થરને ન ગણકારતાં ફેંકનારને જ પકડે છે. ધર્મવીરો વિવેકથી સિંહ કર્તવ્ય કરી દુઃખને જ પકડી રડી બેસી ન રહેતાં એ દુઃખ સુખ ઉત્પન્ન કરનાર કર્મ સત્તાના ઉત્પત્તિસ્થાન રૂપ મનને પકડી શુદ્ધ–પવિત્ર કર્મોનું આચરણ કરે છે, દુઃખનું દહન કરે છે. બેટા! જગત્ અનાથ નથી. તું અનાથ નથી પણ સનાથ છે. સર્વનું રક્ષણ કરનાર પાલનહાર શંકર ત્હારૂં કલ્યાણ કરશે. જા ત્હેના મંદિરમાં. ત્હેની પ્રાર્થના કર!"

સાધુ ત્યાંથી બીજી દિશાએ ચાલ્યો. ઇન્દુમતી અને ચકોરી આટલું કહી શિવાલય તરફ વળી. ઇન્દુમતીએ શ્રદ્ધાથી મસ્તક નમાવી બળતા–દુઃખી અંતઃકરણથી શંકરની સ્તુતી કરી–શાંત રીતે સ્તુતી કરતી ઉભી રહી. ચકોરીએ પણ ત્હેની પાસે ઉભી રહી શંકરની સ્તુતી કરી ભોળાનાથને માળા ચ્હડાવી. અર્ધોક કલાક આ પ્રમાણે શિવાલયમાં ભગવત્સ્મરણ કરી આ બન્ને જણીયો બહાર આવી, થોડો વખત પડેલા એક આસન ઉપર ચારે તરફ ખીલેલી જગતલીલાને નિહાળવા બેઠી. અંધકારનું રાજ્ય પ્રતિક્ષણે વધારે પ્રબળ થતું જતું હોવાથી, તેમ જ જવાનું સ્થાન પણ એકાદ માઇલ દૂર હોવાથી તેઓ ઉઠી. બે ત્રણ પગથીયાં ઉતરી ત્યાં ઉભી રહી. સ્હામે દૂરના બગીચામાં ગવાતા કોઈ ગીતે ઇન્દુમતીનું ધ્યાન ખેંચ્યું:—

કયા કહું સખી બાત સુનાઇ,
રોવત રોવત રૈન ગુમાઈ.
અકળીત બાતાં સ્નેહકી ઇસ સુખ કહી ન જાય!
મુંગેકુ સ્વપના ભયા...હા...સમજ સમજ પસ્તાય.

પ્રકરણ ૩ જું.

—*—

દુઃખી જીવનનો અંત.

*वत्स त्वं तु दुर्नोष मेऽद्य हृदयं येनाङ्कशय्योचितः ।
क्रूरेणाकृतकृत्य एव विधिना दष्टोसि दैवाहिना ॥

(हरिश्चन्द्र.)

પ્રાતઃકાળના મન્દ-શીતળ પવનમાં રમતા સૂર્યની પ્રભાથી ખીલતા અનેક આશાઓના આનંદદાયક તરંગોમાં તરતા ઇન્દુમતીના મધુર, રમ્ય બાલમુખને જોયું, તે જ મુખને તદ્દન શુષ્ક શોકમય જગતના દુઃખોથી ગ્રસ્ત જોયું અને એ જ પવિત્ર મુખને આજે આપણે એથી પણ કંઇક વધારે ભયંકર સ્થિતિમાં જોઇએ છીએ.

જીવનનું સુખ કેવું છે? પ્રારબ્ધની ગતિ કેવી છે? કોઇને જે મૃત્યુ અનેક પ્રાર્થનાઓ કરે, અનેક વેદનાઓ સહે પણ નથી મળતું-તે જ મૃત્યુ બીજાને બાળપણમાં કે યૌવનના પ્રબળ આનંદ સમયમાં ઘેરે છે. લગભગ રાત્રિનો એક પ્રહર વીતી ગયો હશે. રાજનગરના એક મકાનના ન્હાના ઓરડામાં એક જ દીપક ઝાંખો ઝાંખો બળ્યા કરે છે. ઇન્દુમતી બેશુદ્ધ સ્થિતિમાં જમીનપર પાથરેલી પથારીપર સૂતી

---

* અર્થ-" હે વત્સ ! મ્હારા ખોળારૂપ શય્યામાં સુનારો તું તે કૃત કૃત્ય થયા પહેલાં જ ત્હને સર્પ જેવા ક્રૂર દૈવે દંશ દીધો તેથી મ્હને ત્હારી સ્થિતિ ખૂંચે છે.-(હરિશ્ચન્દ્ર.)

છે. શ્વાસની ગતિ સ્વાભાવિક હોય તે કરતાં ઘણીજ વિશેષ છે. ત્હેના માથા પાસે શોકગ્રસ્ત ચહેરાવાળી એક પ્રૌઢા સ્ત્રી બેઠી છે. જરામાં તે વ્યાધીગ્રસ્ત ઇન્દુમતીના મુખમાં ચમચા ભરી દુધ રેડે છે, જરામાં તે ત્હેને બોલાવવા પ્રયત્ન કરે છે; જરામાં ત્હેના માથા ઉપર–ત્હેના લલાટ ઉપર હાથ મૂકી, ત્હેનું મધુર કરમાતું મુખ જોઈ ભયંકર મૃત્યુની કલ્પના કરી રડી પડે છે. એક વૃદ્ધ સ્ત્રી ઇન્દુમતીના પગ પાસે લમણે હાથ દઈ બેઠી છે. જરામાં તે ત્હેની મીંચેલી આંખો તરફ જુએ છે, જરામાં ત્હેની નાડીની ગતિ તપાસે છે.

" ઇન્દુ ! ઇન્દુમતી ! જરા તો બોલ ! " માથા પાસે બેઠેલી પ્રૌઢા સ્ત્રી રડતાં રડતાં બોલી. ઇન્દુની આંખો ઉઘડી. ક્ષણવાર જ ઉઘાડી રહી અને ફરી મીંચાઈ ગઈ.

" ઇન્દુ બેટા ! ત્હને જોઇએ કંઈ? ત્હને કઈ ખાવાનું લાવું?" વૃદ્ધ સ્ત્રીએ કહ્યું. ઇન્દુનાં નેત્રો ઉઘડયાં. આ ફાની પાપી ક્ષણભંગુર જગત્ તરફ એકવાર ફરી જોયું. પણ મુખમાંથી એકે શબ્દ ન નીકળ્યો.

થોડો વખત આવી સ્થિતિમાં ગયો ત્યાં વૈદ્યરાજ આવ્યા. તે પણ ઇન્દુના સુંદર મુખ તરફ પળવાર દયાની દૃષ્ટિથી જોઈ રહ્યા. શ્વાસથી ઉછળતી છાતી તરફ એક જ પળ એ દૃષ્ટિ ટકી, પછી નાડી જોઈ. જીજ્ઞાસુ પ્રૌઢા સ્ત્રી ક્ષણે ક્ષણે વૈદ્યરાજના મુખ તરફ જોતી હતી. ત્હેના મુખપર નિરાશા જોઈ પોતે પણ નિરાશ થતી હતી.

" આજે સંભાળ રાખજો બ્હેન ! " વૈદ્યરાજે જતાં જતાં કહ્યું, " એજ ઔષધ નિયમીત રીતે પાજો. સ્થિતિ તો ત્હમે જુઓ છો."

આ વજ્ર જેવાં કઠિન વાક્યો સાંભળી તે પ્રૌઢા સ્ત્રી તો દીન

થઈ ગઈ. ઇન્દુ તરફ જોઇ તે રડવા લાગી. વૃદ્ધ સ્ત્રી તો ઉઠીને બહાર ચાલી ગઇ.

" હવે તો શ્યામસુન્દરને મોકલો." પ્રૌઢા સ્ત્રીએ ચાલી જતી વૃદ્ધ સ્ત્રી ઇન્દુમતીની સાસુને કહ્યું.

આ ઓરડાની બહાર દ્વાર પાસે જ એક યુવાન કંઇક ઉંડા વિચારમાં નિમગ્ન બેઠો હતો. શરીર ત્હેનું ઉંચું છતાં કંઇક વધારે પુષ્ટ દેખાતું હતું. મુખ ન્હાનું, આંખો ચકચકિત હતી, પોષાકમાં હમણાં માત્ર ધોતીયું અને પહેરણ જ પહેરેલાં હતાં. માથાપર કંઇએ વસ્ત્ર નહોતું. વૈદ્ય બહાર આવી આ યુવાન પાસે ઉભો રહ્યો.

" કેમ ? શું ધારો છો વૈદરાજ ?" ત્હેણે સવાલ કર્યો.

" માંદગી ગભીર છે." વૈદે ટુંકમાં જ ઉત્તર આપ્યો.

યુવાન મૌન રહ્યો. વૈદ વિદાય થયો.

" શ્યામ ! જા જરાવાર અંદર જઇ જોઇ આવ !" વૃદ્ધ સ્ત્રીએ યુવાન શ્યામસુન્દરને કહ્યું.

" હું ત્હને એકવાર કહી ગયો છું કે એ સંબંધી મ્હને ન કહેવુ."

" ગામમાં શું કહેવાશે ? આપણા ઘરની લાજને માટે શું કહેવાશે એનો તો વિચાર કર ! ત્હને ક્યાં કંઇ લેવું દેવું છે ? જરાવાર ઉભા રહી ચાલ્યા આવ્યા." માતાએ પુત્રને શિખામણ આપી.

મને કમને શ્યામસુન્દરને માતાની આજ્ઞા માથે ચ્હડાવવાની જરૂર પડી. તે ધીમે પગલે અંતરમાં ભય પામતો—જાણે કંઇક ત્હેના અંતરનો વિચાર—કંઇક ત્હેના પાપકૃત્યનો વિચાર—કંઇક ત્હેની મલીનતાની કલ્પના ત્હેને કંપાવતાં હોય !—અંતરમાં કંપતો તે ઓરડામાં દાખલ

થયો. વ્યાધીની પિડાથી છેલ્લી શાંતિની સમીપમાં જ સૂતેલી ઇન્દુમતીના મુખ તરફ જોવા લાગ્યો.

" ઇન્દુ ! વ્હાલી ઇન્દુમતી ! જો ત્હારા પતિ શ્યામસુન્દર ત્હને બોલાવવા ત્હારી પાસે ઉભા છે." તે પ્રૌઢા સ્ત્રીએ બહુ જ ઝીણા સ્વરથી કહ્યું.

ઇન્દુમતીનાં નેત્રો ફરી એક વાર ઉઘડયાં, ઉચું જોયું. જોયું–નિરાશ દૃષ્ટિએ જરાવાર જ જોયું. નેત્રો અશ્રુથી ભરાયાં અને મીંચાઇ ગયાં.

આ કરૂણાજનક દેખાવ જોઇ પ્રૌઢા સ્ત્રીનાં નેત્રોમાંથી ડળ ડળ અશ્રુઓ પડવા લાગ્યાં. "શ્યામ ! શ્યામસુન્દર ! આ ત્હમારી રંક પત્ની તરફ જુઓ ! એનાં માબાપ તો એને છેક ન્હાની મૂકી ચાલ્યા ગયા. પછી તો એના કલ્યાણનો–એના જીવનનો–આધાર ત્હમે જ હતા. શ્યામ! આ રંક બિચારીની સ્થિતિ સુધારવા ત્હમે કેવા અને કેટલા પ્રયત્નો કર્યા છે ? ત્હમે ધનવાન છો, વિદ્વાન્ છો, આ મરી જશે તો કાલે જ ત્હમને બીજી મળશે. આજે જ ત્હમને માગાં આવશે. પણ અમે......" તે આટલું બોલી ત્યાં કંઠ રૂંધાઇ ગયો. વધારે ન બોલાયું. તેની આંખમાંથી અશ્રુઓ વહેવા લાગ્યાં.

" શ્યામ ! શું ત્હમે આ ગરીબ અબળા તરફ ક્રૂરતા નથી કરી ? એણે શીર ઝૂકાવ્યું છે અને ત્હમે ત્હેનાપર ખંજર ચલાવ્યું છે. શ્યામ ! ત્હમને વધારે કહેવા મ્હારી છાતી ચાલતી નથી. ભલે ત્હમે વિદ્યાના, જ્ઞાનના, ચતુરાઇના, નીતિના સાગર હો, પણ તે સાગરનું પાણી ખારૂં છે. જુઓ આ પ્રવાસી રંક પંખીનું બચ્ચું એ સાગરના તીરપર બેસનાર, તેમાં એક ચંચુ પણ બોળ્યા વિના–જરા પણ જળનું પાન કર્યા વિના–નિરાશ થઇ ઉડી જાય છે." વળી તે રડી પડી.

"શ્યામસુન્દર ! મ્હને ક્ષમા કરજો. હું વધારે બોલી છું. સ્ત્રીજાતિનું

ધૈર્ય છોડી બોલી છું. બળતા હૃદયથી બોલી છું." તેણે રડતાં રડતાં કહ્યું.

શ્યામસુન્દર પાષાણની મૂર્તિ પેઠે સ્તબ્ધ થઇ આ સઘળું સાંભળતો ઉભો રહ્યો. જરામાં તે અશ્રુ લુંછતી પ્રૌઢા સ્ત્રી તરફ દૃષ્ટિ કરતો તો જરામાં ફરી બિડાઇ જતી કમલિની જેવી ઇન્દુમતી તરફ જોતો.

ફરી ફરી આંખો ઉઘાડતી ઇન્દુ શ્યામસુન્દર તરફ દયાજનક દૃષ્ટિથી જોતી. જાણે કંઇક કહેવાની કે કંઇક માગવાની ઇચ્છા રાખતી હોય!

"ઇન્દુમતી! ત્હારા પતિને તું કંઇ કહેવા ઇચ્છે છે?"

તે કંઇ પણ ન બોલી, પણ અશ્રુધારા કંઇક વધારે વેગથી ત્હેના બન્ને નેત્રોમાંથી ચાલવા લાગી.

પ્રકરણ ૪ થું.

—*—

પશ્ચાત્તાપનો પ્રારંભ.

*Oh souls deceived and creatures impious
Who from good do turn away your hearts,
And rest upon vanity your foreheads.

Dante's Divine Comedy.

इष्टा पूर्तं मन्यमाना वरिष्ठं
नान्यश्रेयो वेदयन्ते प्रमूढाः ।
नाकस्य पृष्ठे ते सुकृतेऽनु भूत्वेमं
लोकं हीनतरं च विशन्ति ॥+

(मुंडकोपनिषद्.)

---

* ભાવાર્થ—અહા ઠગાયલા જીવો અને અધર્મી પ્રાણીઓ, જેઓ પોતાનાં હૃદય ભલાઇ–પવિત્રતાથી દૂર કરો છો, અને મિથ્યા વ્યવહાર ઉપર ત્હમારા માથા ટેકવો છો,–મ્હને ત્હમારી દયા આવે છે. (ડેન્ટે)

+ મૂર્ખતાથી જેઓ જગતનાં કામોમાં જ વિજયને જુએ છે, જેઓ એમાં જ જીવનના અંતને જુએ છે, સંસારના ઉંચામાં ઉંચાં સુખો કરતાં બીજું કંઇ પણ ઉચ્ચ નથી એવું જેઓ માનનારા છે તેઓ ફરી હીનતર સ્થિતિને પ્રાપ્ત થાય છે. (મુંડકોપનિષદ્.)

વખત સાંજના ચાર વાગ્યાનો છે, ઈન્દુમતીને જે ઓરડામાં આપણે સૂતેલી જોઈ તે ઓરડો આજે શૂન્યવત્–સ્મશાન જેવો જણાય છે. કાલે જે કંઈ શોકમય દેખાવ જણાતો હતો તે પણ આજે નથી. રંક બિચારી ઈન્દુ આ સંસારમાંથી ગઈ! હેનું શરીર પંચતત્વને પામ્યું! આત્મા હેનો ક્યાં છે, ક્યાં જશે, તે જાણનાર, પ્રભુ જાણે! પણ રમ્યતા; પ્રેમ અને પવિત્રતાની મૂર્તિ આ સ્થૂલ નેત્રોથી નથી દેખાતી અને તેથીજ આ ઘર આજે જાણે નિસ્તેજ–શુષ્ક–અંધકારમય થઇ ગયું હોય!

શ્યામસુન્દર એકલોજ હમણાં અહીં બેઠો છે. એક પત્ર અર્ધો લખેલો સ્હામે પડેલો છે, અને સ્યાહીથી ભરેલી કલમ હેના હાથમાં છે. પત્ર તરફ દૃષ્ટિ કરતો તે કંઈ અતિ ગંભીર અતિ–ગહન વિચાર-માં નિમગ્ન થઇ જતો હોય, એમ હેની મુખમુદ્રા ઉપરથી જણાય છે. જરામાં વળી નિચે–મ્હોટે સાદે રડતી કૂટતી હેની માતા તેમજ અન્ય સંબંધી કે જ્ઞાતિની સ્ત્રીઓ તરફ–હેમના રડવા તરફ હેનું લક્ષ આકર્ષાય છે. હેને શું વિચાર થાય છે?

શ્યામસુન્દર કેટલોક વખત આવીજ સ્થિતિમાં બેસી રહ્યો, ત્યાં એક માણસ ઓરડામાં દાખલ થયો. આનું શરીર પાતળું, કૃષ, મુખ ફીકું અને નેત્રો તેજહીન જણાતાં હતાં. મુખપર શોક, દુઃખની છાયા પ્રસરેલી હતી. શ્યામસુન્દરની સ્હામેજ તેણે પોતાનું સ્થાન લીધું.

" શ્યામસુન્દર! આખરે ત્હમારી પત્ની બિચારી ગઈ! હરિ! હરિ! કોણજાણે પ્રભુ શામાં રાજી હશે? શું બિચારીએ સંસારનાં સુખ જોયાં?" આટલું બોલી તેણે એક ઊંડો નિસાસો નાંખ્યો.

શ્યામસુન્દર એક અક્ષર પણ ન બોલ્યો. નિચું જોઈ રહ્યો.

થોડો વખત તે આવનાર પણ શાંત રહ્યો. પણ તરતજ પત્રને જોઇ તેણે નવો પ્રશ્ન કર્યો, "આ પત્ર કોને લખો છો? સંબંધીઓને શોકસમાચાર લખતા હશો!"

શ્યામસુન્દરે આનો ઉત્તર પૂર્ણ ન આપ્યો જાણે કોઈ ગંભીર ચિંતાથી ઘેરાયેલો હોય! તેની પાસે કેટલાક પત્રો ખુલ્લા પડેલા હતા, આવનારની દૃષ્ટિ હવે એ તરફ ખેંચાઈ. શ્યામસુન્દર તરત જ ચેત્યો, અને કંઇક અંતરપ્રેરણાથી તેણે તરતજ સઘળા કાગળો એકઠા કરી લીધા. આવનાર આ દેખાવ કંઇક શંકાયુક્ત નજરથી જોઇ રહ્યો. અને આ નજર આ શંકા પણ શ્યામસુન્દરે જોઇ—અંતરની કંઇક વૃત્તિ જાણે તેને લજ્જિત કરતી હોય! જાણે ત્હેને નીચું જોવડાવવાનો પ્રયત્ન કરતી હોય! એમ ત્હેના લજ્જાયુક્ત ચ્હેરાપરથી જણાયું.

આ વખતે એક ત્રીજો માણસ આ ઓરડામાં દાખલ થયો. હાથ જોડી આ બે જણને નમસ્કાર કરી તેણે પોતાનું સ્થાન લીધું. આ માણસનું શરીર કદાવર, બળવાન, તેજસ્વી જણાતું હતું. મુખ પણ ગૌરવવાળું હતુ. પોષાક તદન સાદો છતાં સ્વચ્છ અને મોહક દેખાતો હતો.

પહેલા આવનારનુ નામ માધવલાલ હતુ, તેણે માથું નમાવી આ અતિથિનો સત્કાર કર્યો. શ્યામ તો નિચું જ જોઇ રહ્યો. તેણે કંઈ સત્કાર પણ ન કર્યો. તેને બોલવાનું સૂઝયું જ નહી.

"શ્યામ! આજે ત્હમારૂં ઘર સ્મશાનથી પણ વધારે શોકમય, વેરાન જંગલથી પણ વધારે શૂન્ય જણાય છે. કોઇનું સુભાગ્ય હરાઇ ગયું હોય! કોઇના ઘરનું તેજ અદૃશ્ય થયું હોય! એવું આજે જણાય છે. આસપાસની કુદરત પણ કેવી શોકમય ભાસે છે. જાણે એક

પવિત્ર આત્માના વિસર્જનથી હેને પણ શોક થતો હોય! શ્યામ-સુન્દર! મરનારના નિશ્વાસોથી ભરેલોજ જાણે આજનો પવન વાતો હોય! હરિ!! હરિ!! ઇન્દુ ગઇ! હે પ્રભુ! ગરીબાઇમાં ઉછરેલી, દુઃખમાં પોષાયલી, મહા દુઃખ વેઠી આજે ચાલી ગઇ! આખરે ગઈ—અને પવિત્ર કાર્યોનાં પવિત્ર હૃદયના ઉમળકાનાં થોડાંક સ્મરણો માત્ર કેટલાક જનોના હૃદયમાં આંકતી ગઈ!" તે આટલું બોલ્યો ત્યાં તેનાં નેત્રો સજળ થઈ ગયાં. વધારે બોલી નશક્યો—હૃદય ઉઘાડી રડી પડ્યો.

"કિશોરલાલ! દૈવની ગતિ વિચિત્ર છે. મૃત્યુ કોનાથી અટક્યુ છે?" શ્યામ ધીરજથી બોલ્યો.

"શ્યામ, સુરજ છાબડે ઢાંકવા પ્રયત્ન કરવો! સમુદ્રને છાતીના બળથી અટકાવવા યત્નવાન થવું એ જેમ વ્યર્થ છે, તેમજ હવે ત્હમારૂં હૃદય છૂપાવવું વ્યર્થ છે."

"ત્યારે શું આપને કોઇ મનુષ્ય માટે શકા છે?" માધવે પ્રશ્ન કર્યો.

"ના, શકા નથી પણ દૃઢ જ્ઞાન છે. પૂરેપૂરો વિશ્વાસ છે, અને તેથીજ આજે મ્હને ક્રોધ વ્યાપે છે. મ્હારી રગેરગમાં આજે શોક સાથે ક્રોધની પ્રબળ જ્વાળાઓ સળગે છે." કિશોરલાલે પ્રત્યુત્તર વાળ્યો.

"કોના માટે આપને ક્રોધ છે?" ઢીલે સ્વરે શ્યામસુંદર બોલ્યો.

"જો કોઇને પણ હું દૂષિત ગણુતો હઉં તો હેનેજ ગણું છું કે જે મ્હારી સ્હામે હમણાં ટગર ટગર જોયાં કરે છે. જેના મુખપર હૃદયના દંભ અને પાપની છાયા છૂપાવ્યા છતાં પણ નથી છૂપાતી. જેના મુખમાંજ મિઠાશ છે પણ હૃદય જેનું હળાહળ વિષથી ભરેલું છે, ઉપર ઉપરથી જે સાધુતા—પ્રેમ—પવિત્રતાનો ડોળ ઘાલે છે પણ

ખરેખર અંતરમાં જે નીચ–દુરાચારી, પાપી છે. મ્હને કોઇના ઉપર પણ ક્રોધ ઉત્પન્ન થતો હોય તો તે ત્હારા પર જ છે." ક્રોધથી કિશોરનું શરીર ધ્રુજવા લાગ્યું.

છેલ્લાં વાક્યો સાંભળી શ્યામસુંદરનાં ગાત્રો તદ્દન શિથિલ થઈ ગયાં. ઘરધણીને જોતાં ચોરનું મુખ નિસ્તેજ થાય તેમ શ્યામસુન્દરનું મુખ નિસ્તેજ-ફીક્કું પડી ગયું. લાલાસ ઉડી ગઇ! માધવ પણ સ્તબ્ધ થઇ ગયો. કિશોરનો જુસ્સો આગળ વધ્યો—

"ઇન્દુ તો ગઇ! તું અભાગિયા પાપીનું ઘર ત્હેને માટે યોગ્ય પણ ન હતું. તે વધારે પવિત્ર–વધારે વિશુદ્ધ સંસારમાં ગઈ! પણ શ્યામ, કર્મસત્તા બળવાન છે. આપણે સ્હમજી શકીએ તે કરતાં પણ ઘણી બળવાન છે. કર્મ થતાંની સાથેજ—ના તેની ઇચ્છા થતાંની સાથેજ પરિણામ રચાવા માંડે છે, અને ત્હારાં પાપકૃત્યનું પરિણામ પણ રચાવા માંડયું છે. એ પરિણામ જ્યારે ત્હને પ્રત્યક્ષ થશે, ત્યારેજ દૈવસત્તા–પ્રભુસત્તા શું છે તે તું જોઇશ! ત્યારેજ કર્મની ગતિ કેવી છે ત્હેની તું ગણના કરીશ. ત્યારેજ ઇન્દુમતીની પવિત્રતાને તું પૂજીશ! ત્યારેજ આજનો દિવસ કેવો ભયંકર છે તે તું સ્હમજીશ!"

"કિશોરલાલ! ધીરજ ધરો. કોઇના પર પણ આરોપ મૂકયા પહેલાં વિચાર કરો!" માધવે કિશોરને ઠંડો પાડવા પ્રયત્ન કર્યો.

"શ્યામ! ત્હારા દોષોની સાબીતીની હવે મ્હને કશી જરૂર નથી. હું સાંભળું છું, હું જાણું છું, હું જોઉં છું, ઇન્દુ આજે સ્વર્ગમાં ગઇ! અને સ્વર્ગમાં–સુખમાં–આનંદધામમાંજ તે ગઇ છે. કારણ કે દુઃખથી ત્હેનું હૃદય સ્થિર, પાપમુક્ત થઇ ગયું હતું. સ્વાર્થી–મોહાંધ પાપી સંસારનાં–પતિત વ્યવહારનાં અનેક ચિત્રો જોઇ, ત્હેનું હૃદય

વધારે ઉંચી સૃષ્ટિને જોવા જેટલું ઉદાર બન્યુ હતું. અને દુઃખના બદલામાં ત્હેને ઇશ્વિરી સ્નેહરૂપી બક્ષીશ મળી હતી. ત્હારો આજે દુર્ભાગ્યનો દિવસ ઉગ્યો છે. શ્યામ! શ્યામ! ખરેખર તેં એક રંક અબળાનું વિના અપરાધે ખૂન કર્યું છે."

શ્યામસુન્દર સ્તબ્ધ બેસી રહ્યો. એક અક્ષર પણ ઉચ્ચારવાનું ત્હેનામાં સામર્થ્ય ન રહ્યું.

"બસ! હવે હું જઇશ! મ્હારે ત્હારી પાસથી કંઈ પણ સાંભળવાની ઇચ્છા નથી. થનાર થઈ ગયું છે. ત્હેને માટે શોક થાય છે, અત્યંત ખેદ થાય છે, છતાં તે વ્યર્થ છે, પણ શ્યામ, ત્હારા ઉપર મ્હને દયા ઉત્પન્ન થાય છે."

જે દોષ છૂપાવવા—જે દોષને ગુપ્ત રાખવા—જગતથી ગુપ્ત રાખવા તેણે અનેક અનેક પ્રયત્નો કર્યા હતા, અને જેમાં તે ધારતો હતો કે કોઈ નથી જાણતું—એ જણ સિવાય કોઈ નથી જાણતું. તેજ દોષ આમ એકાએક ખુલ્લે ખુલ્લા શબ્દોમાં પોતાના એક દૂરના પણ સંબંધી અને સ્નેહીને મુખે સાંભળી ત્હેનો તે દોષ ત્હેને ઘણોજ ભયંકર સ્વરૂપમાં દેખાવા માંડયો. ત્હેના ગુપ્ત હૃદયભાગમાં અનેક વ્યાપાર સાથે સાથે થવા લાગ્યા. ઇન્દુના પવિત્ર ચરિત્રની જરાક પણ કલ્પના—ત્હેના દૂષિત જીવન—વર્તનનો વિચાર ત્હેને વધારે વધારે ગભરાવવા લાગ્યો. ઇન્દુના અનેક ગુણો ત્હેને અનેક રૂપે દશ્યમાન થવા માંડયા.

કિશોરલાલે જતાં જતાં કહ્યું, "શ્યામ! અનેક વખતે તેણે સ્મિત હાસ્ય કરી કે ત્હેની રંક દૃષ્ટિ ત્હારા તરફ નાંખી, ત્હારી દયાની, ત્હારા પ્રેમની યાચના કરી હતી! અનેક વાર તેણે ત્હારા શરણે પડી, ત્હારા ચર્ણ ચાંપી ત્હારી સેવા કરવાની ઇચ્છા દર્શાવી હતી, અને અનેક વાર પોતાનો શોક—પોતાની શોકમય લાગણી રડી રડી ત્હને

દર્શાવી હતી, અનેક વાર પોતાનાં નિર્મળ પ્રેમવાક્યોથી ત્હારા માટેનો ત્હેનો પવિત્ર ભાવ પ્રત્યક્ષ કરવા યત્નવાન થઈ હતી. પણ અંધજન-દુર્ભાગી અંધજન જેમ પુષ્પમાળાને પણ સર્પ જાણી ફેંકી દે, મૂર્ખ-જન રત્નને પણ પથ્થર જાણી ત્યાગ કરે, તેમ જેને ત્હારે પૂજવી જોઇતી હતી, જે મધુર પુષ્પની સ્થિતિ ત્હારા મસ્તિકપર થવી જોઇતી હતી, ત્હેનેજ–તે મધુર પુષ્પનેજ તેં પગ તળે કચડી નાંખી–ત્હેનો વિનાશ કરી મહા પાતક વ્હોરી લીધું છે; અને તેનું પરિણામ પણ ત્હારેજ ભોગવવું પડશે."

કિશોર ગયો. માધવ પણ સાથેજ ઉઠ્યો. શ્યામસુંદર મુગો બેસી રહ્યો. હૃદય પરથી લજ્જા રૂપી ભાર દૂર થતાં–ભયના કારણ રૂપ મિત્રો દૂર જતાં તે બેબાકળો જેવો બની ગયો. ત્હેનું મુખ દીન અને દયાજનક દેખાવા લાગ્યું. નેત્રો શૂન્ય થઈ ગયાં. હૃદયના ઉંડા પાપ વિચારે પશ્ચાત્તાપનું–પશ્ચાત્તાપના કટુ વિચારનું પ્રથમ દર્શન કર્યું. વિચારની પ્રબળતા જેમ જેમ વધી તેમ તેમ પાપનું સ્વરૂપ વધારે વધારે પ્રત્યક્ષ થતું ગયું, અને આખરે નેત્રોદ્વારા–અશ્રુદ્વારા તેણે માર્ગ લીધો ! હૃદયનો ભાર દૂર થયો, લજ્જા સંતાઇ ગઈ કે નાશ પામી. પળવાર માટે ત્હેનો દંભી દેખાવ દૂર થયો, અને એક ન્હાના બાળકની પેઠે તે રડવા લાગ્યો.

પ્રકરણ ૫ મું.

પૂર્વ કથા.

*તૃષા શુષ્ય ત્યાસ્ય પિબંતિ સલિલં સ્વાદુ સુરભિ
ક્ષુધાર્ત સન્ શાલીન્ કવલયંતિ શાકાદિ વલિતાન્ ।
પ્રદિપ્ત રાગાગ્નૌ સુદ્દઢ તરમાશ્લિષ્યતિ વધૂ
પ્રતીકારો વ્યાધેઃ સુખ મિતિ વિપર્યસ્યતિ જનઃ ॥
(ભર્તૃહરિ.)

§ I see the right and approve it too
Condemn the wrong and yet the wrong pursue.

બળવો હમણાં જ શાંત થયો હતો. છતાં ત્હેના ક્રૂર-હૃદયભેદક શબ્દો હજી કોઈ કોઈના સ્મરણક્ષેત્રોમાં તરતા હતા. મુસલમાનો અને હિન્દુઓના

---

* તૃષાથી મુખ સુકાતું હોય ત્યારે મનુષ્ય, મધુર અને સુગંધી જળનું પાન કરે છે, ક્ષુધાથી આર્ત થાય ત્યારે શાક વિગેરે સહિત ભાતનું ભોજન કરે છે, સ્નેહરૂપી અગ્નિ પ્રદિપ્ત થાય ત્યારે વધૂને આલિંગન કરે છે, એવી રીતે વ્યાધિના ઉપાયને આ સુખ છે એમ મનુષ્યો વિપરિત માને છે.—(ભર્તૃહરિ.)

§ હું ત્હને સત્ય જોઉં છું, અને ખરે! મ્હને ત્હેનો અનુભવ પણ થાય છે. અસત્ય, અધર્મને હું ધિક્કારૂં છું, છતાં અધર્મમય આચરણજ કરૂં છું. (એક પ્રાચીન રોમન કવિ)

કલહકુસંપ–વિગ્રહનો અંત આવ્યો હતો અને ઇંગ્રેજોના પ્રતાપી અમલ-નો પ્રારંભ થઈ ચૂક્યો હતો. સ્થળે સ્થળે પશ્ચિમના નવા શિક્ષણની શાળાઓ સ્થપાઈ ચૂકી હતી. ઇંગ્રેજી સુધારો, ઇંગ્રેજી રીતભાતો, ઇંગ્રેજી બુદ્ધિ અને ઇંગ્રેજી હુશીયારીએ આ દેશના અનેક વતનીઓની આં-ખોમાં નવું અંજન આંજવાનું કામ શરૂ કરી દીધું હતું. એક સમય-નો અંત આવતો હતો અને બીજાનો પ્રારંભ કાળ થયો.

આ વખતે શ્યામસુન્દરનો પિતા ધરણીધર લાવણ્યપુરમાં એક વ્યાપારી પ્હેડીમાં સાધારણ કારકુનની નોકરી કરતો હતો ત્હેની પેદાશ સાધારણ હતી. છતાં ખોરાકનાં સાધનો સસ્તા હોવાથી સાત જણના મ્હોટા કુટુમ્બનો નિભાવ તે પેદાશમાંથી તે કરી શકતો હતો. પણ ત્હેની ઇચ્છાઓ તો ગગનમાંજ રમતી હતી. ત્હેની આશાઓ તો શહે-રમાં પ્રખ્યાત થવાની–માન મેળવવાની–પૈસાથી મ્હોટા થવાની હતી. ભલે તેવી ત્હેની ઇચ્છાઓ અને આશાઓ હોય, ભલે એથી પણ ઉચ્ચ એના આશયો હોય, પણ તે સફલ કરવાના માર્ગમાં તે ભૂલ્યો હતો.

પાપકર્મ ન કરવું, અન્યનું અહિત મનથી, વાણીથી કે કર્મથી ન કરવું, એમાંજ ગૌરવ છે; તે કરીને છૂપાવવામાં–માઠું કરી સારૂં બતાવવામાં ગૌરવ નથી. ધરણીધર ગમે તે કરતો છતાં તે લોક સમક્ષ જવા ન દેવું, એમાં જ તે સર્વસ્વ માની લેતો, આટલું જ નહી પણ લોકોમાં સારૂં મનાવવા–શુદ્ધ અને પવિત્ર આચરણ બનાવવા પ્રયત્ન કરતો. પોતાના હેતુને પોષવા તે ન્યાતના અને રાજ્યના કારભારીઓ, ગા-મના વ્યાપારીઓ, બ્રાહ્મણો, આચાર્યો વગેરેમાં આબરૂ જાળવવા હમેશાં પ્રયત્નશીળ રહેતો. પ્રસંગ આવે તન કે મનની મહેનત કરવી પડે તો તે પણ કરતો. કોઇને ત્યાં વિવાહ હોય કે મૃત્યુ પ્રસંગ હોય તો

તે જરૂર, ગમે તેવું કામ મૂકીને પણ દોડી જતો. કોઈ ધનવાન કે વગવાળા માણસની માંદગી પ્રસંગે પણ આ જ રીતે હાજર થતો. આ રીતે હેની ઓળખાણ વધી. તેમજ ભલમનસાઈ માટે કીર્તિ પણ ગવાવા લાગી. ધનવાનો, વિદ્વાનો, કામદારો, અમલદારો હેને માન આપવા લાગ્યા. સાધારણ માણસો હેને એક પ્રામાણિક, શાંત, પરગજુ પ્રેમી માણસ તરીકે પિછાણવા લાગ્યા, અનેક જનો–અનેક ભોળા વિશ્વાસુ જનો હેને પોતાની મિલ્કતો સોંપી જતા. કેટલાક લોકો હેને પોતાની ગુપ્તમાં ગુપ્ત વાતો પણ કહી દેતા. અનેક જનો પોતાના કજીયા પતાવવા એનેજ મધ્યસ્થ નીમતા.

આ પરાર્થમાંજ, આ પરગજુપણામાંજ હેના સ્વાર્થની સૃષ્ટિ ઉદય પામી, અને તેમાં તે ફાવ્યો. અનેક રંક જનોના ધનનો તે પોતાને માટેજ ઉપયોગ કરવા લાગ્યો. બે પક્ષોમાં મધ્યસ્થ નિમાય તો એકને આડકતરી રીતે બીજાની સ્હામે ઉશ્કેરતો, બીજાને, ભોળા પક્ષને મીઠું મીઠું બોલી પોતાના હાથમાં રાખતો. આમ બન્ને પક્ષોને સંભાળથી પોતાના હાથમાં રાખી વાંદરો ને બે બિલાડીઓના ન્યાયે આડકતરી રીતે હેમને ખબર ન પડે તેમ પોતાનો સ્વાર્થ સાધતો. આવા કામો કરવામાં, સ્વાર્થ સાધવામાં તે ઘણોજ સાવચેત રહેતો, અને પોતાનો સ્વાર્થ જાહેર ન થાય હેને માટે ખૂબ સંભાળ રાખતો. કોઇ વખતે કંઈ ભોગ આપવો પડે તોપણ આપતો. યશને બટ્ટો ન લાગે હેનીજ તે ચિન્તા કરતો.

તે મહીનામાં બે વાર સત્યનારાયણની કથા બેસાડતો. વરસમાં બે ત્રણ વાર ભાગવત્ કથા કરાવતો. એકાદ બે વાર બ્રાહ્મણો–પોતાને ઉપયોગી થાય તેવા બ્રાહ્મણોને જાતજાતનાં ભોજનો જમાડતો. અમલદાર વર્ગને જૂદી જૂદી રીતે રાજી રાખતો. આથી હેની કીર્તિ બહુજ

થોડા વખતમાં નગરમાં તેમજ આસપાસનાં ગામોમાં પ્રસરી ગઈ. હવે ત્હેને નોકરી કરવાની જરૂર ન રહી. વ્યાપારમાં જોડાયો—ત્યાં પણ ઉપરા ઉપરી લાભો થવા લાગ્યા. તેથીજ ભોળા લોકો કહેતા કે, 'ધર્મીને તો ભગવાન સહાય કરે. રંકમાંથી રાય થયો, ધનાઢ્ય થયો તોપણ બોલ-વાની નમ્રતા—મીઠાશ તો એવીજ. ધન્ય છે એની જનનીને, આ પ્રમાણે હમણાં તો આને સર્વ રીતે અનુકૂળતાજ મળવા લાગી.

ઇશ્વરની લીલાને કોણ સ્હમજી શકે છે, પાપીનો વિજય કરી પળવાર તે ત્હેને અંધ બનાવી દે છે, ભોળા બિચારા મનુષ્યો, અસત્ય માર્ગે જનારા, એમાંજ અંજાઇ જઇ એવું ધારી બેસે છે કે આવી સ્થિતિ હમેશાં રહેશે; અને સ્વભાવથી જે સર્પ છે એવા પાપ આચા-રને મિત્ર કરી દુધ પાય છે, ઉછેરે છે, અને પોતાને હાથેજ પોતાના દુઃખની યોજના કરે છે. પોતાને હાથેજ પોતાના પગમાં કુહાડો મારે છે. કાળના દેખાતા રમ્ય પડદાની પાછળ છૂપેલા ત્હેમના અપકૃત્યના પરિણામ-ની કલ્પના પણ ન કરનારા આ ઠગાયલા જીવો આખરે મહા પશ્ચાત્તાપમાં પડે છે. અનેકને પાપના પશ્ચાત્તાપથી રડતા જુએ છે, ઇતિહાસોમાં—પુરાણોમાં પાપ અને તેથી થતા પશ્ચાત્તાપના અનેક દાખલાઓ વાંચે છે, પોતાના ન્હાનામાં ન્હાના કામનું પણ સારૂં કે માઠું પરિણામ આવતું અનુભવે છે, છતાં આસુરી સંપત્તિના, આસપાસ ભમતા પ્રબળ અંધ-કારથી ઘેરાયેલા આવા અંધ જીવો પોતાના પાપ માર્ગમાં વધારે દુઃખ ભોગવવાનેજ આગળ વધે છે. ધરણીધરને સર્વ તરફથી સર્વ રીતે વિજય જ દેખાતો હતો. તે પરમાનંદની સમીપ પોતાને સ્હમજતો, અને તેથીજ આ માર્ગમાં તે આગળ વધતો હતો. દુર્ભાગીને સર્વ રીતે દુઃખ તેમજ પાપીને પણ સર્વ દિશામાં પાપ! તે માત્ર લોકોને ઠગવાથીજ

ત્હેની દૃષ્ટિ જવા લાગી. આ વખતે ત્હેની ઉંમર ત્રીશ વર્ષની હતી. લોકોને બતાવવા તે પોષાક હમેશાં સાદો પહેરતો, છતાં, કોઇકનું મન રીઝવવા તે અનેક પ્રકારની સુગંધી વસ્તુઓ વાપરતો, રાત્રિને વખતે પોષાક પણ કંઇક ભપકાદાર પહેરતો. આ દુષ્ટ માર્ગમાં પણ કર્મસત્તા ત્હેને સાનુકૂળ થઇ. તે રાતોની રાતો હવે આવાં સ્થાનોમાં ગુજારવા લાગ્યો, અને આ પ્રકારનું સુખ પણ હવે યથેચ્છ ભોગવવા લાગ્યો. સર્વ પાપકર્મોનું ફળ ત્હેને આમાંથીજ જણાયુ.

એક પાપ માત્ર પોતાના રક્ષણ માટે સેંકડો ને વખતે હજારોને સાથે લાવે છે. અને એક પાપની રક્ષા કરવાને લોકોથી–છૂપાવવા સેંકડોનું આમંત્રણ કરાય છે. હજી સૂધી તેમ થયું નહતું. ધરણીધરનો આ સમય પૂર્ણ પ્રકાશતો હતો. ધરણીમાંથી શ્રીમાન ધરણીધરભાઇ થયા હતા. અનેક લોકો ત્હેની સલાહ લેવા આવતા. અનેક રંક જનો, તે સ્હામે રામ રામ કરે તોપણ પોતાનું અહોભાગ્ય માનતા. અનેક જનો ત્હેનાં વખાણ કરવામાં કલાકોના કલાકો કહાડતા, કોઇક ચતુર જનો ત્હેનું પોગળ જોવા પણ પામતા છતાં ભયથી કે ત્હેની પ્રતિષ્ઠાથી તેઓ ત્હેની વિરૂદ્ધ એક અક્ષર પણ બોલી શકતા નહિ.

કુદરતના કયા કયા કાયદા ક્યારે ક્યારે અને કેવી રીતે કાર્ય કરે છે એનું તો અમને જ્ઞાન નથી. પણ જે સાંભળ્યુ છે, જે થોડુ કંઇક જોયું છે, તે જ કહેવડાવે છે કે, હરામના પૈસાનો ઉપયોગ પણ હરામમાંજ થાય છે. અને એ પૈસાનો ઉપયોગ કરતાં, એમાંથીજ ઉત્પન્ન થતા વ્યાધિઓને અપવિત્ર ઇચ્છાઓને તૃપ્ત કરવામાં અનેક પ્રકારનો ભોગ અપાય છે. શરીરની ઇન્દ્રિયો–મનની શક્તિઓનો નાશ થાય છે. ‘ બકરી કહાડતાં પેસે ઉંટ ’ એ રીતે એક લેતાં હજાર આપવાનો પ્રસંગ આવે છે.

ધરણીધરને હવે મદિરાની પણ ટેવ પડી એટલે વિષયાદિ દુર્ગુણો અનેક રીતે વૃદ્ધિ પામ્યા. રાતોની રાતો રસવિહારમાં જવા લાગી.

ત્હેની પત્નીનું નામ સુલક્ષણા હતું. ત્હેને પતિના વર્તનની કીર્ત્તિની કે સુખની બહુજ થોડી ચિન્તા હતી. તે પૈસાનેજ જોતી. પૈસાને ધનને જોઈ આનંદમગ્ન થઇ જતી. અમુક અમુક ઘરેણાં પહેરવામાં—અને પતિથી છૂપાવી ધનનો સંગ્રહ કરવામાંજ તે પોતાને કૃત કૃત્ય માનતી. પતિ તરફથી જો ત્હેને ઇચ્છાનુસાર ધન મળે, ઘરેણાં મળે તો તે બીજી કોઇ પણ પંચાતમાં પડતી નહી. ધરણીધર ત્હેના આ સ્વભાવને બરોબર સ્હમજતો, અને એકઠું કરી પણ સંગ્રહ કરે છે માટે ભલે સંગ્રહે એવા વિચારથી ત્હેને પણ રાજી રાખવા, અને બહાર સારૂં બતાવવા, તે સુલક્ષણાની ધન સંબંધી માગણી કોઇ વાર તૃપ્ત કર્યા વિના રહેતો નહી. ત્હેને કુમાર્ગે ચાલવામાં અને બહાર કીર્તિ જાળવવામાં આમ ઘર તરફથી પણ કંઇ અગવડ નડતી નહી. જાણે ઇશ્વિર પણ ત્હેને આ કુમાર્ગે ચડવા દેવામાં સહાયતાજ કરતો હોય.

ત્હેની સંતતિમાં સ્યામસુન્દર એક પુત્ર, અને એક પુત્રી ત્હેનાથી ન્હાની હતી. સ્યામસુન્દરની ઉમર પંદર વર્ષની હતી. પુત્રી કમલા છ વર્ષની હતી.

આવો વખત અને આવા માણસના છોકરા સગપણ થયા વિના રહે એ હિન્દુ સંસાર કેમ સહન કરી શકે ? અને આજ રીતે સ્યામસુન્દરના સગપણ માટે પણ ધરણીધર અને સુલક્ષણાને અનેક ચિન્તાઓ કરવી પડતી. તેઓને પુત્રની ન્હાની સુંદર પત્નીને જોવાની તિવ્ર જીજ્ઞાસા હતી.

રાજનગરમાં પ્રેમભૂષણ નામનો કીર્તિવાન વ્યાપારી રહેતો હતો.

તે પ્રમાણિક, સત્યનિષ્ટ અને ધર્મપ્રેમી હતો. આજના વ્યાપારીઓનું કહેવું છે કે અસત્ય આચરણ વિના વ્યાપાર થાયજ નહી. પણ પ્રેમભૂષણનો સિદ્ધાંત હતો કે અસત્યથી વ્યાપાર થાય નહી, સત્યમાંજ જય છે. સત્યમાંજ બળ છે. નારાયણ પછીજ લક્ષ્મી છે. તે કોઇ પણ વખતે ઠગાઈ, અસત્યતા કે અપ્રમાણિકતા કરતો નહી. ગ્રાહકોની ખુશામત પણ ત્હેને અપ્રિય હતી. તે માત્ર જૂજ ફાયદો લઇ એકજ ભાવ કહેતો. થોડો વખત તો મૂર્ખ લોકો ત્હેની હાંસી કરતા, ત્હેની નિન્દા કરતા, ત્હેને દંભી લુચ્ચો કહેતા, પણ સત્ય કંઇ હમેશા છૂપું રહેતું નથી. છેવટે સત્યનો જય થાય છે. ધીમે ધીમે લોકોનો વિશ્વાસ ત્હેના તરફ દૃઢ થયો; અને વ્યાપારમાં પણ લાભ થવા લાગ્યો. બાળક હોય કે સ્ત્રી હોય, યુવાન હોય કે વૃદ્ધ હોય પણ તે સર્વ તરફ સમાન વર્તણુક રાખતો. વ્યાપારમાંથી પરવાર્યા પછી તે હરિ ભજનમાં કાળ ગાળતો. લોકોનો વિશ્વાસ વધ્યો, તેમ ગ્રાહકો પણ વધ્યા, વ્યાપાર અને ધનની પણ વૃદ્ધિ થઇ. આસપાસનાં ગામડાંમાં તેમજ મ્હોટાં શહેરોમાં પણ ત્હેની કીર્તિ પ્રસરી.

ત્હેની પત્ની મનોરમા સ્વભાવે અતિ રંક—ભોળી—પવિત્ર અંતઃકરણની અને પ્રભુપર પ્રેમ રાખનારી હતી. તે પતિને પ્રસન્ન રાખવા હમેશાં પ્રયત્નવાન રહેતી. પતિને અનેક રીતે રીઝવી વખત આનંદમાં વ્યતીત કરતી. આ પવિત્ર દમ્પતિને પ્રથમ તો કંઇ બાળક ન થયું. પ્રેમભૂષણની ચાળીસ વર્ષની ઉંમરે ત્હેને એક પુત્રી થઇ અને ચાર વર્ષ પછી બીજી પણ પુત્રી થઈ. પહેલીનું નામ નિરૂપમા અને બીજીનુ ઇન્દુમતી હતું.

આ બન્ને બાલકીઓમાં માબાપના પવિત્ર ગુણો અનેક રીતે ન્હાનપણમાંજ પ્રકટ થવા લાગ્યા હતા. બન્ને પવિત્ર અંતઃકરણની—નિ-

ખાલસ વૃત્તિની અને મધુર વાણી બોલનારી હતી. મ્હોટી નિરૂપમાનું લગ્ન ત્હેની બાર વર્ષની ન્હાની વયે હેમચન્દ્ર નામના એક ધનવાનના પુત્ર સાથે કરવામાં આવ્યું. હેમચન્દ્ર સ્વભાવે શુદ્ધ અને વિદ્યાપર પ્રેમ રાખનારો હતો. ન્હાની ઇન્દુને માટે પણ ભોળા માબાપોને ચિન્તા હતી, ત્યાં શ્યામસુન્દરને માટે માગું આવ્યું. ધરણીધરના ઘરની કીર્ત્તિ આ કુટુંબથી છાની નહી હતી અને તેથીજ આવું ઘર અમને ક્યાંથી મળે–જોઇતું હતું ને વૈદે બતાવ્યું–આવા વિચારોથી માગણી સ્વીકારી. નિરૂપમાનું સુખી જીવન જોયું અને ઇન્દુના સુખી ભવિષ્યની આશા રાખી. આ સમયમાંજ પવિત્ર અંતઃકરણનો પ્રેમભૂષણ વિશૂચિકાના રોગથી એકાએક આ સંસારનો ત્યાગ કરી પ્રભુના પવિત્ર શરણમાં ગયો. મનોરમા અનાથ થઈ, એટલે અનંતપુર નામે ગામડામાં આવી રહી. પાસે ધન હતું તે પોતાના ભાઇ પાસે રાખ્યું. હવે તે પ્રભુભજનમાં કાળ ગાળવા લાગી. સંતોષથી રહેવા લાગી. ઇન્દુમતીને પવિત્ર સંસ્કાર પાડવા માટે ત્હેને સંતોષનો પાઠ શીખવવા માટેજ આ સતી–આ પવિત્ર વિધવા પતિના મૃત્યુ પછી ત્રણ વર્ષજ જીવી. નિરૂપમા અને ઇન્દુમતીનું ભવિષ્ય ભયંકર હતું પણ તે જોવાને આ સાધ્વી સૃજાયલી. ઇન્દુ નિરાધાર થશે. રંક બિચારી એની સંભાળ કોણ કરશે આવી અનેક ચિન્તાઓ છતાં મનોરમાએ પણ આ નાશવંત દેહનો ત્યાગ કર્યો. પ્રભુની ઇચ્છાજ સફળ થઇ. માતાની ચિન્તાઓ ત્હેની ઇન્દુ માટેની આશાઓ વ્યર્થ ગઈ.

જેમાં મનુષ્ય સુખ જુએ તેમાંજ ત્હેનું મ્હોટામાં મ્હોટું દુઃખ છૂપાયલું હોય છે. જેને માટે તે અનેક પ્રયત્નો કરે છે તેમાંજ ત્હેને નિરાશ થવાનો વખત આવે છે. એમાંજ જગત્‌કર્ત્તાની ગહન ગતિ છે.

અનાથ બિચારી ઇન્દુ હવે મામાને ઘેર રહેવા લાગી. હમણાં

ન અટક્યો. હવે તે આગળ વધ્યો. શહેરની મોહિની સુંદરીઓ તરફ ત્હેની ઉમર માત્ર નવ વર્ષની હતી. ત્હેનો મામો કાશીરામ સ્વભાવે સરળ અને પ્રેમી હતો. પોતાને બે પુત્રો અને એક પુત્રી હતાં. ત્હેમની પેઠેજ તે ઇન્દુને પ્રેમથી ચહાતો, પણ ત્હેની પત્ની ક્રોધી અને કર્કશ સ્વભાવની હતી. તે કોઈ વખતે-જ્યારે આનંદમાં હોય ત્યારે ઇન્દુને ઘણાજ વ્હાલથી બોલાવતી. પણ કોઇ વખતે બાળકો લ્હડે ત્યારે કે કાશીરામ ઈન્દુને પ્યારથી કંઇ વસ્તુ લાવી આપે ત્યારે ઇર્ષાખોર સ્ત્રી ગુસ્સે થઇ જતી. "તું તો અમારાપર ભારરૂપ છે, જનમતાંજ માબા-પને લીધા, મામાનું એ કોણ જાણે શું કરશે," આવાં કઠણ વાક્યો કહેતી. ગરીબ બિચારી ઇન્કુમતી ઉંડા નિસાસા નાંખી રડતી. હૃદય ઉઘાડીને રડતી, અને પ્રારબ્ધપર આધાર રાખી, ભવિષ્ય ઉપર આશા બાંધી આ રંક દુઃખી બાલિકા કાલક્ષેપ કરતી.

કોઈ વખતે બ્હેન નિરૂપમાને ત્યાં જતી, પણ અધુરામાં પૂરૂં બિચારો હેમચન્દ્ર દોડતી ગાડીમાં બેસતાં પડી ગયો. પૈડું ત્હેની છા-તીના ડાબા ભાગપરથી ચાલી ગયું; ને તે તત્કાળ મરણ શરણ થયો. સુખ દુઃખની ભાગિની પત્નીને એક વચન પણ કહ્યા વિના, ત્હેના જીવનની કંઇ પણ વ્યવસ્થા કર્યા વિના, યુવાનીની અનેક કલ્પના-ઓના ફળોનું દર્શન કર્યા વિના, બિચારો હેમ ચાલ્યો ગયો! નિરૂ-પમા વિધવા થઇ! હેમચન્દ્રનો પૈસો હતો પણ તે લુચ્ચા કામદારો ને ભાગીદારોજ પચાવી ગયા. નિરૂપમાના ભાગમાં ઘરનો સામાન અને ઘરેણાંજ કાયમ રહ્યાં. ત્હેને જેવું સુખ હતું તેવુંજ દુઃખ થયું. સુખ તો ક્ષણભરના સ્વપ્નની પેઠે ઉડી ગયું, અને દુઃખ વિવિધ પ્રકાર-નાં ભયંકર રૂપો ધારી સ્હામે ઉભું રહ્યું. શ્વશુર પક્ષ તરફથી આ અનાથ વિધવાનું રક્ષણ કરે એવું કોઇ નહતું. તેમ પિતૃ પક્ષ તરફથી

મામોજ માત્ર હતો. આશ્વાસન આપવા થોડો વખત તે ત્હેને પોતાને ઘેર તેડી ગયો; પણ હમેશાં તો ત્યાંએ શી રીતે રહેવાય?

દુઃખ આવે છે ત્યારે એકલું નથી આવતું; તે અનેક સાથીઓને સાથે લાવે છે. મનુષ્યની શક્તિ કે ધીરજ નથી જોતું, તે મનુષ્યના ધર્મ કે પ્રભાવ નથી જોતું. આનંદી, પવિત્ર પ્રેમભૂષણનું કુટુમ્બ આમ છિન્ન ભિન્ન થઇ ગયું. પરમેશ્વરના પવિત્ર ન્યાયી રાજ્યમાં કેવા વિપરીત નિયમો પ્રવર્તતા હશે! એકજ પળે જે હસે છે, આનંદસાગરમાં સ્નાન કરે છે, દુઃખનુ જેને સ્વપ્ન પણ નથી, તેજ બીજી પળે રંક દુઃખી અને દરિદ્રી થઇ જાય છે. નિરૂપમા અને ઇન્દુમતીની આ વખતની દુઃખદ સ્થિતિનું વર્ણન કરવું અશક્યજ છે. દુઃખીની હૃદયસ્થિતિને શબ્દોમાં કોણ સ્થાન આપી શકે? દુઃખની કીંમત તે જ કરી શકે, બીજાનું દુઃખ તે જ સ્હમજી શકે, કે જેણે એકવાર પણ દુઃખ જોયું હોય!

નિરૂપમા આ દુઃખથીજ વ્યાધિગ્રસ્ત થઈ. મામાની પાસે એક ઘરમાં રહી, પણ કોઇ ત્હેની સંભાળ રાખતુ નહીં. કોઈ ત્હેને ઔષધ પાતું નહીં. તેને આ જીવન ભારરૂપ થવા લાગ્યું. ક્ષણે ક્ષણે તે મૃત્યુનેજ આમંત્રણ કરતી, માતાને બોલાવતી, સૌના તાત-નાથનું સ્મરણ કરતી. ન્હાની ઇન્દુમતી નિશ્વાસો નાંખતી-રડતી બ્હેનના બિછાના પાસે બેસી રહેતી.

ત્હેમની પાસેજ એક રંક ખેડૂતનું ઘર હતું. ત્હેની પત્ની આ બ્હેનો ઉપર મમતા રાખતી. ત્હેની પુત્રી ચકોરી વારંવાર આવી નિરૂપમાના સમાચાર પૂછતી. કોઈ વખતે પાસે બેસી પોતાની સાદી સરળ ભાષામાં પ્રભુના નામના સત્સંગના બે ભજનો ગાઇ, આ દુઃખીને આશ્વાસન આપવા પ્રયત્ન કરતી. નિરૂપમા કંઇક સારી થઈ.

* તબ લગિ કુશલ ન જીવ કહું સ્વપ્ને હું મન વિશ્રામ
જબ લગિ ભજન ન રામકે શોક ધામ તજી કામ.
રામ સુમર.........જીવ. અભાગી..........

એક રાત્રે તે બેઠી હતી, નિરાંતે પોતાના જીવન–દુઃખી જીવનનો વિચાર કરતી બેઠી હતી; ત્યાં ઉક્ત વાક્ય ત્હેને સંભળાયું, તેણે કંઇક જોયું. નિદ્રાવશ થઈ ગઇ. ઇન્દુમતી ત્હેની પાસેજ સૂતી હતી, તે પ્રાતઃ કાળે જાગી ત્યારે નિરૂપમાને ન જોઇ. ક્યાંક બહાર ગઇ હશે એમ ધારી તપાસ કરી પણ ત્હેનો પત્તો લાગ્યો નહીં. ક્યાં ગઇ તે કોઇને ખબર નથી. લોકો વિવિધ વિચારો દર્શાવવા લાગ્યા. કોઇ કહે સતી થઇ, નાશી ગઇ, કોઇ કહે બુડી મરણ પામી, કોઇ કહે મામીના દુઃખથી કંટાળી આપઘાત કર્યો, કોઇ કહે સાધુની પાછળ વટલી ચાલી ગઈ! ઇન્દુ મામાને ત્યાંજ દુઃખમાં રહેવા લાગી. પ્રેમભૂષણના કુટુમ્બનો આ દુઃખી અંતર જોઇ, આ ઇતિહાસ અહીંજ અટકાવી આપણી દૃષ્ટિ હવે ફરી ધરણીધર તરફ વાળીશું.

ભોળો બિચારો ધરણીધર એમ ધારતો હશે કે મ્હારાં પાપકૃત્યો હું હમેશાં છૂપાવવાને ભાગ્યશાળી થઇશ; હું જગતમાં સર્વ રીતે વિજયવાન થઈશ. પણ તે માત્ર ધારણાજ હતી; તે માત્ર ખોટી ભ્રમણાજ હતી. તે માત્ર પ્રારબ્ધનો ખેલજ હતો. પાપકૃત્યનું ફળ મળેછેજ. એમાંજ તે ન્યાયી પ્રભુનો ન્યાય છે; તેમાંજ પ્રકૃતિની પવિત્રતા છે. દશ લાંબાં વર્ષ–ત્રણ હજાર ને છસો દિવસ આ જગતને પોતાની મોહજાળમાં તે ભમાવી શક્યો, પણ આખરે સત્યનો જય થયો. બે ચાર જણ જેમની મિલ્કત એણે પચાવી હતી, થોડાક જન કે જેમને જુઠું બોલી પોતાની જાળમાં લીધા હતા, તેઓ સ્હામા થયા. વેરી-

* રામાયણ સુંદરકાંડ.

ઓને જોઇતો લાભ મળ્યો. જેઓ એક વાર ત્હેને પૂજતા હતા, જેઓ એક વાર ત્હેની પ્રશંસા કરતા હતા, તેઓજ હવે ત્હેની નિંદા કરવા લાગ્યા, તેઓજ ત્હેને ખરાબમાં ખરાબ ગાળો ભાંડવા લાગ્યા.

"હાથીના દાંત દેખાડવાના એક અને ચાવવાના બીજા. ભાઇ! "આ કળિયુગ છે. કળિયુગની ભલમનસાઈ મ્હોટાઇ–પ્રમાણિકતા પણ "કળજુગીજ. બોલવામાંજ મિઠાશ રાખી એટલે થયું. આ ધનવાન "થયા છે તે રંક લોકોને લુંટવાથીજ, ગરીબોને પજવવાથીજ, વિધવા- "ઓની મિલ્કત પચાવી પાડવાથીજ. અને ત્હેનું પરિણામ પણ જુઓને ? "–કર ને જો. બધુ અહીંનું અહીંજ છે. જુઓ એનું શરીર. તેજ તો "અસ્ત થઈ ગયુ છે. કંઇક રોગથી પિડાતો હોય એમ જણાય છે. "બ્હેનને સારે ઠેકાણે આપી–ધન જોઈ આપી–તોપણ ધણી વિષયી– "નીચ, અને બિચારી રડતાં રડતાં દિવસ કહાડે છે. પાપનો બદલો જો "પ્રભુ ન આપે તો એને માને પણ કોણ ?"

આવાં આવાં અનેક વાક્યો ત્હેની પાછળ લોકો બોલવા લાગ્યા. ત્હેના શરીરમાં અનેક વ્યાધિઓ દાખલ થયા ને નિર્બળતાથી તે વધારે વધારે પ્રબળ થવા લાગ્યા. રાત દિવસની ચિન્તાએ આ વ્યાધિઓને પોષણ આપ્યું. પ્રતિષ્ટા ગઈ. હવે લાવણ્યપુરમાં રહેવું ત્હેને બહુજ મુસ્કેલ થયું. અને પૈસાનો વ્યવહાર છ એક માસમાં પૂરો કરી, પોતાનો પૈસો એકત્ર કરી તે નિવૃત્તિ માટે રાજનગર જઈ રહ્યો. ત્યાં તે કંઇક સારો થયો. એટલે ફરી પોતાના દુષ્ટ પ્રયત્નોમાં આગળ વધ્યો. કુદરતથી તે ન જોવાયું. તે ગાંડો થઈ ગયો, અને થોડાજ વખતમાં ત્હેનો અંત આવ્યો.

ઇન્દુની સ્થિતિ આપણે જોઇ ગયા, અને શાન્તાની સ્થિતિ પણ

તેવીજ થઇ. પણ આનું ભાગ્ય ભયંકર હતું. આના ભવિષ્યના દુઃખના સાધન રૂપ પિતા પુત્ર માટે બે લાખ રૂપીયાની મોટી મિલ્કત મૂકી ગયો. શ્યામસુન્દરની ઉંમર માત્ર અઢાર વર્ષની હતી, એટલે સુલક્ષણાએ મિલ્કતની વ્યવસ્થા પોતાની બુદ્ધિ અનુસાર કરી.

શ્યામસુન્દરનો અભ્યાસ ચાલુ હતો. ત્હેનામાં પણ ધરણીધરની પેઠે બોલવાની છટા અનુપમ હતી. વાંચનમાં કંઈ પણ સારૂં–મોહક વાક્ય આવે તો તે તરતજ પાઠ કરી લેતો. કોઈ સ્થળે વ્યાખ્યાન સાંભળે તો વક્તાની બોલવાની ઢબ તે આબેહુબ અનુકરણ કરી દેખાડતો. તે હમેશાં મધુર બોલતો. પોતે હસતો અને મિત્રોને હસાવવા પ્રયત્ન કરતો. હમેશાં કોઇને કોઇ નવી હસવાની વાત શોધી લાવતો. આથી ત્હેના સહાધ્યાયી મિત્રો ત્હેને ચહાતા. શિક્ષકો પણ ત્હેના તરફ ભાવ રાખતા. રમતો પણ રમત તરફ ત્હેનું ધ્યાન થોડું રહેતું. કલાકોના કલાકો તે શાળાનાં અને બીજાં પુસ્તકો વાંચતો હતો. સ્મરણશક્તિ સારી હોવાથી ત્હેને યાદ કરવાની વધારે કડાકૂટ કરવી પડતી નહોતી. દરેક વર્ષે તે પરીક્ષામાં ઉંચે નંબરે પસાર થતો અને ઇનામ મેળવતો.

દરેક માણસમાં અમુક સદ્ગુણો હોય છે તેમ દુર્ગુણો પણ સાથે જ વસે છે. શ્યામસુન્દરનામાં પણ ઉપર બતાવેલા અનુપમ સદ્ગુણો સાથે દુર્ગુણો પણ હતા. પોતાની ખરાબ વૃત્તિને પણ સારામાં સારા રૂપમાં બતાવવાની કળા, પોતાને વિદ્યાર્થી વર્ગમાં મ્હોટા મનાવવાની–વાતોની છટાથી વિદ્યાર્થીઓનાં મન રિઝવી કીર્તિ મેળવવાની કળા–ખોટી કીર્તિ પ્રાપ્ત કરવાની કળા–વિદ્યાર્થીઓ પાસેથી પોતાની પ્રશંસા કરાવી છતાં પોતાને તે પસંદ નથી એવું દેખાડવાની કળા, વગેરે અનિષ્ટ ચેષ્ટાઓ પણ આ નવયુવાનના હૃદયમાં ખીલતી હતી. શું તે પ્રયત્ન કરી આ ચેષ્ટાઓને ખિલવતો હતો?

ના, કોઇ સ્ટીમના આધારે—કોઇ માનસિક વિજળીક શક્તિના બળથી, હૃદયના કોઇ પ્રબળ સંસ્કારોના બળથી, તે આવા દુર્ગુણોને પણ પોષતો હતો-તે પોતેજ આપો આપ પોષાતા હતા. આ અજ્ઞાન બાળક ત્હેમનું સ્વરૂપ સ્હમજી શકતો નહી. તે આ દુર્ગુણો છે એમ સ્હમજતો પણ નહી. તે તો આમ માન મળતું જોઇ આનંદ પામતો, ને વધારેને વધારે તે આ માર્ગમાં આગળ વધતો.

દુધમાં માખણ છે અને માખણમાં ઘી છે. કાષ્ટમાં અગ્નિ છે. પણ તે અમુક ક્રિયાઓથીજ પ્રદિપ્ત થાય છે. કસોટી વખતે પ્રત્યક્ષ થાય છે. માતા અને પિતાના સદ્ગુણો અથવા દુર્ગુણો બાળકમાં આમ દુધ-ઘીની રીતે ઓતપ્રોત હોય છે. એક બીજમાંજ આખા વૃક્ષના સંસ્કારો હોય છે. ભૂમિમાં તો માત્ર ત્હેને પોષવાનીજ કેટલીક શક્તિઓ હોય છે, આ નિર્વિવાદ છે. સિંહનાં બચ્ચાંને ભલે બાળપણથીજ બીકણ બકરાંના ટોળામાં મૂકવામાં આવે, ભલે થોડો વખત તે ત્હેમના જેવું પણ થઇ જાય-ભીરૂ, કાયર બની જાય, પણ એક વાર સિંહને જોતાં, ત્હેની ગર્જના સાંભળતાં, પોતાના બળનું ત્હેને નક્કી ભાન થશે. વીર માતા પિતાના પુત્રને જન્મ્યા પછી બે ચાર મહિને કે બે ચાર દિવસેજ ભલે લઇ જાય અને કાયરોની સાથે રાખે તોપણ ત્હેની વીરતાના ગુણો વખત આવે પ્રકટી નીકળશે. તેમજ કાયરને-કાયર જનોની સંતતિને કદાચ મહાવીરોની સાથે બાળપણથીજ રાખવામાં આવે, વિવિધ પ્રકારનાં અનેક શસ્ત્રો અસ્ત્રો વાપરવાનું ત્હેને જ્ઞાન આપવામાં આવે, વીરતાનાં હજારો પોથાં ત્હેની પાસે વાંચવામાં આવે; અને કદાચ ત્હેની વાણીમાં પણ વીરવાક્યોની ગર્જના થાય, તોપણ રણ-દુંદુભિ વાગતાં, રણનાં વાદિત્રોનો ધ્વનિ થતાં, રણ-ગર્જના થતાં, વીરને જે આનંદ થશે, વીરના હૃદયની જે સ્થિતિ થશે તેજ સ્થિતિ તે કાયર-

ના હૃદયની થશે, એમાં તો કોઇનાથી ના નહી કહેવાય. બગલાને ભલે ન્હાનપણથીજ હંસના ટોળામાં ઉછેરવામાં આવે, કદાચ ત્હેમને જોઇ ત્હેના અંતઃકરણથી તે પોતાનો નીચ આહાર મૂકી પણ શક્યો હોય, છતાં પોતાના ભાઇ બગલાઓને જ્યારે તે આહારમાં પ્રવૃત્ત થયેલા જોશે, ત્યારે ત્હેને ઇચ્છા પણ નહી થાય, તે ત્હેમના તરફ વિરાગ વૃત્તિથી જોશે, એમ કહેવું એ તો સાહસજ થશે.

અમારો કહેવાનો આશય એવો નથી કે સંસ્કારબળ પાસે મનુષ્ય નિર્બળજ છે દુઃખ મનુષ્યને બદલાવે છે, ત્હેના ગુણોને કેળવે છે; સત્સંગ ત્હેને સુમાર્ગે દોરે છે. તોપણ સંસ્કાર મહા બળવાન છે. આપણે સ્હમજી શકીએ તે કરતાં પણ બળવાન છે. જાણે અજાણે પણ તે ફળદાયી થાય છે; તો જ્યાં માબાપોના સહવાસથીજ–એવા જ કુસંગથી એ સંસ્કારોને પોષણ મળે અને પછી ફૂળે તેમાં તો નવાઇ જ શી ?

હમણાના વખતમાં ગ્રન્થકારો, વક્તાઓ, રાજદ્વારી ચર્ચા ચલાવનારાઓ કિંવા અન્ય વિદ્વાન્ પ્રસિદ્ધ જનો ઉપર લોકો તરફથી વારંવાર આક્ષેપ મૂકવામાં આવે છે કે ત્હેમની કહેણી અને રહેણીમાં ઘણો તફાવત છે, ત્હેમના વિચારો જેટલા ઉદાર તેટલાજ ત્હેમના આચારો સંકુચિત છે. આ દોષ વાસ્તવિકજ છે. પણ તેમાં સર્વ રીતે આ પ્રસિદ્ધ જનો દૂષિત હોય એમ નથી. વિદ્યાર્થી અવસ્થાથી ત્હેમના સસ્કારોને માત્ર રંગ લાગ્યો છે, પણ અંતર ભાગ, મૂળ તો એનું એજ છે. વિદ્યાથી માત્ર ત્હેમના વિચારો રચ્યા છે. ત્હેમને નવીન વિચારો અર્પણ કર્યા છે, પણ આચારોને બહુજ થોડા પ્રમાણમાં ફેરવ્યા છે. સંસ્કારોને ફેરવવામાં–આસુરી સંપત્તિનો જય કરી દૈવિ સંપત્તિનું પવિત્ર રાજ્ય સ્થાપન કરવામાં, મહા મહેનતની જરૂર છે. સૈંકડો વર્ષોથી પડેલા

સંસ્કારોનો એકદમ નાશ કરવામાં મહા પ્રયત્નની જરૂર છે—અનેક સંકટો સહેવાની–ઘણા ઘણા ભોગો આપવાની જરૂર છે. અને તેમ ન થવાથી જ આજના વિદ્વાનોની વિદ્યા ઘણોજ થોડો પ્રકાશ પાડી શકે છે.

સ્યામસુન્દર પણ બિચારો ઉન્મદની પેઠે, અજ્ઞાનની પેઠે આ સંસ્કાર બળથી ખેંચાતો જતો હતો. ધીમે ધીમે તેના માત પિતાના બીજા સંસ્કારો પણ પ્રકટ થવા લાગ્યા. સત્તર વર્ષની ઉમરે મેટ્રિક પાસ થઈ તે કૉલેજમાં દાખલ થયો. બીજી ભાષા પરશિયન હતી. મહાકવિ હાફીઝની સુફી ધર્મની પ્રેમ ગઝલો ચાલતી હતી.

પ્રોફેસર સાહેબ પણ આ પ્રેમધર્મને ત્હેના ખરા સ્વરૂપમાં બતાવવા જેટલા સમર્થ નહોતા; તેમ સમર્થ થવા તે પ્રયત્ન પણ નહોતા કરતા. વસ્તુના ગુણ અને અવગુણ ત્હેના ગ્રાહકની વૃત્તિ ઉપરજ છે. એકજ વસ્તુ જો એકને પ્રાપ્ત થાય તો ત્હેને જીવનદાતા થાય છે એજ વસ્તુ અન્યને પ્રાપ્ત થતાં ત્હેના પ્રાણનાશના કારણ રૂપ થાય છે. એક રત્ન જો ઝવેરીને મળે તો ત્હેની કીંમત લાખોથી પણ વધારે થાય છે, એજ રત્ન જો એક અજ્ઞાન ભિખારીને પ્રાપ્ત થાય તો પથ્થરની પેઠે ફેંકી દેવાય છે. સ્યામસુન્દર આ પ્રેમ, તે સ્ત્રી પુરૂષનો ક્ષુદ્ર પ્રેમ જ સ્હમજ્યો. તે પોતાની વૃત્તિ પ્રમાણેજ અર્થ કરી શક્યો. ત્હેને આમાં રસ પડવા લાગ્યો. તે આવા પ્યારનાં પુસ્તકો વાંચવા લાગ્યો. આ પ્યારનાં ઇંગ્રેજી કે ઉર્દુ કાવ્યો આનંદથી જોવા લાગ્યો. એજ રસના મિત્રો સાથે ફરવા ઉત્સુક રહેવા લાગ્યો. ત્હેનો શોખ વધ્યો, બહુજ જડપથી આ શોખ વધ્યો. હવે તે સુંદર બાળાઓ તરફ ધારી ધારીને જોતો, ત્હેમનું રૂપ તપાસતો. વાંચેલા સૌન્દર્ય સાથે ત્હેમની સરખામણી કરતો, અને પ્રસંગ આવે ત્હેનું વર્ણન પણ કરતો. ત્હેના જોવાનો,

વિચારવાનો અને વાત કરવાનો વિષય આ જ થયો. અભ્યાસમાં પણ તે આવું આવુંજ જોતો; બાકી તો ન ચાલે થોડું થોડું ઉપર ઉપરથી જોઇ જતો.

વય વધતાં વિચારો પણ આગળ વધ્યા, અને આ રસ ત્હેને વધારે વધારે પ્રિય થતો ગયો. યુવાન—નવયુવાન બાળાઓ બેઠી હોય ત્યાંથી પસાર થવામાં, ત્હેમની વાતો થતી હોય તે સાંભળવામાં, ત્હેમની મધુર ચેષ્ટાઓ જોવામાં તે આનંદ માનતો થયો.

રાજનગરમાં ત્હેને કેટલાક મિત્રો પણ મળ્યા હતા. માધવલાલ નામનો ત્હેનો મિત્ર હતો. સર ટી. માધવરાવ યોગ્યજ કહે છે કે;

The longer one lives, observes and thinks, the more deeply doos he feel. There is no community on the face of the corth which suffers less from Political eviles and more from self inflicted or self accepted and therefore avoidable eviles than the Hindu communly.[1]

રંક બિચારા માધવની સ્થિતિ પણ ઘણીજ દયાજનક હતી. શરીર અને મનના રોગથી પિડાતાં માબાપો પોતાની ક્ષુદ્ર વાસના-

---

૧ જેમ કોઇ મનુષ્ય વધુ જીવે છે, તેમ તે વધુ જુએ છે, વધુ વિચારે છે, વધુ અનુભવે છે. પૃથ્વીની સપાટી પર જો કોઇ પણ પ્રજા રાજ્ય તરફનાં દુઃખોથી થોડે અંશે પણ પોતેજ ઉત્પન્ન કરેલા અથવા પોતેજ કબુલ કરેલા, કે પોતે રચેલા અને તેથીજ ત્યજી શકાય એવાં દુઃખોથી પિડાતી હોય તો તે હિન્દુ પ્રજા છે.

(રાજા સર ટી. માધવરાવ.)

ઓને વશ થઈ સંતતિ ઉત્પન્ન કરી જગતને કેવું બિહામણું-દુઃખમય બનાવી દે છે? પ્રેમથી ઉત્પન્ન કરેલા, પ્રેમથી પોષેલા બાળકોને પોતાનેજ લીધે આ જગત્ રૂપી અંધકારમય વનમાં કેવી દુઃખદ રીતે ભટકવું પડે છે, હેનું ભાન માબાપોને થોડુંજ હોય છે.

માધવનો પિતા શરીરે નિર્બળ અને ન્હાનપણથીજ રોગી હતો, હેને બાળકો થતાં પણ બાર માસ કે બે વરસ જીવવા કોઇકજ ભાગ્યશાળી થતું. હેની પત્ની આને કંઇ દૈવનો દોષ કે પિતૃઓની નડતર સ્હમજતી. જ્યોતિષિ બ્રાહ્મણો પાસે, ફકીરો પાસે કે ઠગ સાધુઓ પાસે તે દોરા ધાગા વખતો વખત કરાવતી હતી.

પુત્ર સંતતિ ન હોય એ હિન્દુ માબાપોને સ્વર્ગના દ્વાર બંધ થયા જેવું જણાય! રોગી થાઓ, નિરૂદ્યમી થાઓ, કંગાળ થાઓ, મૂર્ખ થાઓ, કે શઠ થાઓ, પણ પુત્ર તો જોઇએજ. માધવની માતા પોતાના વાંઝિયાપણાનો વિચાર કરી વારંવાર રડતી. "ન થતા હોય તો એકજ દુઃખ પણ થઇને મરી જાય એ કેમ સહેવાય? હશે કોઇ અમારા પૂરવનાં કરમ, જે ભોગવ્યા વિના છે છૂટકો?" એવા એવા અનેક ઉદ્ગારો હેની સંબંધી કે અન્ય સ્ત્રીઓ પાસે તે વારંવાર કહાડતી. હેની ઉમર ત્રીશેક વર્ષની હતી છતાં શરીરમાં વયના પ્રમાણમાં તેજ રહ્યું ન હતું. તે વારંવાર બિમાર પડતી. જૂદી જૂદી જાતના ઓષધો ખાતી. કોઇ પણ સાધુ કે ફકીર આવે તો તરતજ ત્યાં દોડી જતી. જ્યોતિષી બ્રાહ્મણોનો હમેશાં સત્કાર કરતી. શનીવારે અને મંગળવારે હનુમાનને તેલ ચ્હડાવતી. સોમવારે મહાદેવના એકટાણા કરતી. તે શિવાય પીર પયગંબરો દેવદેવીઓની તેણે અનેક માનતાઓ કરી હતી. પણ કંઇ વળ્યું નહી. આખરે એક મહા પ્રતાપી સાધુ

આવ્યાના સમાચાર સાંભળ્યા. આનંદથી તે ત્હેની પાસે ગઇ. દશ રૂપીઆ લઇ એક દોરો કરી આપ્યો, અને ત્હેના પતિને હાથે બાંધવાની આજ્ઞા કરી. ભોળી તે સ્ત્રીએ સાધુની આજ્ઞાનો સત્કારથી અમલ કર્યો.

ઇશ્વિર કૃપાએ કે તે સાધુની સાધનાથી કે ત્હેનાં કર્મ બળે આ મ્હોટી ઉમરમાં મંદભાગિની તેને પુનઃ આશાનાં સુચિહ્નો જણાયાં. બન્ને દમ્પતિ આનંદ પામવા લાગ્યાં. નવ મહિને માધવનો જન્મ થયો. માતાપિતાના આનંદનો પાર ન રહ્યો બે માસ તો વીત્યા. આનંદમાં વિત્યા. પણ ત્રીજા માસની શરૂઆતમાંજ બાળક શરદીથી ઘેરાયો. માબાપ બિચારા રડવા લાગ્યા. તેમને અનેક આવા સંજોગોમાંથી પસાર થવું પડયું હતું, એટલે આ વખતે પણ આશા ત્યજી નિરાશ થઈ ગયા. ઇશ્વિરની ઇચ્છા કોણ જાણે શું હશે ? પ્રભુએજ ત્હેને આવી સખત બિમારીમાંથી ઉગાર્યો. ઔષધો—અને જૂદી જૂદી જાતના વિલાયતી ખોરાકોથી ત્હેનું શરીર પોષાવા લાગ્યું, બે ત્રણ વર્ષની ઉંમર થઇ. તે મંદ મંદ હાસ્ય કરી ઘેલી ઘેલી વાતો કરી પ્રેમથી ઘેલા થયેલા માતપિતાનાં મનને રીઝવવા લાગ્યો. ત્હેમને મન તો જાણે સ્વર્ગજ આવી કેમ નહિ આ દુઃખી જગત્ ઉપર વસ્યું હોય ! જાણે પૂર્વ જન્મને કોઇ મહા પુણ્યનુ ફળજ ત્હેમને આ જન્મમાં મળ્યું હોય !

માધવની ઉંમર સાત વર્ષની થઇ. મૂખ પીળું અને નિર્બળતા સૂચકજ લાગતું. હવે તે શાળામાં મોકલવા યોગ્ય જણાયો. આનંદથી ત્હેને શાળામાં મૂકવામાં આવ્યો. માબાપની ઘેલી આશાએ હવે કંઇક નવીન સ્વરૂપ લીધું. વૃદ્ધાવસ્થામાં અનેક માનતાઓથી અને કષ્ટો વેઠયા પછી પ્રાપ્ત થયેલો પુત્ર સાત વર્ષનો થાય અને લગ્ન વિના બેસી

રહે, લગ્ન તો શું પણ વેવિશાળ ન થાય, એ હિન્દુ માબાપો માટે થોડી ચિન્તાનું કારણ ન કહેવાય. ચિન્તાથી મુક્ત થવા પુત્રઋણ અદા કરવા પ્રયત્ન પણ થયો. બ્રાહ્મણો દોડાદોડ કરવા લાગ્યા. કંઇને કંઇ સમાચાર દરરોજ મળવા લાગ્યા. ચારેક માસની મહેનત પછી અને ત્રણસો ચારસો રૂપીઆના ખરચ પછી, માધવનું સગપણ ત્હેનીજ ઉમરની એક કુમારિકા સાથે થયું.

માધવનું મગજ ઘણું નબળું હતું. ગુજરાતી અભ્યાસ કરતો ત્યારથીજ એક શિક્ષક રોકવાની જરૂર પડી હતી. અને એ શિક્ષકની મદદથી તો કઇક નિશાળના શિક્ષકોને લાંચો કે ભેટો આપવાથીજ તે ગુજરાતી પાસ કરી શક્યો હતો. પણ ઇંગ્રેજી પહેલા ધોરણમાં દાખલ થતાંજ ત્હેનું લગ્ન થયું. મૂળથીજ જેની શારીરિક સ્થિતિ આવી નબળી હોય, ભણતરમાં પણ માત્ર મગજ મારવાનું શ્રમ હોય, માત્ર પરીક્ષાઓજ પાસ કરવી હોય, ત્હેમાં પણ વળી જો બાળલગ્ન થાય તો એ વિદ્યાર્થીની સ્થિતિ કેવી પાયમાલ થાય, એ વિચારવું કંઈ બહુ મુશ્કેલ નથી. માધવ બિચારાને ખબર ન હતી. માબાપના આનંદ સાથે તે પણ આનંદ લેતો હતો. તે પણ લગનમાં મગન રહેતો. ભવિષ્યની ભયંકરતાથી આ ભોળો અપકવ બુદ્ધિનો બાળક અજ્ઞાનજ હતો.

માતા પિતાએ તો આ જગતમાંજ જાણે સ્વર્ગ જોયું હોય! માધવની ન્હાની સુકોમળ સુંદર પત્ની તરૂલતાના નાજુક હાથ જોઇ, રસિલું મોહક મુખ જોઈ, ત્હેની બાળપણની નવીન ચેષ્ટાઓ જોઇ તેઓ તો હર્ષઘેલાં બની જતાં. પોતાને કૃતકૃત્ય થયાં માનતાં.

માધવને હવે ભણવાની શી જરૂર હતી? માણસો ભણે છે શા માટે? પૈસા કમાવા ને પરણવા. પૈસા બાપે કમાવી રાખ્યા હતા

અને પરણાવ્યો માતાના આગ્રહે. હવે વધારે ચિન્તા શાની રહી? ઇંગ્રેજી પહેલા ધોરણમાં તે એકજ વર્ષમાં પસાર થયો. બીજામાં બે વરસ રહ્યો, અને ત્રીજામાં ત્રીજું વર્ષ ચાલતું ત્યાં પિતાનો સ્વર્ગવાસ થયો. એટલે શાળા છોડવાની જરૂર પડી.

વ્યવહારમાં જોડાયો અને હવેજ ત્હેને વ્યવહારની ખબર પડી. જગતનું ખરૂં સ્વરૂપ થોડેક અંશે પણ જોયું. એક તો ત્હેનું શરીર મૂળથીજ નિર્બળ હતું એટલે જરાક માનસિક શ્રમ લેતાં થાકી જતો. જરાક વાંચતો કે મગજ દુઃખવા મંડતું. વારંવાર તાવ આવી જતો. કોઈ કોઈ વાર તો પંદર દિવસ કે એકેક માસ ખાટલામાં પડી રહેતો. ડૉક્ટરો હમેશાં ઘેર આવતા. કોઈવાર સારો થતો તોપણ આરોગ્યનું ખરેખરૂં સુખ ભોગવવા તે દુર્ભાગીજ રહ્યો. પોતાના દુર્બળ–શુષ્ક શરીરને જોઇ તે નિશ્વાસ નાખતો. કોઈ વખતે તો ત્હેની આંખોમાં આંસુ આવી જતા.

કોઇ પણ ચોપાનિયું કે ખબરપત્ર ત્હેના હાથમાં આવે તો પહેલાં ત્હેની દૃષ્ટિ જાહેર ખબરો તરફ જતી, અને કંઇક નવીન ચમત્કૃતિ વાળી બળવર્ધક દવા (ટોનીક)ની જાહેર ખબર વાંચતો તો કે મનમાં નવીન સ્ફુરણા થતી, નવું બળ ઉત્પન્ન થતું, અને તે દવા વાપરવાની ઇચ્છા થતી, મગાવતો. કોઈ દિવસે અમુક બળવર્ધક દવા તો કોઈ દિવસે આયુષ્યદાયક આસવ, કોઇ વખતે દવાનાં પુસ્તકો તો કોઇ વખતે દવાનાં સૂચિપત્રોજ ત્હેની ટપાલમાં આવતાં. ઘરમાં એક મ્હોટો કબાટ તો માત્ર દવાઓના બાટલા અને બાટલીઓ કે ગોળીઓની દાબલીઓ ખાતે રાખવામાં આવ્યો હતો. તે કોઇ ને કોઇ પ્રકારનું ઔષધ હમેશા ખાતો. અને આ રીતે–ઠગ–મૂર્ખ વૈદ્યો અને લાલચુ

અધમ ડૉક્ટરોની દવાઓએ હેના મનમાં એક પ્રકારની ભ્રમણાજ ઉત્પન્ન કરી દીધી હતી.

કોઈ વખતે પાસેના ગામમાં કે દૂરના શહેરમાં કંઈ કામ અર્થે જવું હોય તોપણુ હેને દવાઓ સાથે રાખવી પડતી. સાથે ન હોય તો તે પોતાને ઘણીજ ભયંકર સ્થિતિમાં જોતો. સ્થળે સ્થળે અને પળે પળે તે પોતાને ભયમાં જોતો. અન્યની નિન્દા કરવાનો કે અદેખાઇ કરવાનો, કોઇની સાથે વૈર કરી લ્હડવાનો હેને પ્રસંગ પણુ ભાગ્યેજ મળતો. મિત્રો સાથે પોષાકની સરસાઇ કરવાની કે ગાડીઓ દોડાવી મોટા કહેવરાવવાની તેને ઇચ્છા પણુ ન્હોતી થતી. તે તદન રંક-ગરીબ જેવો થઇ ગયો હતો. ધર્મનાં પુસ્તકો મળે તો સવારના કે સાંજના વાંચતો. કોઇ વાર કંટાળી જાય તો હેને પણુ ફેંકી દેતો.

આપણે જોઈ ગયા છીએ કે શ્યામસુન્દર સ્વભાવે ઘણોજ ચંચળ અને મળતાવડો હતો. માધવલાલ અને શ્યામસુન્દર એકજ શાળામાં અભ્યાસ કરતા હોવાથી હેમની વચ્ચે પણુ સારો બનાવ હતો. માધવલાલ શ્યામ તરફ પ્રેમની લાગણીથી, શુદ્ધ ભાવથી જોતો. શ્યામસુન્દરે શાળામાં આનંદ સભા નામની એક વિદ્યાર્થીઓની સંસ્થા સ્થાપી હતી. દરેક અઠવાડિયે તેમાં ભાષણો કે સંવાદો થતા. શ્યામસુન્દર આ મંડળ માટે એટલી કાળજી રાખતો,—હેને ઉન્નત કરવા, હેમાં ભાગ લેનારા વિદ્યાર્થીઓને આનંદ આપવા, એટલી મહેનત કરતો કે વિદ્યાર્થી વર્ગમાં તે ઘણોજ પ્રિય થઇ પડયો હતો. કેટલાક તો આનંદથી હેના સમાગમને શોધતા. માધવ પણુ શ્યામસુન્દર જેવા ચંચળ માણુસ સાથે મૈત્રિ બાંધવા માટે પોતાને મહા ભાગ્યશાળી માનતો. અને માધવલાલે અભ્યાસ છોડી દીધો છતાં શ્યામસુન્દર

અને માધવની મૈત્રિ કાયમ રહી હતી. માધવના પિતાના મરણ પછી તે વૃદ્ધિ પામી હતી. શ્યામ વારંવાર ત્હેને ઘેર જતો. ત્હેને પ્રસંગે પ્રસંગે ધીરજનાં વાક્યો કહી આશ્વાસન આપતો. “બન્ધુ! આ જીવન છે, કોઇને સુખ તો કોઇને દુઃખ, સુખ કોઇનું સર્વકાળ સૂધી ટક્યું નથી અને દુઃખ કોઇનું હમેશાં રહેનાર નથી. જનક જેવા સાધુ, પવિત્ર જનો તો સંસારની આ સંપત્તિઓનેજ મહા વિપત્તિઓ ગણે છે. સુખને એવા મહા પુરૂષો દુઃખરૂપ કે દુઃખના કારણરૂપ સમજે છે. મહાભાગ્યશાળી જીવ હોય ત્હેનેજ ઇશ્વર દુઃખ આપે છે. ભાગવતકાર પવિત્ર ભક્ત સુદામાજી જ્યારે કૃષ્ણ ભગવાન પાસેથી કંઇ પણ મેળવ્યા વિના પાછા વળે છે, અને જ્યારે એમને પોતાની રંક સ્થિતિ માટે દુઃખ થાય છે, પોતાની બૈરી છોકરાને શું ઉત્તર વાળીશ એવો ગ્લાની-યુક્ત વિચાર થાય છે, ત્યારે કહેવડાવે છે કે,

अधनो यं धनं प्राप्य माद्यन्नुच्चैर्न मांस्मरेत् ।
इति कारुणिको नुन धनंमेभूरि ना ददात् ॥

આ નિર્ધન માણસ ધન મેળવીને ઉન્મત્ત થઇ જઈ મ્હારૂં સ્મરણ કરશે નહી, એવા વિચારથી મ્હારા ઉપર કરૂણા લાવીને મ્હને ત્હેમણે વિશેષ ધન આપ્યું નહી. કેટલો પવિત્ર વિચાર આ ભક્ત-હૃદયમાં સ્ફુરે છે? દુઃખમાં પણ આજ રીતે પ્રભુપર પ્રીતિ રાખવી. આપણા શ્રેય માટેજ એ દુઃખ છે એવો વિચાર કરવો.” શ્યામસુન્દરનાં આવાં વાક્યો બિચારા માધવલાલને આ સંસારના અંધકારમાં પણ પ્રકાશનું પવિત્ર દર્શન કરાવતાં, અને તેથીજ તે શ્યામસુન્દર તરફ પૂજ્ય-ભાવથી જોતો.

આટલી—આવી વિદ્વત્તાનાં—ધીરજનાં વાક્યો કહેનાર શ્યામસુન્દરની વિદ્વત્તા કોઇ બીજી દિશામાં, કોઇ બીજાજ પ્રદેશમાં વિહાર કરતી હતી.

માધવલાલની પત્ની તરૂલતાની ઉમર પદર વર્ષની હતી ત્હેની નવ જુવાનીનું નવીન મોહક રૂપ પૂર્ણ જોરથી પ્રકાશી નીકળ્યું હતું. શરીરના દરેક અવયવમાં જોબનનું ઉન્મદ તેજ ઝળકી રહ્યું હતું. ચાલતા જાણે મદિરાના મદથી ઉન્મદ થયેલી હસ્તિની કેમ ન ચાલતી હોય! ચન્દ્ર જેવું પ્રકાશમાન, મોહક મુખ, કમલ જેવાં નેત્રો, ચકચકિત લલાટનો ભાગ, નાજુક નાસિકા અને ગુલાબી અધર, જોનારને પળવાર પ્રેમસંમોહથી મોહિત કરી દેતા હતા. પોષાક અને અલંકારોથી સજ્જ થઇ જ્યારે તે પિયેર જતી હોય, કે બહાર જતી હોય ત્યારે અનેક જનોની આતુર દષ્ટિઓ ત્હેના પર પડતી, અનેક મૂર્ખ મન મોહથી મત્ત થઈ ત્હેની પાછળ દોડતા, ત્હેની સ્હામુ જોવા લલચાતા, અનેક આતુર ઇચ્છાઓ ત્હેની પાછળ પાછળ ભમતી. પણ નૂપુરના ભારે નાદથી જાણે તે સર્વનો તિરસ્કાર કરતી હોય, અથવા નીચે ઉતરી ગયેલી સાડી પાછી માથાપર લાવતાં થતા કંકણના અવાજથી જાણે તે સર્વનો મગરૂરીથી ઇન્કાર કરતી હોય!

આ સૌન્દર્યની પુતળી માટેજ શ્યામસુન્દરનો પ્રેમ હતો. ત્હેને માટેજ તે માધવને ઘેર જતો. માધવની સાથે વાત કરતાં, માધવને આશ્વાસન આપતાં પણ ત્હેનું મન તો તે મોહિનીમાંજ રમતું.

શ્યામસુન્દરનું સગપણ થયુ છે. ઇન્દુમતી માટે તેણે કેટલીક વાતો સાંભળી છે; અને તેથીજ ત્હેના તરફ આ યુવાન અનુભવહીન હૃદયનો અભાવ થયો. એ ભાવ મિત્ર—વિશ્વાસ રાખનારા વિશ્વાસુની ધર્મપત્ની તરફ આકર્ષાયો છે.

ત્હેનું સગપણ થયું અને તરતજ ઇન્દુનો પિતા સ્વર્ગવાસી થયો. માતા મરણ શરણ થઇ. આશ્રયદાતા બ્હેન વિધવા થઇ ગુમ થઇ. કુટુમ્બ નાશ પામ્યું. ધન ન રહ્યું. રહ્યું તે સ્વાર્થી સંબંધીઓ ખાઇ ગયા. સંસારનો પ્રેમ—જૂઠો પ્રેમ—સ્વાર્થમાંજ સ્નેહ રાખનારો, ધનમાંજ આનંદ માનનારો, સૌન્દર્યથીજ સુખી થનારો, વિષયી પ્રેમ હવે ક્યાં વિરામ પામે? શ્યામની માતાને ઇન્દુમતી તરફ અભાવ થયો, અને ત્હેના પ્રતિધ્વનિઓ આ યુવાનના હૃદયપર વારંવાર અથડાવા લાગ્યા.

"અભાગણીએ કેવું કુટુમ્બ—કેવું સુખી કુટુમ્બ જન્મતાજ પાયમાલ કર્યું! દરેક માણસ પોતાનાં ભાગ્ય સાથે લઇ આવે છે. એનાથીજ પ્રેમભૂષણના કુટુમ્બની પાયમાલી થઇ છે. વ્યાપારમાં ખોટ! માણસોમાં ખોટ! પ્રભુ કરે ને સારે પગલે—સારા અવસરે આપણા ઘરમાં આવે! બાઇરે! લેખ માણસને ભૂલાવે છે. નહીં તો મ્હારા શ્યામસુન્દર માટે એવી અભાગણી હોય કે? મ્હોટા મ્હોટાના ઘરનાં એના માટે માગાં આવતાં. વળી કન્યાઓ કેવી! ઘરમાં બેઠી હોય તો આખું ઘર રળિયામણું લાગે." આવા આવા ત્હેની માતાના વિચારો—ઉદ્‌ગારો—અન્ય સ્ત્રીઓ પાસે નીકળતાં ત્હેના મનપર ઘણીજ ખરાબ અસર કરતા. તેમાં પણ વળી ત્હેના સુધરેલા વિચાર! આ અગ્નિમાં ઘીની આહુતિરૂપ થતા. "ગામડાની અજ્ઞાની છોકરી! એને આપણી મનસૃષ્ટિનું શું જ્ઞાન? અસંસ્કારી જીવન! થયું તે થયું, થતાં થયું. પિતાએ કર્યું અને પસ્તાવાનું આપણે રહ્યું." આવા વિચારો ત્હેની ઇન્દુ તરફની ભાવનાને વધારે શુષ્ક કરી દેતા હતા અને સાથેજ તરૂલતાના અનુપમ સૌન્દર્યથી આકર્ષાઇ ત્હેની મધુર ચેષ્ટાઓથી—મનમોહક હાવભાવથી—જુવાનીના તેજથી ત્હેના પ્રેમ વિચારો—ત્હેના પ્રેમ તરંગો એ તરફ ઉછળતા હતા.

તે જ્યારે જ્યારે માધવલાલને ઘેર જતો, ત્યારે વિદ્વત્તાની ચર્ચા એવી છટાથી કરતો; પ્રસંગે પ્રસંગે મ્હોટા લેખકોનાં પ્રિય વાક્યો એવી રસમય ભાષામાં કહેતો અથવા સંસ્કૃત કે ઇંગ્રેજી કવિઓના કવનોનાં ભાષાંતરો એવી મધુર શૈલીમાં કરતો કે માધવ તો સ્તબ્ધ થઇ જતો. માધવની માતા પણ ત્હેના તરફ સ્નેહ રાખતી–ત્હેને પ્યારથી બોલાવતી અને આવા સુશીલ છોકરા સાથે પોતાના પુત્રની મૈત્રી થયેલી જોઇ રાજી થતી.

પણ શ્યામસુન્દરને માધવના વિચાર કે ત્હેની માતાના અભિપ્રાયની થોડીજ દરકાર હતી. તેની ઇચ્છા તો આ વિદ્વત્તા તે મધુર પાત્રને દેખાડવાની અને તેના અભિપ્રાયમાં ઉચ્ચ સ્થાન મેળવવાની હતી–ત્હેનું મન પોતા તરફ આકર્ષવાની હતી. તે માધવ સાથે બોલતો પણ આ બોલવું તરૂને પણ પ્રિય થશે કે નહીં, ત્હેનો પૂરેપૂરો વિચાર કરતો. તે આવતાંજ જોઇ લેતો કે તરૂ ઘરમાં છે કે નહીં, પાસેના ખંડમાં હોય–તે સાંભળી શકે એમ હોય તોજ તે બોલતો, નહીં તો કોઈ પુસ્તકનાં કે ચોપાનિયાનાં પાનાં ફેરવતો બેસી રહેતો. ભોળો માધવ આ પ્રપંચ ન્હોતો સ્હમજતો અને તેમાંજ શ્યામસુન્દર પોતાની કળાની ફતેહ જોતો.

માધવને શ્યામ માટે ઘણોજ ઉચ્ચ અભિપ્રાય હતો. તે આનંદથી ત્હેની પ્રશંસા કરતો. ત્હેની સાથે મૈત્રી થવા માટે મહા ભાગ્ય માનતો. ત્હેના ગુણોને પૂજતો અને પોતાની પત્ની પાસે પણ વારંવાર તે મિત્રની પ્રશંસા કરતો હતો.

પહેલી વાર જ્યારે શ્યામસુન્દર ઘેર આવ્યો, ત્યારે ફરી ફરી છૂપાઇ છૂપાઇ બારી પાસે ઉભી રહી તે આવનારને જોતી–ત્હેની વાતો

ધ્યાનથી સાંભળતી, તેમાં રસ લેતી—ત્હેના કંઇક વિચારો કરતી. સ્યામસુન્દર પણ આ ભાવ જોતો—સ્હમજતો. થોડો વખત આમ ગયો અને એક વાર માધવ જરા બહાર ઉભો હતો ત્યાં આ બન્નેનાં નેત્રો મળ્યાં. એક કે બે પળ માત્ર સ્હામે જોઇ રહ્યાં. બન્ને શરીર લજ્જાથી કંપવા લાગ્યાં, જરાક સ્મિત થયું અને પળવારની આ ક્રિયાએ બન્નેના જીવનમાં અનેક ફેરફારોનાં બીજ રોપ્યાં.

શ્યામસુન્દરનું મન અભ્યાસથી દૂર રહેવા લાગ્યું, અને ત્હેની પ્રિય વસ્તુના સુન્દર મુખ, કમલ નેત્રો—તેજસ્વનેત્રો પાસેજ ફરવા લાગ્યું. ત્હેના હાવભાવથી અનેકાનેક કલ્પનાઓ કરી ત્હેમાંજ મગ્ન રહી આનંદ આનવા લાગ્યું. ત્હેની રસિલી જોબનના જોરથી વિલસતી વાણીમાં સ્નાન કરવા લાગ્યું.

વિદ્યાલયનો અભ્યાસ ઓછો થયો—રસ અને શૃંગારનો અભ્યાસ વધ્યો. પ્યારી અને પ્યારાઓની વાર્તાઓનું વાંચન વધ્યું. તે પોતે પણ એવુંજ લખતો—એવીજ પ્રેમની કવિતાઓ કરતો. સ્ત્રીઓની પ્રશંસા, કજોડાંના કલેશ, એજ વિષયપર તે વાત કરતો. ત્હેનું ઉછૃંખલ મન એમ પણ કહી દેતું કે, “ મ્હારા મિત્ર માધવલાલની પત્ની કેટલી સુંદર છે? કેવી રમ્ય છે? કેવી સુશીલ—જાણે રંભાનો અવતાર કેમ ન હોય!” ધીરે ધીરે આ સંબંધ વધવા લાગ્યો. પત્રવ્યવહાર થયો. તરુલતા અને શ્યામ એક બીજાને પત્રો લખવા લાગ્યાં. કુદરતે પણ જાણે ત્હેમને સહાયતા આપી હોય તેમ એજ અરસામાં માધવની માતાનો સ્વર્ગવાસ થયો! હવે વધારે શું જોઇએ? હવે આ પ્રેમ કેવું સ્વરૂપ લે એ વિચારવું સહેલ છે અને તેથીજ આ પ્રેમને પડતો નાખી અહીંયાંથી દૃષ્ટિ ખેંચી આપણે આ ઇતિહાસના એક અન્ય પાત્ર તરફ દૃષ્ટિ કરીએ.

ઇન્દુમતીનું વિરામસ્થાન હવે આ જગતમાં ક્યાં હતું ? ઈશ્વરમાં જ–ત્હેનું વિશ્રામસ્થાન–ઇશ્વરમાંજ આનંદસ્થાન આ ભોળી, પવિત્ર, ને ન્હાનપણથીજ દુઃખમાં ડુબેલી બાલિકાએ શોધ્યું. મામીનાં વચનો, મામાનાં પુત્ર પુત્રીઓનાં કટુ વેણો હવે ત્હેના સહનશીલ હૃદયને થોડું જ દુઃખ આપી શકતાં. તે વારંવાર નિઃશ્વાસ નાખી નિરાશ થતી અને પરમ આશામાંજ મગ્ન રહેતી.

ત્હેની ઉમર બાર વર્ષની થવા આવી. મામાનો વિચાર થયો કે હવે આનુ લગ્ન થાય અને સાસરે જઈ તે સુખી થાય તો સારૂ. તે રાજનગર આવ્યો. શ્યામને કહ્યું. કન્યાપક્ષ તરફથી આજ્ઞા થાય તો તે વર વાળાએ માનવીજ જોઇએ. બન્ને તરફથી તૈયારીઓ થવા માંડી. મનોરમાએ ઇન્દુમતી માટે મિલ્કતનો કેટલોક ભાગ રાખ્યો હતો, તેમજ મામાએ પણ યથાશક્તિ ત્હેને દાયજામાં આપ્યું. લગ્ન થયુ. સ્થૂલ હાથ જોડાયા. હમેશને માટે એક એકના સુખ અને દુઃખનાં ભાગી થયાં, ઇન્દુમતી–ભોળી ઇન્દુમતી અનેક આશાઓના સાગરમાં સ્નાન કરતી શ્વસુરગૃહે આવી.

ઇન્દુ તદન ભોળી, શાંત, નિખાલસ વૃત્તિની હતી અને સર્વત્ર તે તેવીજ નિખાલસતા, તેવીજ પ્રીતિ, તેવીજ પવિત્રતા જોતી. હાથીના દાંત દેખાડવાના એક અને ચાવવાના બીજા, એવા આ અપવિત્ર જગતના વ્યવહારથી તે બિલકુલ અપરિચીત હતી, અને તેથીજ શ્યામસુન્દરના ઉપરના–દેખાડવાના પ્રેમને–ત્હેને રાજી રાખવાની દુષ્ટ કળાને તે સાચો સ્નેહ માનતી–તેમાંજ મગ્ન રહેતી. આવો આનંદ–આવો મનનો કાલ્પનિક આનંદ પણ થોડોજ વખત રહ્યો.

સાસુ પાસે નવી વહુનું નવ દિન તો સારૂં માન રહ્યું. બે ચાર

માસ તો ઠીક ચાલ્યું. પણ ઇન્દુનો રખેવાળ—ત્હેનો પક્ષ લઈ સુલક્ષણા સ્હામે લડનાર કોઈ નહોતું એટલે હિન્દુ સાસુ કે જ્હેને સ્વભાવથીજ પુત્રવધૂને દબાવવાની આકાંક્ષા હોય છે, ત્હેણે પુત્રવધૂને, રંક ઇન્દુમતીને જેમ બને તેમ વધારે પજવવાનું શરૂ કર્યું. ત્હેને દુ:ખ દેવા લાગી—હરેક રીતે તે ત્હેને દુ:ખી કરવા લાગી.

ઇન્દુમતી પાસેથી જેમ બને તેમ વધારે કામ લેવા મંડી. જરા કંઈ ભૂલ થાય તો બિચારીના ભોગ જ મળે! જરાક કંઈ શૃંગાર સજે તો જાણે આ સાસુનું ઘર લુટાતું હોય! અને ગજ હોય તો સો ગજ પુત્રને કહેતી. નણંદને પણ આથી લાગ ફાવ્યો. તે પણ ભાભીને કનડવામાં કચાસ ન્હોતી રાખતી.

મન જેનું મૂળથીજ બહાર ભમતું, મનની મોહિની જેની મૂળથીજ બીજી હતી, એવા શ્યામસુન્દરને આ ઘરના કંકાસનું કારણ ઇન્દુમતીજ જણાતી. માતા કંઈ પણ કહે તો તે તરતજ માની લેતો, તે સત્ય છે એમ સ્વીકારતો અને એના બદલામાં તે રંક પત્નીથી દૂર રહેતો. ત્હેને દેખાડવાનો ભાવ પણ હવે તિરસ્કારમાં ભળી ગયો.

ઇન્દુને માટે રડવાનું જ બાકી રહ્યું. માબાપ ત્હેને બાળપણમાંજ મૂકી ગયાં ને પતિ તરફથી પ્રેમની આશા નિરાશામાં ફેરવાઈ ગઇ. આ ભોળી બાળાને ખબર નહોતી કે પુરૂષનો પ્રેમ વાણીમાં એક અને અંતરમાં એક હોય છે. તે જાણતી નહોતી કે દેખાડવાની પ્રિયા એક અને હૃદયની પ્રિયા જુદી હોય છે! અને આ અજ્ઞાનતામાંજ તે આનંદ માનતી. કોઇક વાર પતિ સ્હામું જોઈ હાસ્ય કરતો, કોઇક વાર હસી વાત કરતો, કોઇક વાર બોલાવતો, ત્હેમાં પણ તે અહોભાગ્ય માનતી. પણ હવે તો તેવુંએ ન રહ્યું. બોલાવવું પણ રહ્યું, આડી આંખ કરી જોવું

પણ ગયું. રાતોની રાતો તે બહાર ફરવા લાગ્યો. તે ઇન્દુ સાથે બોલતોજ જવલ્લે; ને તે પણ માતા જ્યારે ખૂબ ભંભેરે ત્યારે ઉપાલંભ આપવાજ!

લાખો અને કરોડો રૂપિયા હોય, હુકમ ઉઠાવવા અનેક ચાકરો હાજર હોય, હાજી હાજી કરનારા ગમે તેટલા હજુરીઆ રાત્રિ દિન સાથે રહેતા હોય, તોપણ જેના હૃદયમાં વ્યાધિ છે ત્હેને એ સર્વ સાધનો શું આનંદ આપી શકશે? શૃંગારથી સજ્જીત, સોળે શૃંગારથી શોભતી એક રમ્ય યુવાન બાળા સ્હામે ઉભી હોય, પણ એક ક્ષુધાતુર રંક દુકાળીઓ કે જેને ત્રણ ચાર દિવસથી અન્ન નથી મળ્યું, તેવાને તે શો મોહ ઉપજાવી શકશે? જેને જેની જરૂર છે, ત્હેનું તે જીવન છે. ઇન્દુમતી પ્રેમ ઇચ્છતી હતી, પ્રેમમાંજ ત્હેનું પોષણ હતું, પ્રેમમાંજ ત્હેનું બળ હતું, પ્રેમમાંજ ત્હેનું જીવન હતું; પણ પ્રેમ ત્હેનાથી દૂર હતો, સંસારમાં ત્હેને માટે પ્રેમ નહોતો.

બે વરસ આમ રડતાં રડતાં, દુઃખી થતાં, પતિની અનેક પ્રકારની ગાળો સાંભળતાં, સાસુનાં મેણાંનું સ્મરણ કરી રડતાં, અને નણંદના જરા જરાના ટાણા સાંભળતાં ગયાં. હૃદયના વ્યાધિનું ઔષધ ન મળ્યું. વ્યાધિ વધતો ચાલ્યો અને હૃદયના એ વ્યાધિથી ત્હેનું શરીર પણ સૂકાવા લાગ્યું. બે ચાર માસ તો અજ્ઞાનતામાંજ નીકળી ગયા. હવે તો મુખપર પીળાશ જણાવા માંડી, ધીમે ધીમે ઉધરસ પણ લાગુ પડી. શ્યામસુન્દર સ્હમજ્યો કે ક્ષય રોગ છે અને તે વખત જતાં ભયંકર રૂપ પકડશે. પણ તેણે તેની દરકાર ન કરી. બહારથી તો તે એમજ બતાવતો હતો કે ત્હેને ઘણી લાગણી છે, ત્હેને તેના મંદવાડથી અતિ દુઃખ થાય છે, પણ ત્હેનું અંતઃકરણ વજ્ર જેવું કઠણ હતું. ઇન્દુનો મામો ત્હેના વ્યાધિ- કાળમાં બે ત્રણ વાર આવ્યો; પોતાને ત્યાં તેડી જવાની ઇચ્છા દર્શાવી, પણ રજા ન મળી.

ઇન્દુમતીના કોઇ દૂરના સંબંધની માશી રાજનગરમાં રહેતી હતી. તે ઇન્દુમતી ઉપર ભાવ રાખતી. ઇન્દુ પણ ત્હેને માતાતુલ્ય સ્હમજતી. આ સ્ત્રી બીજે ત્રીજે પણ એક વાર જરૂર ઇન્દુમતિ પાસે આવતી, તેમ પોતાને ત્યાં પણ ત્હેને અઠવાડિયામાં એકાદ વખત તેડી જઇ જમાડી સંતુષ્ઠ થતી. શ્યામસુન્દરની માતા આમાં રાજી નહોતી, છતાં લોકલાજની ખાતર તેમ કર્યા વિના ચાલતું નહીં; તોપણ જ્યારે તે ઘેર આવે ત્યારે પોતે પાસે બેસી રહેતી અને ત્હેને ત્યાં જાય ત્યારે પુત્રીને સાથે મોકલતી, કે ઇન્દુમતી ઘરની વાત ત્હેને કહી શકે નહીં

ઘરનાં વગર પૈસાનાં નિર્માલ્ય ઔષધો દેખાડવા ખાતર થતાં હતાં. પણ તેથી વ્યાધિ ઘટવાને બદલે વૃદ્ધિ પામ્યો. હવે ચાલવાની, બોલવાની, ને કામ કરવાની શક્તિ પણ ન્યૂન થઇ.

“બ્હેન, ત્હારૂં શરીર બહુ નિર્બળ થતું જાય છે, આનંદ તો માત્ર ઉપરથીજ દેખાડે છે. કોઇકજ વાર તું હાસ્ય કરી મીઠું બોલે છે. બેટા! ત્હારા દુઃખનું કારણ હું સ્હમજું છું; પણ કોને કહેવાય? શું કહું? ત્હારો પતિજ ત્હારો વેરી થયો, હવે કોને કહેવાય?” એક વાર તેની માશીએ કહ્યું.

“ઇશ્વર ન્યાયી છે તે ન્યાયજ આપે છે. મનુષ્ય પોતાના કર્મ પ્રમાણેજ સુખ કે દુઃખ ભોગવે છે. ઇશ્વર સારામાંથી નરસું અને નરસામાંથી સારૂં કરે છે.” નિશ્વાસ નાંખી ઇન્દુએ ઉત્તર આપ્યો.

“ઇન્દુમતી! જુવાન સ્ત્રીઓનો પોષક જે પ્રેમ તે જ અત્યારે ત્હારો શોષક થયો છે! ત્હારો પતિ શોધવામાં ત્હારાં માત પિતાએ કોઇ પણ પ્રકારનો સ્વાર્થ રાખ્યો નહોતો—કોઇ પણ પ્રકારનો સ્વાર્થ જોયો નહોતો. સર્વ પ્રકારનું ત્હારા માટે સુખ જોયું હતું. ત્હેમની બુદ્ધિ

પ્રમાણે ત્હારૂં પરમ કલ્યાણ જોઇનેજ સગપણ કર્યું હતું. પણ દૈવેજ જ્યારે આમ કર્યું ત્યારે દોષ કોનો ?" આટલું બોલતાં સહૃદય માશીની આંખો અશ્રુથી ભરાઇ ગઇ.

ઇન્દુનાં નેત્રોમાંથી પણ ડળડળ આંસુ પડવા માંડયાં.

"ઇન્દુ, મ્હેં કિશોરને ત્હારા પતિને કંઇક કહેવા કહ્યું પણ હતું, છતાં..." તે વધારે બોલતી હતી પણ એટલામાં ઇન્દુની નણંદ આવતાં વાત અટકી.

કિશોરલાલ ઇન્દુમતીની માશીનો પુત્ર હતો. ત્હેણે શ્યામને કહ્યું. કહેવાય તેટલું કહ્યું; પણ સ્હમજવાને બદલે તે તો ત્હેનો વૈરી થયો. આથી ત્હેણે ત્હેના મામાને અનંતપુરમાં એક પત્ર લખ્યો. મામો આવ્યો. ઇન્દુની સાસુએ રજા આપવાની ના કહી; પણ ત્હેણે સ્હમજાવી શ્યામસુન્દરને કહ્યું.

"શું અમને એ વ્હાલી નથી ? શું અમે એને નથી ચહાતા? શું અહીં એની દવા નથી થતી ? કે વારંવાર ત્હમે આવી કહો છો કે અમે તેડી જઇએ ?" ગુસ્સાથી સુલક્ષણા બોલી.

"ના. ત્હમારૂં તો છેયું છે. ત્હમને વ્હાલી કેમ ન હોય ? પણ [illegible] ગામડામાં રહેવાથી, હવા બદલવાથી, રખે ફાયદો થાય !" તે ગરીબ [illegible] બોલ્યો.

[illegible]રજા મળી. ત્રણેક માસ મામાને ત્યાં રહી. કંઇક ફાયદો થયો. પણ [illegible]ફાયદો એથી પણ વધારે જણાયો. શ્યામસુન્દર તેડવા આવ્યો એને છેલ્લે દિવસેજ આપણે ત્હેને આનંદગિરીના શિવાલયમાં જોઇ હતી.

કુદરતના કાયદામાં ન્યાય કેવી રીતે પ્રવર્ત્તે છે અને અન્યાય કેમ થાય છે એ અમે નથી સ્હમજતા. ત્હેની ગતિ, ત્હેની સ્થિતિ,

ત્હેની રીતિનો વિચાર અમારાથી નથી થતો. સારૂં શામાં છે અને નરસું શામાં છે, એ સ્હમજવા અમારો અભિપ્રાય કામ નથી લાગતો. ઇન્દુ! રંક બિચારી ઇન્દુ! બાળપણમાંજ ત્હેના માતાપિતાએ ત્હેને પ્યાર શું છે એ સ્હમજાવ્યા પહેલાંજ દૂર કરી. મામા અને મામીએ પણ ત્હેને તે પવિત્ર પ્યારનો અર્થ ન સ્હમજાવ્યો અને પતિ-પ્રેમના પોષક પતિ! પ્રાણાધાર પતિ! જેમાંથી તે પ્રેમ શોધવા હજારો-ના! ના! બધી સંસારી સ્ત્રીઓ ફાંફાં મારે છે. મારા નાથ! પ્રાણવલ્લભ! કહી અંધ થઈ જાય છે-મગ્ન થઈ જાય છે; તે પતિપ્રેમ પણ તે જોવા ન પામી. સંસારમાં સુખ ત્હેને માટે ક્યાં હતું?

મધુરૂં વસંતઋતુનું પુષ્પ ભગવાન દિનાનાથની કૃપાથી ખીલ્યું, પણ વિકાસ પામી સુગંધમય થાય, પવનમાં રમી કેલી કરે, આશાભ્રમરોને પોતાની છાતીમાં લપેટી આનંદ પામે, તે પહેલાં તો તે બીડાઇ ગયું. એક પવિત્ર મનુષ્ય પોતાની પવિત્રતા પ્રસારી અનેક જનોને પવિત્ર કરી શકે, અનેક જનોને પવિત્રતાનો-પ્રભુનો માર્ગ દર્શાવી શકે; અનેક જનોના જીવનમાં પ્રભુનો દિવ્ય પ્રકાશ પાડી શકે તે પહેલાં, આપણા કુટુમ્બોની અજ્ઞાનમૂલક-કંકાસમય-ક્લેશમય સ્થિતિરૂપ, કે એક ઉચ્છૃંખલ, મૂર્ખ, પાપી પતિના શૂન્ય ભાવરૂપ યજ્ઞમાં બલિદાન અપાયું. સદાને માટે ગયું અને જતાં જતાં ત્હેનું જીવન આપણને પણ એક બે અશ્રુઓ પાડવા કહેતું ગયું.

પ્રકરણ ૬ ઠું.

—*—*—

પશ્ચાત્તાપ.

Hence if you vain delights,
As short as are the nights
Wherein you spend your folly;
There is not in this life sweet,
If man were wise to sei't,
But only melanchaly
O'sweetest melanchaly.

J. Fletcher

ઇન્દુમતી અને શ્યામસુન્દર, માધવ અને તરૂલતાનો ઇતિહાસ આપણે બહુજ ટુંકામાં જોઇ ગયા. મનુષ્યસૃષ્ટિ—અધમ મનુષ્યસૃષ્ટિના હૃદયનું જ્ઞાન કંઇક અંશે આપણે પામ્યા. હવે આપણી દૃષ્ટિ બીજી દિશા તરફ વાળીએ.

શ્યામસુન્દરે અશ્રુ લુંછ્યાં નથી. જરામાં તે ઇન્દુની ખાલી પડેલી

ભાવાર્થ—ત્યારે સઘળી ત્હમે વ્યર્થ સુખ આશાઓ! રાત્રિ-અંધકારમાં ત્હમે રમો છો—અજ્ઞાનતામાંજ ત્હમારૂં રાજ્ય છે, અને રાત્રિ જેવીજ ત્હમે ટુંકી છો! મનુષ્ય જો શોધવા ડાહ્યું હોય તો આ જીવનમાં મધુર શું છે? માત્ર દુઃખ! અરે મધુર આનંદી દુઃખ!

(જે. ફ્લેચર.)

પથારી વાળી જગ્યા તરફ જુએ છે; જરામાં તે ત્હેના નિશ્વાસોનું-સ્મરણ કરે છે; જરામાં તે ત્હેની મધુર પણ હવે થતી દુઃખદાયક ચેષ્ટાઓની કલ્પના કરી રડે છે. 'મૂર્ખ જન રત્નને પણ પથ્થર જાણી ત્યાગ કરે' એ કિશોરનું વાક્ય ફરી ફરી ત્હેના હૃદયને કંપાવે છે. ત્હેના હૃદયમાં રહેલા પાપને પ્રકટ કરી, ત્હેને પશ્ચાત્તાપમાં નાખી રડાવે છે. "તારા જેવા પાપીનું ઘર ત્હેને માટે યોગ્ય પણ ન હતું. તે વધારે પવિત્ર, વધારે વિશુદ્ધ સંસારમાં ગઈ." કિશોરનું આ વાક્ય ભયંકર રૂપે આ પાપી પાસે ખડું થયું. "ગઈ! ગઈ!! ઇન્દુમતી ગઇ!" તે રડતાં રડતાં બોલ્યો, "મ્હેં ત્હેને ગુમાવી, પોતેજ ગુમાવી! જગતના પિતા! જગતના તાત! સર્વને જોનાર નાથ! હું પાપી છું. એક અબળાની હત્યા કરનારો મહા અધમ નર છું. મ્હારૂં પાપ ત્હારાથી છૂપું નથી. મ્હારૂં હૃદય ત્હારાથી છાનું નથી. આ મ્હારા અધમ પાપનું પ્રાયશ્ચિત શામાં છે તે પણ તું જાણે છે. બતાવ! બતાવ! હે દયાનિધે! મ્હને એ માર્ગ બતાવ! મ્હને અધમાધમને ભયાનક દુઃખ આપ, હું સહીશ અને પાપનું પ્રાયશ્ચિત કરીશ."

ત્હેનો કંઠ રૂંધાઇ ગયો. શરીર કંપવા લાગ્યું. રોમે રોમ ખડાં થયાં. હૃદયના પાપ પડદા એક પછી એક પડવા લાગ્યા. પોતાની સ્થિતિ તે સ્હમજ્યો, પળવાર મૂર્તિની પેઠે આમ બેસી રહ્યો. પછી ફરી હૃદયના ભાવે ભાષામાં સ્વરૂપ લીધું.

જગતના સુખ શોધનમાં અરે હાર્યો! હરિ! હાર્યો!
ઠગાયો ખેલ આ રમતાં અરે હાર્યો! પ્રભુ! હાર્યો!

થઇ મૃગ મોહમાં દોડ્યો; વિષય જળ લાવવા દોડ્યો,
રહ્યો થાકી, પડ્યો થાકી, અરે હાર્યો! પ્રભુ! હાર્યો!

હવે રડવું, હવે મરવું? હવે હે નાથ શું કરવું?
પ્રભુ લે હાથ આ મ્હારો, અરે હાર્યો! હરિ! હાર્યો!

અરે ઓ મૂર્ખ મન મ્હારાં! ગુમાવ્યાં! ગુમાવ્યાં સર્વ સુખ ત્હારાં!
કરી આશા તેં પળભરની ગઈ શાંતિજ જીવનની!

મધુરી તે! મધુરી તે! ગુમાવી રે મધુરી તે!
અહો પાપી! હવે તુજ હાથમાં આ ધૂળ આવી છે.

રહું આ જિંદગી રોઇ, તલખતે નાથની કરવા,
હવે સંસારના સુખની, નથી પરવા નથી પરવા.

જગતમાં નાસ્તિક કોણ છે? નાસ્તિક થવાની, પ્રભુથી દૂર રહેવાની ઇચ્છા કોણ કરે છે? મૂર્ખ મનુષ્ય ભલે નાસ્તિક થાય! પળવાર ભલે આ સંસારનાં સુખોમાં રચીપચી આનંદમય પરમાત્માનું વિસ્મરણ પણ કરી જાય! પણ એવો વખત આવશે! એવો વખત જરૂર આવશે! વ્હાલાઓ હશે, હજારો કલાકો જેમની વાતો કરવામાં વ્યતીત કર્યા હશે—એવા વૈરી થઈ જતા—ધન કે જેની ફક્ત આશાથી જ હજારો દુષ્ટકર્મો કર્યા હશે, ત્હેનો હમેશ માટે ત્યાગ થતાં, ત્હેની ક્ષણભંગુરતા સ્હમજાતાં, માતપિતા, મિત્ર કે પ્રિયાની છેલ્લી ઘડી જોતાં, આ સુંદર શરીરને જીર્ણ, તેજહીન જોતાં, જરૂર ભાન થશે. જરૂર ત્હેને સ્હમજાશે કે આ સુખ નથી, ખરો આનંદ તો હજી જુદો છે. ત્યારેજ ત્હેને પ્રશ્ન થશે કે આનંદ ક્યાં છે? સુખ ક્યાં છે? પ્રભુ ક્યાં છે? ઓ મૂર્ખ મનુષ્ય! ઓ બુદ્ધિહીન પંડિત! એક વખત જો ત્હને આવું સ્મરણ થાય, એક વાર જો ત્હને આવી ઇશ્વિરભાવનાની કલ્પના થાય, તો ત્હેને જાળવી રાખજે, સાચવી રાખજે. સંસારનાં સુખોમાં પણ

એનું સ્મરણ કરજે અને ત્યારેજ ત્હને જણાશે કે શ્રેય શું છે અને પ્રેય શું છે? * સાચું શું છે અને સ્વાદુ શું છે? સુખ શું છે અને કલ્યાણ શું છે?

વિષય રૂપી મદિરાથી મસ્ત થયેલા ગજેન્દ્રપર સ્વારી કરનાર શ્યામ આખરે ચેત્યો, પળવાર પણ ચેત્યો. ઇન્દુના મૃત્યુથી કે કિશોરના કટુ વચનથી પણ તે ચેત્યો. ખરા સુખ અને વિષયસુખ–સંસાર સુખના અંતર વિશે કંઇક સ્હમજ્યો.

તે પુનઃ રડવા માંડયો–હૃદય ખોલીને રડવા માંડયો. દ્વાર ઉઘડયાં. ત્હેની માતા દાખલ થઇ. શ્યામની આવી સ્થિતિ જોઇ, ત્હેને એકલો આમ રડતો જોઈ, ત્હેના આશ્ચર્યનો પાર ન રહ્યો. તે પળવાર તો સ્તબ્ધ થઇ જોઇ રહી. શ્યામસુન્દરનું રડવું માતાને જોતાં ઓછું થવાને બદલે વૃદ્ધિ પામ્યું.

"શ્યામ! શ્યામ! આમ શા માટે રડે છે? શું ત્હને પણ ઇન્દુ માટે દિલગીરી થાય છે?" માતાએ પ્રશ્ન કર્યો.

"ગાંડો છે કે શું? મરદ થઇને રોતો તે શું હશે? ત્હારૂં આયુષ્ય હશે તો બાયડીઓ ઘણી." એક અન્ય સ્ત્રીએ ધીરજ આપી.

---

* अन्यच्छ्रेयोऽन्यदुतैव प्रेयस्ते ऊभेनानार्थे पुरुषँसिनीतः।
तयो श्रेय आददानस्यसाधुर्भवति हीयतेऽर्थाद्य. प्रेयो वृणीते॥

ભાવાર્થ:—શ્રેય (મોક્ષનું સાધન વિદ્યા) અન્ય છે અને પ્રેમ (સંસાર સુખનું સાધન અવિદ્યા) પણ અન્યજ છે. તે બન્ને ભિન્ન પ્રયોજન વાળાં હોઇને પુરૂષને બાંધે છે. તે બેમાં શ્રેયના ગ્રહણ કરનારનું કલ્યાણ થાય છે, અને પ્રેયના ગ્રહણ કરનારનો પુરૂષાર્થ નાશ પામે છે. (કઠોપનિષદ્).

શ્યામસુન્દરની માતા આથી ઉશ્કેરાઇ, ત્હેને વધારે ઉત્તેજન મળ્યું. “મ્હારા શરીરમાં જો લોહી હશે તો આ ને આ વરસમાં છ માસની અંદર ત્હને વરઘોડે ચ્હડાવું.’ તેણે જુસ્સાથી પુત્રને ઉત્સાહ વચનો કહ્યાં.

શ્યામસુન્દર આથી વધારે રડવા લાગ્યો. ત્હેને વધારે ક્રોધ વ્યાપ્યો. ને લાલ નેત્રોથી માતા તરફ જોવા લાગ્યો. “ માતા ! અજ્ઞાન માતા ! વૈરિણી માતા ! મ્હને રડવા દે.”

“ શ્યામ ! આવું તે તું શા માટે બોલતો હઇશ ભાઈ ? ”

“ મ્હારા હૃદયને દુઃખી કરવા માટે. મા ! એક અનાથ પંખીનું બચ્ચું આપણા ઘર રૂપી પાંજરામાં આવ્યું. ભલે તે અભાગિયું હતું, માતા પિતા સંબંધી સર્વથી ત્યજાયલું હતું, પણ તે અપવિત્ર ન હતું. મા ! જો એ પંખીના દુર્ભાગ્યમાં આપણે સાથે ભળ્યા હોત, આપણે ત્હેને સુભાગી–સુખી કરવા પ્રયત્ન કર્યો હોત, તો તે પળવાર આનંદથી ગાઇ, આપણા ઘર અને આસપાસને રમ્ય કરી દેત. પોતાની મધુર વાણીથી પળવાર આપણા કંટાળેલા હૃદયોને શાંત કરી દેત. પણ અભાગિયાના અભાગ્ય રૂપ આપણે પોતેજ થયા ! ત્હેના દુઃખદાયક આપણે પોતેજ થયા ! અને શરણે આવેલા અનાથ રંક પ્રાણીનો આપણે ઘાત કર્યો. ઈન્દુ ગઈ ! એ પંખી–પવિત્ર પંખીનું બચ્ચુ આપણા પાંજરાને શૂન્ય કરી હમેશને માટે ઉડી ગયું. ” શ્યામ એક બાળકની પેઠે રડવા લાગ્યો.

“ શ્યામસુન્દર ! આવું ના બોલ ! મ્હારા વ્હાલા એવુ ના બોલ! લોક સાંભળશે તો શું કહેશે ? આપણે ત્હેનું શું કર્યુ ? આપણને તો એ પ્રાણથી પણ પ્રિય હતી. ઇશ્વરની ઇચ્છાજ એવી હશે ! ”

" માતા ! એક પાપને છૂપાવવા બીજાનું આમંત્રણ ના કર ! તું ત્હેને છૂપાવીશ, તું ત્હેને છૂપાવવા હજારો પ્રયત્નો કરીશ પણ પરમાત્માની ઇચ્છા તેવી નથી. તે તે પાપને પ્રકટ કરવા ઇચ્છે છે, અને ત્હેની ઇચ્છા પ્રમાણેજ થશે. "

માતા વધારે ગભરાઈ, ત્હેની આંખોમાં પણ અશ્રુ ભરાઈ આવ્યાં. શ્યામસુન્દર પૂર્વવત્ રડવા લાગ્યો.

" માતા અભાગિયું કોઈ પોતે નથી થતું, તેમ અભાગિયાને અભાગિયો કહી રંજાડવાથી, ત્હેનાથી દૂર રહેવાથી, ત્હેને દુઃખી કરવાથી પરમાત્મા રાજી નથી થતો ! માતા ! શું અનેક વાર ત્હેં પોતેજ મ્હારી પાસે ત્હેના દુર્ગુણો ન્હોતા ગાયા ? ત્હેની જરા જરા ભૂલોનાં મ્હોટાં સ્વરૂપ રચી અનેક વાર શું ત્હેં મ્હને નથી દેખાડયાં ? જેના ઘરમાં દુર્ભાગી જીવ આવે છે; તેજ ખરેખરા સુભાગી છે. દુર્ભાગીને સુભાગી કરવામાંજ ખરૂં ભાગ્ય છે; તેમાંજ શ્રેય છે; માતા ! એમાંજ કલ્યાણ છે. પણ

જો મતિ પિછે ઉપજી સો મતિ આગે હોય.

"પ્રભુ ! પ્રભુ !!" ત્હેણે એક ઊંડો નિશ્વાસ નાંખ્યો. "હા ! જે વિચારો હમણાં સુજે છે, તે તે વખતે ન સુઝ્યા અને ત્હેથીજ આ સુખના કારણરૂપ વિચાર દુઃખના કારણ થઇ મ્હને દુઃખી કરે છે, મ્હને રડાવે છે." રડતાં રડતાં અશ્રુ લુછતાં શ્યામસુન્દર બોલ્યો.

ત્હેની બ્હેન પણ આ દેખાવ જોઈ રડવા લાગી. આસપાસ ઉભેલી સ્ત્રીઓ પણ આશ્ચર્યથી આ વાક્યો સાંભળી રહી.

" બેટા ! લોકલજ્જા તો રાખ ! " ફરી માતાએ કહ્યું.

"લોકલજ્જા! લોકલજ્જા એજ સર્વ પાપનું કારણ છે. સત્યની લજ્જાજ વાસ્તવિક છે, લોકલજ્જા માત્ર દંભ છે. પરમાત્માથી બ્હીવું, ત્હેનો ડર રાખવો એજ મનુષ્યધર્મ છે! પણ ન્યાયી, પ્રકાશમાન સર્વ પાપથી મુક્ત તે પ્રભુના ડરને કોરે મૂકી, અન્યાયી અધમ સંસારને સેવવાથીજ આવાં દુષ્ટ પરિણામો આવે છે. ન્યાયનો ભય દ્રઢ થતાં અન્યાયી જગતની બ્હીક હવે મ્હારા મનથી દૂર થઈ છે."

"સ્યામ! તું ઘેલો થયો લાગે છે!"

"આ ઘેલાઇ? ભલે તે ઘેલાઈ હો! પણ મ્હને તે પ્રિય લાગે છે અને ઇચ્છું છું કે તે મરણપર્યંત ટકી રહે! માતા! પ્રજાનું, જાતિનું કે વ્યક્તિનું ભવિષ્ય તે હરિના હાથમાં છે. તે આ મનુષ્યયંત્રને ગમે તે દિશાએ ફેરવે છે અને આજથી મ્હારા જીવનની ગતિ પણ બદલી છે. ઇન્દુમતિએ-પવિત્ર ઇન્દુમતિએ જતાં જતાં, સંસારનો ત્યાગ કરતાં એક અશ્રુ પાડયું. માતા! એ અશ્રુમાં મ્હેં કંઇક જોયું. શું જોયું? મ્હારૂં જીવન-મ્હારૂં અધમ જીવન-મ્હારૂં પાપી જીવન મ્હેં જાતેજ જોયું. એમાં અસ્પષ્ટ અક્ષરો હતા, વિચાર કરતાં વાંચ્યા. કિશોરે વચાવ્યા. પરમાત્મા ન્યાયી છે. પાપીને તે શિક્ષા કરે છે, ત્હેના શ્રેય અર્થે પણ ત્હેને દુઃખી કરે છે! આ અક્ષરો વાંચ્યા. આપણા પાપનો બદલો શું દુઃખમાં નહીં આપે? આપણાં પાપકર્મોનો ન્યાય શું તે નહીં આપે? જરૂર આપશે. આવતા દુઃખનો વિચાર કરી-એ પરિણામનો વિચાર કરી પહેલાંથીજ ત્હેના માટે પ્રયત્ન કરવો એજ કર્તવ્ય છે." આટલું કહી સ્યામ શાંત રહ્યો.

"આવું ત્હારૂં બોલવું મ્હને નથી સ્હમજાતું. ત્હને આવું તે કોણે કહ્યું? તું શું બોલે છે? શું કરવા ધારે છે સ્યામ?" માતા ગભરાઇ જઇ બોલી.

" વખત પોતે તે સ્હમજાવશે."

" શ્યામ! ત્હારે પરણવાની મરજી નહીં હોય તો કંઈ નહીં, હું એક અક્ષર પણ નહીં બોલું. તું શાંત થા! બેટા! વૈરિઓ હસશે, મિત્રો પસ્તાશે."

" મ્હારા વૈરિઓ પણ કોઈ નથી, મ્હારા મિત્રો પણ કોઈ નથી. મ્હારી શાંતિ પણ આ જગતમાં નથી. માતા! મ્હને જણાય છે કે મ્હારી શાંતિ દૂર છે. તું ત્હારૂં ધન અને તેથી થતું સુખ, એ મ્હારી શાંતિ મ્હને નહીં આપી શકે?"

માતા સ્તબ્ધ થઇ, મૂર્તિની પેઠે ઉભી રહી.

" ત્હારા પાપના પશ્ચાત્તાપ માટે ત્હને પુત્રનો વિયોગ વેઠવો પડશે. મ્હારા પાપને બદલે મ્હને ધન, ઘર અને સંબંધીઓ છોડી જંગલમાં, ગામડામાં રંક સાથે-ગરીબ સાથે બેસી આયુષ્ય પૂરૂં કરવું પડશે; અને તરૂ..." જરાક અટક્યો. એક નિશ્વાસ નાંખ્યો, ને બોલ્યો, " તરૂને પણ પાપકર્મ ખુલ્લું થતાં પશ્ચાત્તાપ થશે; ત્હેમાંજ ત્હેને પરિણામ મળશે!"

છેલ્લું વાક્ય સાંભળતાં માતા હારી ગઈ. ત્હેનું હૃદય કંપવા લાગ્યું. અશ્રુધારા પ્રબળ વેગથી વહેવા લાગી. શું મ્હારો વ્હાલો શ્યામ ફકીર થશે? વેરાગી થશે? ઘરસંસારનો ત્યાગ કરી ચાલ્યો જશે? ત્હેના વિના હું શી રીતે જીવીશ? આવા પ્રશ્નો ત્હેના દુઃખમાં વૃદ્ધિ કરવા લાગ્યા.

પ્રકરણ ૭ મું.

છેલ્લી મુલાકાત.

> [1] Friend, that love is false
> Which clings to love for selfish
> sweet of love
> (Arnold's Light of Asia.)

શ્યામસુન્દરની માતા આ ઓરડામાંથી ચાલી ગઇ; પણ દુઃખ અનેક રીતે વૃદ્ધિ પામ્યું, ત્હેને પુત્રવધૂના મૃત્યુ માટે શોક હોય તો તે ન જેવોજ હતો, પણ લાજ જશે, ગામમાં નિન્દા થશે, ભુંડું બોલાશે, ચ્હડતું લોહી છે, કોણ જાણે શું કરી નાખશે, એ વિચારોજ ત્હેને દુઃખી કરતા હતા. ફરી જરામાં અમર આશા ત્હેની પાસે આવી ઉભી રહેતી. એ તો બાળક છે, કહે તે કરે નહીં, ફકીર થવું-ઘર છોડવું કંઇ સહેલ નથી; પળવાર દુઃખી થઇ બોલી બેસી રહેશે; એવા દિલાસાના વિચારો પણ સાથેજ આવતા હતા. તે બહારના ખંડમાં બેસી રહી.

દિલાસો આપવા કે નવા પ્રશ્નો પૂછવા પાસે કોઇ નહીં હોવાથી

---

૧ **ભાવાર્થ**—મિત્ર! હે મિત્ર! તે સ્નેહ જૂઠો છે, જે સ્નેહના મધુરસ્વાદને માટેજ અન્યોન્ય તરફ પ્રેરે છે.

(સર આર્નોલ્ડ કૃત લાઇટ ઑફ એશીઆ)

શ્યામસુન્દર પણ રડી રડી આખરે શાંત થઇ ગયો; અને રડવાથી મગજ કંટાળેલું હોવાથી જરા જરા આંખો મીંચાઇ, અને નિદ્રામાં કે વૈરાગ્યની સમાધિમાં ચારેક કલાક તે આથી પડી રહ્યો. માતાને પણ કંઇક શાંતિ થઇ. રાતના જમવાનું કોઇ સગાના ઘેરથી આવ્યું, છતાં ત્હેને ઉઠાડયો નહીં.

રાતના લગભગ દશ વાગ્યાનો વખત છે, આકાશ વાદળાંથી ઘેરાયલું છે, જરા જરામાં વિજળીના ભયંકર ચમકારા થયા કરે છે, ગર્જનાનો અવાજ પણ થોડી થોડી વારે થાય છે, પવન જરામાં શાંત તો જરામાં સીસ્કાર કરતો જોરથી વ્હાય છે, સર્વ મનુષ્ય, પશુ, પક્ષી શાંત જણાય છે.

આ વખતે શ્યામસુન્દરનાં નેત્રો ઉઘડયાં. આસપાસ અંધકાર સિવાય કંઇ ન દેખાયું. આજે ઘરનો દીવો પણ ઠરી ગયો હતો. આ ઘરમાં બે ખંડ હતા. જેમાં શ્યામસુન્દર બેઠો હતો—ઇન્દુની શય્યા કરવામાં આવી હતી, તે ખંડ ઘણું કરી શ્યામસુન્દરના ઉપયોગમાંજ આવતો. બહારનો ખંડ સ્ત્રીઓના બેસવા માટે હતો. શ્યામના ખંડમાંથી બહાર ખુલ્લા ચોકમાં જવાનો દરવાજો હતો. અગાસીના કઠેરામાંથી માર્ગમાં તેમજ આકાશમાં જોઇ શકાતું હતું. શ્યામસુન્દર હમણાં આ અગાશીમાં આવી ઉભો રહ્યો. સ્તબ્ધ થયેલો તે આસપાસ જોઈ રહ્યો ! સૂતેલા વિચારો પુનઃ જાગૃત થયા. ઇન્દુની નિરાશમૂર્તિ નિસાસા નાખતી ત્હેની આસપાસ ફરવા લાગી. જરામાં ઘરમાં ફરતી તો જરામાં રડતી—જરામાં નિશ્વાસ નાખતી છાયામૂર્તિ ત્હેને દેખાવા લાગી. અર્ધોક કલાક તે આવા વિચારમાં ઉભો રહ્યો. જરામાં ત્હેના મુખપર વૈરાગ્ય, શોક કે ત્યાગનાં ચિહ્નો જણાતાં તો જરામાં એજ મુખ દયાજનક, લાચાર જેવું થઇ જતું.

તે પોતાની પથારીપર આવી બેઠો, ત્યાં સ્હામેજ ઇન્દુમતીની એક નવી સાડી પડેલી જોઇ પહેરનારની યાદી તાજી થઇ. આંખો અશ્રુથી ભરાઇ ગઇ. "ક્રૂર ? ક્રૂર ! અધમ જન ! ત્હારી તે શી ગતિ થશે ?" તે બોલ્યો. આ બોલવામાંજ—આ વાક્ય બોલતાંજ ત્હેના મુખનો રંગ બદલાઈ ગયો. કંઈક વિચાર આવ્યો—કંઇક નવીન જુસ્સો ઉત્પન્ન થયો. ઉઠયો, આસનપર આવી બે મ્હોટા કાગળો કહાડયા, અને બત્તીની પણ દરકાર કર્યા વિના, પ્રકાશનો પણ વિચાર કર્યા વિના પેન્સીલથીજ આ કાળી રાત્રિ જેવા સમયમાં કાળાં પોતાના હૃદયનાં ચિત્રો તે ચિતરવા લાગ્યો. વિશ્રામ લીધા વિના કલાકેક તે લખતોજ રહ્યો. લખી પત્રો એક બાજુએ મૂકયા. પાછો બહાર આવ્યો. આકાશ તરફ દષ્ટિ કરી માર્ગપર જોયુ.

ઘરમાં આવી વસ્ત્રો પહેરી લીધાં; ધીમેથી દ્વાર ઉઘાડી બહાર નીકળ્યો, માતા અને બ્હેન અઘોર નિદ્રામાં સૂતાં હતાં. જરાક ત્યાં ઉભો રહી આગળ ચાલ્યો; એ ખંડનો દરવાજો ઉઘાડયો, દાદર ઉતરી માર્ગ પર આવ્યો.

આકાશ, પૃથ્વી, ઘરો, વૃક્ષો, સર્વ પર શ્યામતા પ્રસરી રહી હતી, જાણે પોતાના પાપનું પ્રતિબિમ્બ આજના ધર્મવિચારથી બહાર આવ્યું હોય ! જરા જરા દષ્ટિ પણ થતી હતી. કશાને ન ગણકારતાં શ્યામસુન્દર આગળ ચાલ્યો. પોતાના મહોલ્લામાંથી બહાર નીકળી તે એક સરિયામ રસ્તા પર આવ્યો. આ રસ્તો સિધો અને સુંદર હતો. બન્ને બાજુએ માણસોને ચાલવાની ફુટ—પાયરીઓ હતી. વચમાં ગાડીઓને ચાલવા માટે હતું. સરકારી ફાનસો સ્થળે સ્થળે પ્રકાશતાં હતાં, પણ તે પ્રકાશ ફાનસ પાસેજ રહેતો—અંધકારપર વિજય મેળવવા તે અ-

સમર્થ હતો. કોઈ પણ મનુષ્ય જો હમણાં આ માર્ગપર હોય તો સ્થળે સ્થળે ક્યાંક ઘરોની બાજુમાં આરામ લેતા તો ક્યાંક ઉભેલા ચોકીદારો જ હતા. કોઈ કોઈ સ્થળે કૂતરા પણ ઘરો પાસે છૂપાઈ સૂતા હતા.

આ માર્ગપર દશેક મિનિટ ચાલી શ્યામસુન્દર એક સાંકડી શેરીમાં દાખલ થયો. બન્ને બાજુ ન્હાનાં પણ સુંદર ઘરોની હારો હતી. થોડેક ચાલી એક ઘર પાસે તે અટક્યો, દ્વાર બંધ જોયું પણ તે નિરાશ ન થયો. આંગળીથી ત્રણ અવાજ કર્યા કે અંદરથી સ્હામે ઉત્તર મળ્યો. દ્વાર ઉઘડ્યું; શ્યામ અંદર દાખલ થયો.

" મધ્યરાત્રિકે વક્ત ! શેઠ ?" દ્વાર ઉઘાડનારે પ્રશ્ન કર્યો.

કંઈ પણ ઉત્તર આપ્યા વિના તે દાદર તરફ ગયો, અને ધીમે ધીમે ઉપરનો માર્ગ લીધો. પહેલે માળ દરવાજો બંધ હતો. નજર માત્ર નાખી તે બીજા દાદર ઉપર ચ્હડ્યો. દ્વાર જાણે ત્હેના માટેજ ખુલ્લું મૂકવામાં આવ્યું હોય !

ઘરમાં દાખલ થયો. એક બારી પાસે જઈ હાથ લંબાવ્યો. ગજ-વામાંથી દીવાસળીની ડબી કહાડી બારીમાં પડેલી મિણબત્તી સળગાવી. પ્રકાશ થતાં ઘરમાં શું હતું તે સ્પષ્ટ થયું. ઓરડો ન્હાનો હતો છતાં વ્યવસ્થા મોહક હતી. દિવાલોપર શૃંગારનાં ઉત્તમોત્તમ ચિત્રો ટાંગેલાં હતાં. છતમાં હાંડી, ઝુમર વિગેરે લટકતાં હતાં. એક બાજુ વસ્ત્રોનાં સુંદર કબાટો ગોઠવેલાં હતાં અને એક બાજુ એક પલંગ પડયો હતો.

આપણી દૃષ્ટિ આ ઘર તરફ જરા આકર્ષાઇ, પણ શ્યામસુન્દર-ના વર્તન ઉપરથી ત્હેને આ ઘરનો લાંબા વખતથી પરિચય હોય એમ જણાતું હતું. ત્હેની દૃષ્ટિ એક બીજીજ દિશા તરફ ગઈ. હમણાં આ પલંગપર એક યુવાન–સુંદર સ્ત્રી નિશ્ચિંત સૂતી હતી. શ્યામ ત્હેના તરફ

જ ધારી ધારી જોવા લાગ્યો. ત્હેનું મુખ ચન્દ્ર જેવું સુશોભિત અને આકર્ષક હતું. ભાલ પ્રદેશ—ચળકતા લલાટપર કાળા વાળની ઉન્મદ લટો પવન સાથે રમતી ઉડી રહી હતી, ખીલેલાં કમળો બિડાયાં હોય એવાં ત્હેનાં મીંચેલાં નેત્રો દેખાતાં હતાં. સીધી સૂતેલી છતાં મુખ ત્હેનું જરાક આ બાજુ વળેલું હતું, અને મુખ સિવાય શરીરનો સઘળો ભાગ ઢાંકેલો હતો. ઝાંખા નારંગી રંગની કાળી કોરવાળી સાડી ત્હેણે હોડેલી હતી.

શરીર ત્હેનું કૃષ નહીં તેમ ભરેલું પણ નહીં હતું, લાંબું નહીં તેમ અતિ ટુંકુયે નહીં હતું. ત્હેની સુંદરતા અતિ આકર્ષક હતી. મનુષ્યનું મનુષ્યત્વ—સ્ત્રીનું સ્ત્રીત્વ માત્ર જો શરીરની સુન્દરતામાંજ હોત, તો આ રતી જેવી યુવાન બાળાને આપણે દેવી કે મહાદેવીની ઉપમા આપવામાં વિલંબ ન કરત.

શ્યામસુન્દર પાંચેક મિનિટ આ સુંદર સ્ત્રી તરફ જોઈ રહ્યો, અને કઇંક બોલાયુ, "તરૂ ! તરૂ ! એકવાર હું ત્હને પ્રિય તરૂ ! વ્હાલી તરૂ ! કહેતો હતો. ત્હારૂં મુખ કેવું સુંદર લાગે છે? શરીર ત્હારૂં કેવું નાજુક દેખાય છે? નૈષ્ટિક બ્રહ્મચારીઓ પણ આ શરીરને—આ મુખને જોતાં પળવાર મોહાંધ થઈ જાય! પણ આ સુંદર સ્ત્રી ! જેટલું શરીર ત્હારૂં સુંદર છે, તેટલુંજ મન ત્હારૂં મલીન છે—તેટલુંજ હૃદય ત્હારૂં કટુ છે. તરૂ ! જેટલું સુંદર ત્હારૂં શરીર છે, તેટલું સુન્દર જો ત્હારૂં હૃદય હોત, જેટલી મિઠાશ ત્હારા શરીરમાં છે તેટલીજ મિઠાશ જો ત્હારા મનમાં હોત, તો આજે જગતમાં તું પૂજાત ! જગતપર તું અનેક ઉપકારો કરી શકત, અનેક ત્હારી બ્હેનોનાં શુષ્ક હૃદય તું ભીનાં કરી શકત ! અનેકને પ્રેમરસ—પ્રભુરસ ચાખવા ભાગ્યશાળી કરી શકત ! હે

ભોળી સ્ત્રી ! જે સુખ ત્હેં વિષય અને તેથી ઉપજતા આનંદમાં જોયું છે, તે જ સુખ જો ભોળા–પવિત્ર હૃદયના ત્હારા પતિ તરફની ભક્તિમાં જોયું હોત તો આ સંસારમાં–જંજાળી જગતમાં પણ તું શાંત સ્વર્ગ નિહાળી શકત."

"તરૂ ! તરૂલતા ! પ્રાતઃકાળે જગત્ ત્હારા પાપની કથા જાણી જશે ! ત્હારી શી સ્થિતિ થશે ? કદાચ તું મ્હને ધિક્કારશે, કદાચ મ્હારા માટે તિરસ્કારના શબ્દો ઉચ્ચારશે, કદાચ મ્હને શુષ્કપ્રેમી કહેશે પણ મ્હારૂં એમાંજ શ્રેય છે, અને ત્હારૂં શ્રેય જગત્ ત્હારૂં પાપ જાણી જાય તેમાંજ છે."

ત્હેણે નિશ્વાસ નાખ્યો. વધારે ન બોલાયુ–આંખો અશ્રુથી ભરાઈ ગઈ. થોડો વખત તે જમીન તરફ જોઇ રહ્યો, પણ દૃષ્ટિ ન સ્થંભી, ઉભરાતાં વિચારોના જુસ્સાએ દૃષ્ટિ પાછી ઉંચકી. ફરી તે સુંદર શરીર તરફ જોઇ રહ્યો. "આને ઉઠાડું ? મ્હારા વિચારથી વાકેફ કરૂં ? હા, એજ યોગ્ય છે."

તે ઉઠાડવા જતો હતો ત્યાં તરૂએ નિદ્રામાંજ, "સ્યાંમ! સ્યામ !" આવા શબ્દોનો ઉચ્ચાર કર્યો !

"નિદ્રામાં પણ મ્હારૂંજ નામ જપે છે. શું એ એનો મ્હારા તરફનો પ્રેમ છે ? શું એ સાચો સ્નેહ છે ? કદાચ તે સ્નેહ સાચો પણ હોય, છતાં પણ શું તે પૂજવા લાયક છે ? તરૂ ! તરૂ ! જ્યારે ત્હારી પાપકથા જગતને મુખે ચ્હડશે; જ્યારે લોકો ત્હને એક અનીતિવાન, દુરાચારી, પતિવ્રતખંડિતા ધારશે–કહેશે, ત્હારી નિંદા કરશે ત્યારે શું તું મ્હને દોષ દઇશ ? શું મ્હારા માટે અપશબ્દો બોલીશ ?" સૂતેલી સુંદરીના મુખ તરફ જોતો, અશ્રુ પાડતો સ્યામ બોલ્યો. ફરી

જરા વાર શાંત થઇ ગયો. હવે એને જગાડું ! "તરૂ ! તરૂલતા!" તે ધીમેથી પાસે જઈ બોલ્યો.

"કોણ ? મ્હારા સ્યામ ?" ઓચિંતી જાગતાં તરૂલતા આશ્ચર્યચકિત થઈ બોલી.

"તરૂ ! ક્ષમા કરજે !"

"શાની મારા પ્રાણ ?"

"એ શબ્દો હવે સ્મરણમાં સંગ્રહી રાખજે ! વાણીમાં ત્હેનો ઉપયોગ ના કરજે !"

"શ્યામ ત્હમે શું બોલો છો ?" ગભરાયલી તરૂલતા બોલી.

શ્યામસુન્દર એક અક્ષર પણ બોલ્યા વિના નીચું જોઈ રહ્યો.

"શ્યામ! આજે આમ ગભરાયલા જેવા કેમ જણાઓ છો? રાતે જ ત્હમે આનંદથી વાત કરતા હતા, રાતેજ ત્હમે ભવિષ્યની મ્હોટી મ્હોટી આશાઓ બાંધી આનંદ પામતા હતા! એકાએક શું થયું?"

"તરૂ! ના બોલ! એ હવે ન બોલ! મ્હને ત્હારા માટે વિચાર થયો. વિચારમાં ક્રોધ વ્યાપ્યો—અતિ ક્રોધ ચ્હડયો, આંખ મીંચાઈ સ્વપ્ન જોયું, એ સ્વપ્ન કહેવાનેજ આ મધ્યરાત્રિને વખતે ત્હારી પાસે હું આવ્યો છું."

તરૂ આ વાક્યો બરાબર ન સ્હમજી શકી. તે બોલી. "હું ત્હમારા કહેવાનો અર્થ નથી સ્હમજતી! શ્યામ !"

"ત્યારે ત્હને સ્હમજાવું, તરૂલતા !" આટલુંજ બોલાયું, અટક્યો, જાણે કોઇ અંતરની શક્તિ ત્હેની જીવ્હાપર કાબુ મેળવવા પ્રયત્ન કરતી

હોય ! " તરૂ ! મ્હારાથી નથી બોલતું; ત્હારા હૃદયને પ્રશ્ન કર ! કંઇક ઉત્તર મળશે. "

" મ્હારૂં હૃદય આજે ત્હમારાં આવાં વાક્યો સાંભળી મૂઢ બની ગયું છે ! "

" તરૂ ! જ્હેને માતા કહેવી જોઇતી હતી, ત્હેને મોહિની કહી. જ્હેને ભગિની કહેવી જોઇતી હતી ત્હેને ભાગિની કહી,-હૃદયભાગિની કહી, વ્હાલી પ્રિયા કહી, હું મહા પાપી થયો છું. તરૂ ! એજ પાપથી એક નિર્દોષ પ્રાણીને મહાન અન્યાય અપાયો છે. ઇન્દુ ! હું પાપી છું." તેનો કંઠ રૂંધાઇ ગયો, નેત્રો ભરાઇ ગયાં. તરૂલતા તો સ્તબ્ધ થઇ ગઇ. આવી છૂટથી-આવા દુઃખથી બોલતાં શ્યામસુન્દરને ત્હેણે કોઇ વાર સાંભળ્યો ન હતો.

" તરૂલતા ! આ પાપનું પ્રાયશ્ચિત ત્હારે અને મ્હારે બન્નેએ કરવું પડશે. " શ્યામસુન્દર વધારે બોલ્યો.

" શ્યામ ! ત્હમે ધીરજ ધરો ! ત્હમારા દુઃખની કથાથી મ્હને વાકેફ કરો ! હું ત્હમારી સાથે પ્રાયશ્ચિત કરીશ. "

"ક્ષમા કરજે તરૂ ! એ વખત ગયો-એ પ્રયત્નનો વખત દૂર થયો."

તરૂનો ગભરાટ હવે વધ્યો-નિરાશા ત્હેની સો ગણી થઇ. હવે શું કરવું તે ન સૂઝ્યું. પળવાર કોઈ મૂર્તિની પેઠે ટગર ટગર જોતી બેસી રહી. કંઈક ઉપાય શોધ્યો, કેશ સમારી, સાડી બરાબર હોડી, ટટાર થઈ ચળકતા નેત્રોમાંથી કટાક્ષ કરી છલંગ મારી પલંગપરથી નિચે ઉતરી સ્મશાન વૈરાગ્ય હશે. આજે પત્નીનું મૃત્યુ થયું છે; કદાચ

તેથી આમ થયું હોય ! એવો વિચાર થયો અને ત્હેનો ઉપાય કરવા– ફરી ત્હેને મોહમાં નાખવા, વૈરાગ્ય ભૂલાવી રાગ ઉત્પન્ન કરવા કંકણુનો જણુણાટ–મોહક નાદ કરતી શ્યામસુંદરની સમીપ તે આવી.

શ્યામ એક બે ડગલાં દૂર ખસી ગયો. "તરૂ ! શાંત રહે ! વ્યર્થ પ્રયત્ન મૂકી દે ! જ્હેનું દિલ ત્હારા આ પ્રેમથી દૂર થયું છે ત્હેના શરીરને સ્પર્શ કરવા–મોહમાં નાખવા પ્રયત્ન ના કર !"

"શ્યામ ! શ્યામ ! હું ત્હમારે પગે પડી કહું છું–હાથ જોડી કહું છું. મ્હને સ્હમજાવો ! મ્હારો શો અપરાધ છે ?"

"એ અપરાધ સ્હમજાવવા જેટલો વખત નથી. પ્રાતઃકાલે..." વધારે ન બોલાયુ તે નિશ્વાસ નાખી અટક્યો.

"બોલો ! બોલો ! શ્યામ!" તરૂલતા રડતાં રડતાં અધીરી થઈ બોલી.

" ત્હારી પાપકથા જગત્ જાણી જશે. "

" શું ? શું બોલો છો શ્યામ ? "

" બોલું છું તે બોલાઇ ગયુ છે–તેતો કહેવાઈ ગયુ છે. હૃદયમાં અનેક દિવસથી છૂપાઈ રહેલું પાપકર્મ પશ્ચાત્તાપનું કારણ થતાં આજે મ્હારા મુખેજ કબુલ થયું છે. "

" રે ! શ્યામ ! શું ? શું ? ત્હમે...કરી " રડી પડી. મૂર્છિત સ્થિતિમાં તે શ્યામના પગ પાસે પડી.

શ્યામની આંખોમાંથી ટપકતાં આંસુઓ ત્હેની પીઠપર પડવા લાગ્યાં; જાણે શરીરમાં દાખલ થઇ ત્હેના તપતા હૃદયને વધારે તપાવતાં હોય!

"માધવ નીચે સૂવે છે. હવે એને પણ ઉઠાડું પગે પડી એ પવિત્ર મિત્રની રજા લઉં." તે મનમાંજ બોલ્યો. દાદર તરફ દૃષ્ટિ કરી, લજ્જા–ગ્લાનિ શોકથી હેનું શરીર કમ્પ્યું, જ્હેને તે ઉઠાડવા જતો હતો હેને જોયો–હેને સ્હામે ઉભેલો જોયો. ઘેલો જેવો શ્યામસુન્દર ધનમદથી મત્ત થયેલો મગરૂર શ્યામ એક નમ્રલતાની પેઠે વળ્યો– માધવના પગે પડયો. "માધવ! પ્રિય માધવ! તું દયાળુ છે. પવિત્ર છે. મ્હારાપર ત્હને પ્રેમ છે. ખરેખરો પ્રેમ છે. હૃદયમાં–વાણીમાં કે ક્રિયામાં આ દાસ માટે–આ પાપી જન માટે, આ અધમ જન માટે જરા પણ પ્રેમ હોય તો હું માગું તે આપ!" તે હેના પગે પડી રડતાં રડતાં બોલ્યો.

માધવે હેને ઉઠાડયો, હેનું મુખ પણ દયામણું થઇ ગયું.

"માધવ! વિશ્વાસુનો મ્હેં વિશ્વાસઘાત કર્યો છે. ધર્મપ્રેમનો– મિત્રના સાચા પ્રેમનો મ્હેં મૂર્ખે દ્રોહ કર્યો છે." વધારે ન બોલી શક્યો, એક બાળકની પેઠે હૃદય ઉઘાડી ખૂબ રડયો. "માધવ! ઉપકારનો બદલો મ્હેં અપકારમાં વાળ્યો છે."

ભોળા માધવનાં નેત્રોમાંથી પણ અશ્રુધારા ચાલવા લાગી. તે કંઈ પણ ઉત્તર ન આપી શક્યો. થોડો વખત નિ:શબ્દ પણ કરૂણાજનક દેખાવ ચાલુ રહ્યો. ત્રણે જણ પોતાના જૂદા જૂદા દોષોને કે દુ:ખોને ભૂતકાળનાં આનંદસ્મરણોને કે ભવિષ્યના વિયોગનિશ્વાસોને સંભારતા રડવા લાગ્યા.

"માધવ! હવે મ્હને મ્હારો માર્ગ શોધી લેવા દે. અહીં ઉભા રહેવાથી ત્હારૂં પવિત્ર મુખ, અને તરૂલતાનું પશ્ચાત્તાપથી થયેલું મ્લાન-

મુખ જોવાથી મ્હારૂં દુઃખ વધે છે–અનેક નવા દુઃખવિચારો ઉત્પન્ન થાય છે. હવે મ્હને મ્હારો માર્ગ તરતજ શોધી લેવા દે."

"કયો માર્ગ ? શાનો માર્ગ ?" માધવ મહા પ્રયત્ને બોલ્યો.

"પરમાત્માનો–ન્યાયનો–પશ્ચાત્તાપનો વ્હાલા માધવ ! તે દિવસો મ્હને સાંભરે છે, જ્યારે આપણે પ્રેમવાર્તા કરતા–અન્યોન્ય સ્હામે જોતા આનંદથી ઉભરાતા હતા. તે સમય મ્હને સ્મરણમાં આવે છે, જ્યારે રાતોની રાતો, કલાકોના કલાકો હું પ્રેમ અને ત્હેના સંબંધ વિષય અને ત્હેના આનંદ ધન અને ત્હેના સુખોનાજ વિચારો કરતો, એવા વિચારો મિત્રવર્ગમાં ઉત્પન્ન કરતો, પણ એ વિચારો રૂપી પ્રકાશતા–સુખી જણાતા દીપકમાં અગ્નિ છે, તે મ્હને બાળી નાખશે. હું પતગ છું, એવો વિચાર તો આજેજ સૂજ્યો, પવિત્ર ઈન્દુએ સુઝાડયો. કટુ લાગતાં સુમિત્ર કિશોરના વાક્યોએ સૂઝાડયો. એ સ્હમજવા છતાં એ જાણ્યા છતાં હું એ બળતા દીપક સ્હામે દોડું ? ના, એકજ દિવસની જાગૃત થયેલી બુદ્ધિએ મ્હને એટલું દેખાડયું છે. હવે તો ત્હમને પણ પ્રણામ ! મિત્ર કિશોરને પણ પ્રણામ ! માતાને પણ પ્રણામ ! અને દીપક જેવા પ્રકાશમાન–તેજસ્વી લાગતા પણ અનેક રંક પતંગિયાઓના ભોગ લેતા એ પ્રેમરૂપ અગ્નિને પણ પ્રણામ !" તે રડતાં રડતાં બોલ્યો.

"માધવ હું રજા લઉં છું–હું હવે જઇશ, સુખી થજે. તરૂ ! હવે આ ત્હારા પતિની સેવા કરજે, એ ત્હને ત્હારા અપરાધની માફી આપશે." આટલું બોલ્યો. સાંભળનારા સ્તબ્ધ થઈ સાંભળી રહ્યા.

"શ્યામ ! શ્યામસુન્દર પાપીને પાપની શિક્ષા થવી એ પરમાત્મા-

નો ન્યાય છે, અને દયા પણ છે. મ્હને ત્હમે ખરી શિક્ષા કરી પરમાત્માનો ન્યાય અને દયાનું દર્શન કરાવ્યું." રડતાં રડતાં તરૂલતા આટલું બોલી. વધારે બોલવા જતી હતી, પણ શ્યામ ગયો, એકદમ દાદર ઉતરી ગયો, અંધકારમાં તરતજ અદ્રશ્ય થયો. નિરાશ દૃષ્ટિ ત્હેની પાછળ પાછળ ફરી રહી. તરૂલતા અને માધવ પળવાર આશ્ચર્ય–શોક–દુઃખની દૃષ્ટિથી અન્યોન્ય તરફ જોઈ રહ્યાં. દૃષ્ટિ પળવાર પણ ન સ્થંભી. બન્નેએ નીચું જોયું. આંખોમાંથી પ્રવાહ તો વહેતોજ હતો.

પ્રકરણ ૮ મું.

—xx—

તરૂણ તપસ્વિની.

—*—*—

*Alas the joys that fornune brings,
Are toiflying and decay;
And those who prize the paltry things
more strifling still than they.

Goldsmith.

રાત્રિ દોઢ પ્રહર વીતી હશે. રાત્રિ અંધારી છે અને આકાશ વાદળાંથી ઘેરાયલુ છે. ચારે તરફનાં જંગલોમાંથી પવન સીસ્કાર કરતો વાય છે. પવનથી ચારે તરફ થતો વૃક્ષોનાં પાંદડાંનો ફફડાટ પથિક-હ્રદયને કંપાવે છે. દૂરથી વહેતી કોઈ નદીનો ઘૂઘવાટ પણ પવનના પાંદડાના અવાજમાં ભળી જઇ વધારે ભયંકર બને છે.

આ સ્થળને લોકો યોગીઆશ્રમના નામથી ઓળખે છે. હજારો વર્ષથી તપસ્યા કરતા યોગીઓ અહીં રહે છે, એવી લોકોની માન્યતા છે; તેમજ કોઇ કોઇ વખતે આસપાસના ભરવાડોને કે ખેડુતોને આ આશ્રમમાંથી કંઇ વાદિત્રનો શબ્દ સંભળાતો, કોઇ વખતે મ્હોટી દાઢી

---

* અફસોસ! સદ્‌ભાગ્ય જે સુખ આપે છે તે પણ નિર્માલ્ય અને નાશવંત છે, અને જે આ તેમાં રચી પચી રહે છે તેઓ આ સુખ કરતાં પણ વધારે નિર્માલ્ય છે. (ગોલ્ડસ્મિથ.)

વાળા યોગીઓનાં દર્શન થતાં, અનેક દંતકથાઓ આ આશ્રમ માટે લોકોમાં રચાતી; ગામડાંઓમાં અને આસપાસનાં શહેરોમાં પણ આ આશ્રમ માટે લોકો અનેક વાતો સાંભળતા—અનેક વાતો કરતા હતા.

વાઘ અને વરૂઓને અહીં ભય હોવાથી સંસારથી કંટાળી દીનાનાથ ભગવાનનું શરણુ શોધવા કે સંસારની, પુત્રની કે ધનની વાસનાઓ તૃપ્ત કરવાની આશાએ કોઇકજ આશાવાન—હીંમતવાન લોક આ સ્થાનમાં ચ્હડી આવતા.

પ્રિય વાચક! આપણે આ રાત્રિને વખતે—આ ભયંકર વખતે યોગી આશ્રમમાં પ્રવેશ કર્યો છે. ભય ના પામતો! એક ગુફાના દ્વાર પાસે ઉભા રહી, આપણે ત્હેમાંથી નિકળતા પવિત્ર સુકંઠના શ્લોકોચ્ચાર સાંભળીશું.

“ જાગી સખિ! હૃદયે આજ સુજ્યોત જાગી !
ભાગી સખિ ભવની ભિડજ આજ ભાગી !
હા ! નાથ ! નાથ ! નિરખ્યા ઉરમાંહિ આજે
આનંદ આજ સખિ ! કેમ કહું ત્હને તે.
તોડ્યાં સખિ ! જગત્ બંધન સર્વ તોડ્યાં,
છોડ્યા સખિ ! વિષયના શણુગાર છોડ્યા,
જોડયા સખિ ! ઉર તણા મરમો પ્રિનેથી,
હા નાથ ! આજ નિરખ્યા સખિ આ ચિતેથી.”

મધુર કંઠે ગાયન સમાપ્ત થતાં, સિતારનો શાંત કર્ણપ્રિય શબ્દ પવનમાં નાચવા લાગ્યો. પુનઃ એજ ગાયન ધીરે ધીરે ગવાતું સિતારના સુર સાથે ભળવા લાગ્યું. જાણે કોઈ દેવ કે દેવિઓ કોઈ યોગિના દર્શન અર્થે આવ્યાં હોય અને આનંદમાં ત્હેમણે જ આ ઉત્સવ કર્યો

હોય! રાત્રિની શાંતિનો વખત! સ્ત્રી કંઠનું હરિકિર્તન! સિતારનો શાંત શબ્દ, એ સર્વેનુ વર્ણન કરવા અમ્હારી પાસે શબ્દો નથી. મિત્ર પાઠક! સંગીતનો ત્હને પ્રેમ હોય, ત્હારા જીવનમાં કોઈ એવો વખત અનુભવ્યો હોય કે બહારનું સર્વસ્વ ભૂલી–દુઃખી જગતનાં દુઃખો વિસરી તું એ સંગીતમાંજ રમ્યો હોય, પળવાર એ સંગીતની સુંદર નૌકામાં બેસી તું દેવલોક–આનંદલોક તરફ ઉડયો હોય, તો તે પવિત્ર સમયનું સ્મરણ કરી તૃપ્ત થજે.

ધીમે ધીમે અન્ય વાદિત્રોના સ્વર ભળ્યા, નૃત્ય વાદિત્ર સંભળાવા લાગ્યાં. કરતાલનો પ્રિય શબ્દ થયો. એકને સ્થાને અનેક કંઠમાંથી મધુર સ્વર નીકળવા લાગ્યા–આસપાસના પ્રદેશમાં આનદથી મધુર લહરીઓ પ્રેરવા લાગ્યા.

કોઈ યુવાન આ ગાયનના પ્રભાવથી–ગાયનના બળથી આકર્ષાઈ આ ગુફાના દ્વાર પાસે આવી ઉભો. ત્હેના મુખપર વિસ્મયતા અને આનંદ નિર્ભયતા અને કંઇક ચિંતા દ્રષ્ટિગોચર થતાં હતાં. વાંચક! તું આ પથિકને જરૂર ઓળખતો હઇશ. તે આપણી કથાનો વાચક સ્યામસુન્દર છે.

યોગીઆશ્રમ સંબંધી દતકથાઓ ત્હેણે પણ સાંભળી હતી, અને તેથીજ ત્હેણે અહીં આવવાનો વિચાર કર્યો હતો. તરૂ અને માધવને રડતાં મૂકી તે બહાર નીકળ્યો. બે ચાર રસ્તાપરથી પસાર થઈ તે શહેરની બહાર આવ્યો, થોડો વખત ઉભો રહ્યો રાત થોડી હતી, હવે જેમ બને તેમ તરતજ નીકળી જવું એજ ત્હેનો નિશ્ચય હતો. એક માર્ગ નદિ પરથી જવાનો તો બીજો માર્ગ રેલવેનો હતો.

આ બન્ને માર્ગ ત્હેને ન રૂચ્યા. ત્રીજો માર્ગ વનમાં થઈને જવાનો

હતો. યુવાન માણસ, સાહસિક હૃદય ત્હેને મૃત્યુની બ્હીક ન હતી, સંસારનાં સંકટોનો આ વૈરાગ્ય વખતે ત્હેને થોડોજ ભય હતો. આ માર્ગેજ ત્હેને વધારે રૂચિકર લાગ્યો. ત્હેણે એ દિશા લીધી. થોડેક ચાલતાં ત્હેણે એક ઘર જોયું, કોઈ ખેડુનું ઘર હતું. અશ્વો અને બીજાં વાહનો અહીંથી મળત પણ આની પાસે એક દમડી પણ ન હતી. પાછળ પ્રાતઃકાળ થતાં કદાચ લોકો આવી પકડી કંઈ નકામું કષ્ટ આપે એવી બ્હીક પણ હતી. ત્હેની દૃષ્ટિ એક વસ્તુ તરફ ગઇ. લગ્ન વખતે ઇન્દુના મામાએ આપેલી વીંટી ત્હેણે જોઇ, "ઇન્દુની છેલ્લી નિશાની! ત્હને આપી દઉં! ઇન્દુનો ત્યાગ કરી શું ત્હારો પણ ત્યાગ કરૂં?" ગદગદિત અવાજે તે બોલ્યો, "ના! ના! ત્હને તો જાળવીશ. ત્હને મૃત્યુ પર્યંત સાચવીશ. ત્હારૂં દર્શન કરી તે પવિત્ર આત્માનું સ્મરણ કરીશ." આ ઉચ્ચાર સાથેજ અશ્વ ભાડે લેવાનો વિચાર પણ ત્હેના મનમાંથી દૂર થયો, વિચાર દૂર થતાં ધીમી પડેલી ગતિ પાછી સતેજ થઇ. જરા પણ વિશ્રામ લીધા વિના તે એક કલાક ચાલ્યો, પ્રાતઃકાળની રમણીય રોશનીનું કલ્યાણકારી દર્શન થયું. રાત્રિસમસ્ત બીડાઇ ગએલી–દીન થઇ રહેલી પદ્મિનીઓ ભગવાન સૂર્યના દર્શનથી પ્રફુલ્લિત થવા લાગી. સર્વે વનસ્પતિમાં નવીન તેજ પ્રવેશવા માંડયું. પક્ષીઓ આનંદ ગાયન કરતાં ઉડવા લાગ્યાં. જાણે ચાલનાર પથિક હૃદયને પણ ઉત્સાહ આપતાં હોય!

સૂર્યોદય પછી પણ શ્યામસુન્દર ત્રણેક કલાક ચાલ્યો, તદન થાકી ગયો. ચાલવાનો–આટલું ચાલવાનો પ્રસંગ આજે ત્હેણે પહેલીવારજ અનુભવ્યો હતો. ભૂખ કકડીને લાગી હતી. તૃષાથી કંઠ સૂકાઇ ગયો હતો. આતુર દૃષ્ટિ આસપાસ કોઇ જળાશયની શોધમાં ફરવા લાગી. થોડીવાર ચાલ્યા પછી એક સુંદર સરોવર દૃષ્ટિગોચર થયું. આતુરતાથી

ત્હેણે તે માર્ગ લીધો, તળાવની આસપાસ લીલું સુંદર ઘાસ શોભી રહ્યું હતું, ગાયો ભેંસો અહીં ફરતી હતી. કેટલીક તે પ્રદેશની ગ્રામ્ય સ્ત્રીઓ પાણી ભરવા જતી આવતી હતી. આ પ્રવાસી પણ તે જળાશય પાસે આવી પહોંચ્યો. દૃષ્ટિ આસપાસ ફેરવી જોતાં એક બાજુ ત્હેને ભય તો બીજી બાજુ આશાનાં ચિહ્નો જણાયાં.

સ્નાનાદિક કર્મ આટોપી લઇ તે આ નિર્જન સ્થાનમાં બેઠો. અંતઃકરણનો ભાર ઓછો થતાં મન વિશુદ્ધ નહીં છતાં વિશુદ્ધતાના વિચારો આવતાં, તે દીન જેવું થયું. પ્રભુ પાસે યાચના કરવા-ત્હેની પાસે જવા ઉત્સુક થયું. આવી ઉત્કંઠા—આવી ભક્તિ અદ્રશ્યને માટે આટલી શ્રદ્ધાનો આ પ્રવાસીએ આ પહેલીવારજ અનુભવ કર્યો. પ્રભુના બળથી હૃદય બળવાન થયું—અનાથતા મટી સનાથતા જણાઇ. ક્ષુધા, તૃષા પણ જરાવાર ભૂલી ગયો.

ક્ષુધાથી આર્ત છતાં શું ખાવું ? શું આમની પાસે હાથ ધરૂં ? લાખો રૂપિયા છતાં ભિક્ષા માગુ ? એવા પ્રશ્નો થયા. થોડુક ધન લીધું હોત તો સારૂં, એ વિચાર થયો. સાથેજ **गतं न शोचामि**—ગઈ વાતનો શોક ન કરવો એમ ખુલાસો થયો. પણ ત્યારે ખાવું શું ? એ દીન પ્રશ્ન પાછો આવી ઉભો રહ્યો. 'મરૂ તોય માગું નહીં અપને હીતકે કાજ.' આ દૃઢ વાક્ય બોલતાંજ તે ઉઠયો, અને આગળ ચાલ્યો. કલાકેક વધુ ચાલ્યો. સ્નાનાદિકથી શરીર તાજું થયું હતું એટલે આટલું તો ચલાયું પણ હવે આગળ ચાલવા શક્તિ ન રહી. હે હરિ ! હે નાથ ! ! આવા શબ્દોચ્ચાર કરી નિશ્વાસ નાખી એક મ્હોટા વડ વૃક્ષની છાયા તળે જઇ બેઠો. સૂવાનો—જરા આરામ લેવાનો વિચાર થયો, સૂકી ભૂમિપર પડયો, પણ ક્ષુધાથી નિંદ્રા ન આવી. દૃષ્ટિ વૃક્ષ ઉપર

જોવા લાગી. પક્ષીઓને એ વડ ટેટાઓ ખાતાં જોયાં, ક્ષુધાને માટે આ ઠીક ઉપાય જડયો. મિષ્ટાન્નથી—સારા ભોજનથી જે તૃપ્તિ થાય તેજ આનાથી થશે. હીંમતથી તે ઉપર ચ્હડયો, ટેટાઓ ઉતારી ખાધા. જૂદી જૂદી જાતનાં અનેક પકવાનો હાજર છતાં જેને તૃપ્તિ ન થાય—કંઇક ન્યૂનતા જણાય તેવાને આજે આ પક્ષીઓનો ખોરાક તૃપ્તિ આપી શક્યો. ક્ષુધા તૃપ્ત થતાં આંખો પણ ઘેરાઇ અને એકાદ પ્રહર અનેક સ્વપ્નો જોતો સૂઇ રહ્યો. ઠંડા પવનની સાયંકાળની લહરીઓએ ત્હેને જગાડયો. દૃષ્ટિ ફરી ત્યાગેલા નગર તરફ ગઇ, કદાચ કોઇ આવી પકડી પાડે તો? શા માટે આ કષ્ટ વેઠવા કરતાં પાછો ઘેર જઇ માતાની સેવા કરી—પ્રભુની સેવા કરી—રંક મ્હારા ભાઇઓની સેવા કરી આ જીવનમાં આનન્દ ઉત્પન ન કરૂં? એવી શંકા થઇ. પળવાર સ્તબ્ધ થઇ ગયો.

"દિલદાર મીલા ચાહે તો તું મયકુ બિસર જા,
જો ઇશ્ક કીયા ચાહે તો તું સરકુ બિસર જા!"

આ વીર વાક્ય સ્મરણમાં આવતાં ફરી તે ઉઠ્યો. ઉત્સાહથી, નવીન આશાથી ત્હેણે યોગીઆશ્રમનો માર્ગ લીધો. રાત્રિના નવેક વાગે તે આશ્રમ પાસે આવી પહોંચ્યો. 'તપોવને શાંત પડે વિકારો' તેમ આ પવિત્ર આશ્રમમાં પગ મૂકતાં ત્હેના વિચારોમાં નવા ફેરફારો થઇ ગયા, હરિની ધૂન લાગી. પરમાત્માના મહિમાનાજ તર્કો થવા લાગ્યા. એક પળે તે કોઇ મ્હોટી ગુફા જોતાં, સિંહ વ્યાઘ્રની કલ્પના થતાં ભયથી ધ્રૂજતો તો બીજીજ પળે પુનઃ મૃત્યુ એ પણ મીઠું છે, હરિ કરે તે સારા માટે, હવે પ્રભુની પ્રસન્નતા જોઇશું, એવા એના મધુર વિચારોથી આશ્વાસન પામતો, તે આગળ ચાલ્યો, અને ખરેખર જાણે પ્રભુએજ ત્હેને આમંત્રણ કર્યું હોય તેમ ઉપરનો સંગીતધ્વનિ ત્હેના કાન સાથે અથડાયો.

પવનમાં રમતો તે દિવ્ય શબ્દ ત્હેની પાસે ગયો. વિણાના શબ્દથી મૃગ આકર્ષાય તેમ તે આકર્ષાયો. પોતેજ ખેંચાયો. ગુફા પાસે આવી ઉભો રહ્યો. આ ગુફા ઘણીજ લાંબી હતી. બહાર ઉભા રહી જોનારને અંદર ઝાંખું અજવાળું દેખાતું. અંદરના ભાગમાં કંઇ ઓરડા જેવું હોય એમ અનુમાન થતું હતું. શ્યામસુન્દર અર્ધોક કલાક વિચાર કરતો –ગાનારીઓની દિવ્યતાની કલ્પના કરતો–બહાર ઉભો રહ્યો. થોડો વખત તે ગભરાઇ જતો તો જરામાં પાછી શાંતિ પામતો. આખરે ત્હેણે અંદરના દ્વાર પાસે એક સ્ત્રી જોઇ. શ્યામસુન્દર એ સ્ત્રી તરફ જોઇ રહ્યો. સ્ત્રીએ હાથ લંબાવી અંદર આવવા ઇસારત કરી. શ્યામ ગભરાઇ ગયો. પણ હીંમત લાવી અંદર દાખલ થયો. સંગીત બંધ પડી ગયું. ચાળીશેક ફીટ તે મુગો મુગો ચાલ્યો ત્યારે ઓરડાના આકારનું એક સ્થાન આવ્યુ, આ ઓરડો ઉપર બાંધેલો હતો. આસપાસ કોતરેલી દિવાલો હતી. મધ્યમાં સુંદર શિવલિંગ સિવાય કશું ન હતું. અહીં એક બળતા દીવાના પ્રકાશ વડે શ્યામસુન્દર ત્હેને બોલાવનાર સ્ત્રીનું મુખ જોઇ શક્યો. તે યુવાન હતી, સ્વરૂપવાન હતી, મુખ ત્હેનું સુંદર, મોહક હતું. શ્યામસુન્દર આ સુંદરી તરફ જોઈ રહ્યો. જેમ કોઈ પૂર્વ પરિચિત મનુષ્યને જોઈ ઓળખાણ ન પડતાં જેવી સ્થિતિ થાય તેવી સ્થિતિ આ સુંદરીને જોતાં શ્યામસુન્દરની થઇ. ત્હેનું મન અકળાવા લાગ્યું. આશ્ચર્યથી ત્હેને અનેક વિચારો થવા લાગ્યા. હું ક્યાં આવ્યો છું? મ્હારી સ્હામે ઉભેલી આ સુન્દર સ્ત્રી કોણ છે? આ સંગીત કોણ કરતું હતું? તે સંગીત કરનારી સુંદરીઓ ક્યાં ગઈ? આ કોઈ ભૂતોનું કે માયાવી મનુષ્યોનું આશ્રમ તો નથી? આ પ્રશ્નો સાથે ત્હેનું શરીર કંપવા લાગ્યું.

"પથિક, આપ આ મધ્યરાત્રિને વખતે આ સ્થાનમાં કેમ નિકળી આવ્યા?" તે સ્ત્રીએ પ્રશ્ન કર્યો.

શ્યામસુન્દરે મુખ ઉંચું કરી પૂછનાર સ્હામે એક દૃષ્ટિ કરી. તે કંઇપિણ ન બોલ્યો. તે સ્ત્રી પણ વિસ્મય થઈ જોઈ રહી. પળવાર આમ શાંતિ પ્રસરી રહી. પણ આ સ્ત્રીએ શાંતિનો ભંગ કર્યો, "પથિક, શા માટે ભય ધારો છો? પ્રભુના રાજ્યમાં ભય કે ક્લેશનો અવકાશ નથી."

હવે શ્યામસુન્દરને શાંતિ મળી. શાંત ઉત્સાહથી ત્હેનું ભયભીત હૃદય સતેજ થયું, ને બોલ્યો, "સાધ્વી, આપને હું સાધ્વી કહીશ. આપના બોલવા પરથી, આપની વાણિની પવિત્રતા ઉપરથી આપ સાધ્વી છો એમ અનુમાન થાય છે. હુ કેમ આવ્યો તે પ્રશ્ન મ્હને હમણાં ના પૂછો!"

"ઠીક, પણ આપનું નામ?" તે સાધ્વીએ પાછો પ્રશ્ન કર્યો.

"મ્હારૂ નામ શ્યામસુન્દર" તે ટુંકામાં જ બોલ્યો.

સાધ્વી જરા વાર તો નિચું જોઇ રહી, જાણે કંઈ કહેવા ઇચ્છતી હોય પણ કહેવા લજ્જા ઉત્પન્ન થતી હોય' એમ ત્હેનું મુખ કહી આપતું હતું.

શ્યામસુન્દરની વાણી તો શાંત રહી પણ હૃદયમાં કંઇક વિચારો થવા લાગ્યા. આ સુન્દર સ્ત્રી, ભયાનક વનમાં આ લીલી નાજુકવેલી ક્યાંથી? યૌવનના કાળમાં, આનંદના સમયમાં, સંસારસુખના મળસ્કામાં આને વૈરાગ્ય ક્યાંથી? ખરેખર કોઇ મહા પ્રતાપી જીવ છે. હા! પણ એને જોતાં મ્હને કંઇકિ થાય છે. મ્હને ત્હેના તરફ સ્વાભાવિક ભક્તિભાવ ઉત્પન્ન થાય છે. જાણે પૂર્વે કોઇ વખતે એને જોઇ

હોય! શું પૂછું? શું કહું? શ્યામસુન્દર કંઇક પૂછવા કરતો હતો ત્યાં સાધ્વીએ બોલવું શરૂ કર્યું, "આપની પત્નીનું નામ ઇન્દુમતિ!"

'શું! શું! મ્હારૂં નામ પૂછી ઇન્દુનું નામ જાણ્યું!' શ્યામસુન્દર ફરી આશ્ચર્ય ચકિત થઇ ગયો.

"મૈયા, ત્હમે એ શી રીતે જાણ્યું? મ્હારી પત્નીનું નામ ઇન્દુ-મતિ હતું."

"હતું કેમ બોલ્યા?" વિસ્મય થઇ સાધ્વી બોલી.

શ્યામસુન્દરનો કંઠ રૂંધાઇ ગયો. "મૈયા! તે આ સંસારમાં નથી. ગઈ!!" સાધ્વીનું મુખ દયામણું-દીન થઈ ગયું. પાંચેક મીનીટ તે શ્યામસુન્દરના મુખ તરફ જોઇ રહી અને પછી ચાલી ગઈ. ગુફાની બહાર નીકળી ગઇ. શ્યામસુન્દર આશ્ચર્યથી આ દેખાવ જોઇ રહ્યો. હવે ત્હેની અજાયબી પહેલાંથી બમણી થઇ. પાંચ સાત મીનીટ તે દ્વાર તરફ જોતો બેસી રહ્યો ત્યાં પુનઃ તે સાધ્વી અંદર આવી તે જ આસનપર બેઠી.

હવે શ્યામસુન્રે નવા પ્રશ્નને જન્મ આપ્યો, "આપ કેમ ચાલ્યાં ગયાં?"

"એક સંસાર વિચારને દૂર કરવા."

"કયો સંસાર વિચાર?"

"ઇન્દુના સ્વર્ગવાસનો."

"શું આપ મ્હને ઓળખો છો? મ્હને આપનું નામ જણાવશો?"

"શ્યામસુન્દરજી, સંસારનો ત્યાગ કરતાં સંસારી નામનો પણ મેં ત્યાગ કર્યો છે. આપને હું ઓળખું છું તો ખરી!"

"ત્યારે મ્હને એ ઓળખાણુ જણાવવા કૃપા કરશો?"

"શ્યામસુન્દરજી! એ ઓળખાણુ સંસારની હોય! અને સંસારનો તો મ્હેં ત્યાગ કર્યો છે. હવે તો હરિનાં સર્વ બાલકો છે, અને એ રીતે આપણે ભાઇ બ્હેન એજ ઓળખાણુ." આ વાક્યો બોલતાં આ તરૂણુ તપસ્વિનીના મુખપર શાન્ત-પ્રભુમય આનંદ ઝળકી રહ્યો. ત્હેનું મુખ વધારે તેજસ્વી દેખાયું.

શ્યામસુંદર તો સ્તબ્ધ થઇ ગયો. ફરી જરાવાર બન્ને શાંત થઇ ગયાં. માત્ર જરામાં શ્યામ સાધ્વી તરફ તો જરામાં સાધ્વી શ્યામસુન્દર તરફ જોતી.

"મૈયા, અહીં કોણુ રહે છે?" શ્યામસુન્દરે નવા પ્રશ્નને જન્મ આપ્યો.

"હરિના ચર્ણોમાં જેને શુદ્ધ પ્રીતિ છે એવા સાધુજનો."

"હમણુા સંગીત કોણુ કરતું હતું?"

"આશ્રમનું સાધ્વીમંડળ!"

"મ્હને એ પવિત્ર સાધ્વીઓના દર્શનનો લાભ નહીં મળે?"

"અજાણ્યા માણુસ સાથે સ્ત્રી જાતિએ ન ભળાય એવો આ આશ્રમનો સિદ્ધાંત છે. આપ અધિકારી થશો, ત્યારે કદાચ આપને આજ્ઞા મળશે."

શ્યામસુન્દર આ ખુલાસાથી સંતોષ પામ્યો, અને નવો પ્રશ્ન પૂછયો.

"મૈયા આ આપના યૌવકાળમાં સંસારનો ત્યાગ કરવા શું કારણુ મળ્યું?"

સાધ્વી પળવાર તો શાંત બેસી રહી. મુખ ત્હેનું કંઇક દીન

જેવું જણાયું પણ દીનતાથીજ બોલી, “ શ્યામસુન્દરજી ! એ કારણ મેળવતાં નથી મળતું, કહેતાં નથી કહેવાતું, સંસારી પથિક! હરિની જેમના પર પરમ કૃપા થઈ હોય છે તેમનેજ એ કારણ મળે છે. વિચાર કરનારને સંપત્તિ, કીર્તિ, સંતતિની, પ્રીતિની ક્ષણભંગુરતાનું દર્શન થતાં જે અશ્રુઓ પડે છે તેમાંજ એ કારણનું દર્શન થાય છે. શ્યામસુન્દરજી ! મ્હારા પ્રિયથી હું છૂટો થયો, મ્હારી પ્રિયાએ મ્હારો ત્યાગ કર્યો, ચપળા લક્ષ્મી ચલાયમાન મ્હને મૂકી ગઈ, પ્રાણથી પણ અધિક આ મ્હારો પ્રિય પૂત્ર મ્હારા જોતાં કાળનો ગ્રાસ થયો. રે ક્રૂર દૈવ! તું ક્રૂર છે, તેં મ્હને સર્વ સંસારસુખોથી વિરક્ત કર્યો ! આમ કહી નિશ્વાસ નાંખનારાં ! રાતદિવસ અશ્રુ વહેવડાવનારાં નર નારીઓ ત્હમે જોયાં હશે, પણ રે ! રે ! આ સ્વાર્થી જૂઠા સંસારે પ્રેમને નામે અગ્નિથી ભસ્મ કરનારા આ સંસારે મ્હને મ્હારા પ્રિયતમ પરમાનંદ હરિથી છૂટો કર્યો એમ કહેનારા—એમ કહી રડનારા—સંસારનો ત્યાગ કરનારા તો સાધુઓજ છે. ” બોલતાં આ પવિત્ર સાધ્વીનો શબ્દ અચકાયો, નેત્રોમાં અશ્રુઓ ભરાયાં. તે શાંત હૃદય સમાધિમાં તલ્લિન થઇ ગઈ.

શ્યામસુન્દર એકજ ઉત્તરથી સંતોષ પામ્યો, આર્ય દેશની પવિત્ર શ્રદ્ધાને પોતાના દેશના આ વિશુદ્ધ હૃદય સંસ્કારોને તે દીન થઇ પુનઃ પુનઃ નમન કરવા લાગ્યો, અને સાથેજ અંતરધ્વનિ થવા લાગ્યો કે, ભલે આર્યાવર્તના જનો ક્ષુધા અને તૃષાથી પિડાતા થાય—ધનથી—બળથી—કીર્તિથી હીન થાય, સર્વ સામ્રાજ્ય ગુમાવી હજારો વરસો સુધી પરદેશીઓના ગુલામો થઇ રહે, પણ આ શ્રદ્ધા—હરિપરનો આ વિશ્વાસ ત્હેમનો અડગ રહેજો, અને સમય એવો આવશે જ્યારે એજ દીનજનો સમસ્ત સૃષ્ટિને દીન બનાવશે, એજ રંક—ગુલામ આર્યો—

અન્ય દેશોના રાજાઓ અને મહારાજાઓ-અમીરો અને ઉમરાવોનાં મસ્તિકો નમાવશે, ધર્મની વીરગર્જનાથી સમસ્ત ભૂમંડળને ગજાવશે, સર્વે જાઓ પણ અમારી આ શ્રદ્ધા ન જાઓ. વિચાર સમાપ્ત થતાંની સાથે તે સાધ્વીના પગપર પડયો-નેત્રોમાંથી શ્રાવણ ભદરવો વરસવા લાગ્યા.

"બ્હેન, હું ભૂલતો ન હઉં તો ત્હમે નિરૂપમા છો. જગત્ ત્હમારા માટે અનેક વાર્તાઓ કરે છે, અનેક ત્હમારાપર દોષો ચ્હડાવે છે, અનેક રીતે ત્હમારી નિન્દા કરે છે, અને આ દુષ્ટ પણ કોઇ કોઈ વાર તેમાં ભળ્યો હશે. પવિત્ર સાધ્વી માતા! માતા! મ્હને ક્ષમા કરો! ત્હમારો યોગ સાધુઓને પણ મોહ ઉપજાવે એવો છે. માતા! માતા! હું પાપી છું. ત્હમારા ચર્ણોમાં દયા શોધું છું."

નિરૂપમા-તે સાધ્વીએ ત્હેને પોતાના કોમળ હાથવતી ઉઠાડયો અને ત્હેને શાંત કરવા પ્રયત્ન કર્યો, "શ્યામસુન્દરજી! ત્હમારી બુદ્ધિ વાસ્તવિક દિશાએ છે. મ્હારૂં સંસારી નામ નિરૂપમા હતું. જગત્ મ્હારા માટે બોલે-ત્હેને પણ હું ક્ષમાથીજ જોઉંછું-અને આપે જો તેમાં ભાગ લીધો હોય તો આપનો પણ દોષ નથી. ઇશ્વરના રાજ્યમાં દોષ નથી તેમ શિક્ષા પણ નથી. આ પ્રભુનું રાજ્ય છે. શાંતિનું સ્થળ છે. તેમાં દુઃખ ન ધરો."

શ્યામસુન્દર શાંત થયો. થોડો વખત આમ વાતચિત ચાલી, કંઇક હૃદયભાવો ઉઘડયા. રાત્રી ઘણી વીતેલી હોવાથી સાધ્વીએ શ્યામને એક સાદી શય્યા એ શિવાલયમાં પાથરી દીધી. શ્યામને આરામની જરૂર હતી. તે સૂતો, નિરૂપમા ચાલી નીકળી.

પ્રકરણ ૯ મું.

—✻—

સમાચાર.

માણુસ ક્યારે સંતોષ પામે છે? હું તૃપ્ત થયો એવું કયો માણુસ કહે છે? અગ્નિમાં ઘૃત નાંખતાં જેમ તે વધારે વધારે સળગે છે, તેમજ વિષય ઇચ્છિા–જગત્ વાસનાને જેમ જેમ તૃપ્ત કરીએ તેમ તેમ વધારે અતૃપ્ત થાય છે, જેમ જેમ વધારે સુખ મેળવવા પ્રયત્ન કરીએ તેમ તેમ વધારે દુઃખ થાય છે. સ્વપ્ન તે સાચું મનાય છે; અને પોતાપણા રૂપ-હુંપણા રૂપ એક સમર્થ શત્રુ પોતાની મેળેજ ઉભો કરી પોતાનું નથી ત્હેને પોતાનું કહી, પોતાની મેળેજ દુઃખનું બી વવાય છે. કરોળીઆની પેડે પોતેજ કરેલી જાળમાં પોતેજ કેદી થાય છે. અકેક પથ્થર સંગ્રહી રચેલા પોતાપણા રૂપ કોટમાં પોતેજ બંદીવાન થાય છે.

જેમ જેમ એ પોતાપણાનું–સ્વાર્થક્ષેત્ર વિશાળ થાય છે; જેમ જેમ એ હુંપણામાં વૃત્તિઓ વધારે દૃઢ થાય છે, તેમ તેમ આસપાસ વાગતી, રાત્રી દિન મધુર ગાન લલકારતી શ્રી કૃષ્ણની બંસરીનો પવિત્ર–મોહક પ્રેમ શબ્દ દૂર થાય છે. સ્થળે સ્થળે, સમીપમાં સમીપ રમતી, વિહાર કરતી, વિલાસ કરતી, તે હરિમૂર્તિ અસમીપ જાય છે. સંસાર સાથે, અંધકાર સાથે નવાં નવાં યુદ્ધ મંડાય છે, સંસારના સખત વિગ્રહો શરૂ થાય છે, અસમર્થ પોતાનાથી અધિક સમર્થનો માર ખાય છે, તે વળી ત્હેનાથી સમર્થ જોઇ ભયભીત થાય છે, સંસારના રણમાં સર્વ હારી જાય છે, નાશી જાય છે, અને રડે છે.

શ્યામસુન્દરની માતા સૂતી, કોણ જાણે કયા કારણે, કયા પ્રારબ્ધયોગે તે ચારેક કલાક નિદ્રામાં પડી રહી. અવનવાં સ્વપ્નો જોયાં, જાગી, ભયભીત થઇ, શ્યામસુન્દર જો નાશી જાય તો આ જગતમાં મ્હારૂં કોણ સગું? એ ભયંકર વાકય–વિચાર ત્હેના હૃદયને કંપાવતો પસાર થઇ ગયો. જોઉં? એની પથારીમાં જોઉં? એવી શંકા થઇ. ના! ના! એમ તો ના કરે! બાળક છે! કદાચ લાગી આવ્યું હશે! એવો આશાજનક વિચાર આવ્યો. શાંત થઈ. એક વિચાર દૂર થતાં બીજો આવ્યો. ઇન્દુની મૂર્તિ આંખ પાસે ખડી થઇ, જાણે પાસે પાસે ફરતી હોય! ઘરનું કામ કરતી ભયભીત થઈ ત્હેના તરફ જોતી હોય! કે દયાજનક મુખે પોતાની જાણે દયા ઇચ્છતી હોય! આવા વિચારથી તે ધ્રૂજી. અંતરનું પાપ ત્હેને ધ્રૂજાવવા લાગ્યું. મ્હેં ત્હેને દુઃખ તો આપ્યું હતું. પ્રભુ કોણ જાણે મ્હારી શી સ્થિતિ કરશે? મુખ દયાજનક થઇ ગયું. આંખોમાં આંસુ ભરાયાં, અને હૃદયભાર દૂર કરવા તે મ્હોટેથી રડવા લાગી. આસપાસના લોકો જાગી ઉઠયા, કેટલીક સ્ત્રીઓ ત્હેની પાસે આવી ધીરજનાં વાકયો કહેવા લાગી, "બાઈ, આપણું જોર ચાલતું હોય તો આપણે જવા શામાટે દઇએ? ત્હેના વિના એક ઘડી પણ ન ચાલે, તે ચાલ્યા જાય; રડી કૂટી બેસી રહીયે, કોને કહેવાય? તે દિવસ તો ભારે લાગશે બ્હેન! પણ કઠણ કાળજું..." વળી એવું ને એવું જ. ધીરજ આપતાં ધીરજ આપનારીનું હૃદય પણ ભરાઇ આવ્યું. કંઠ રૂંધાઇ ગયો.

"માણસની તો તૃષ્ણા છે, બાકી તો ધણીના ઘરનો હુકમ થાય ત્યારે કહેવાય છે હા કે ના? બાઇ, મ્હારૂ ત્હારૂં કરી મુરખ મન મુંઝાય છે. પણ મ્હારૂં ત્હારૂં સર્વે આવું છે." બીજીએ કહ્યું.

શ્યામસુન્દરની માતા શાંત થઇ. સ્ત્રીઓ જૂદે જૂદે રૂપે ઇન્દુમતીના ગુણોનાં વખાણ કરવા લાગી. સુલક્ષણા પણ એમાં ભળતી–વખાણ કરતી રડવા લાગી. દોઢેક કલાક આમ વીતી ગયો. ઘડીયાળમાં પાંચના ટકોરા થયા એટલે સ્ત્રીઓ ત્હેને સુવાને સ્હમજાવી પોતપોતાને ઘેર ચાલી ગઇ. તે પણ પાછી સૂઇ ગઈ. હમણાં પણ ત્હેને શ્યામની પથારી જોવાનું ન સૂઝયું. જરાવારમાં ત્હેને નિદ્રા આવી ગઇ. બે કલાક પછી ઉઠી. ચારે તરફ સૂર્યનો આછો પ્રકાશ પડવા માંડયો હતો. દૃષ્ટિ એકદમ શ્યામસુન્દરના ઓરડા તરફ દોડી. બિછાનું ખાલી જોયું. જોતાંજ મનમાં ભયંકર ફાળ પડી " શ્યામ ! કયાં ગયો ?" એમ મ્હોટેથી બોલી ઉઠી અને શ્યામના ઓરડામાં ગઇ. બધું ઘર જોયું ! ગાભરી બની, આમ તેમ ફરવા લાગી. આસપાસનાં સર્વ સ્ત્રી પુરૂષોને જૂદા જૂદા પ્રશ્નો પૂછ્યા, પણ કોઇએ સંતોષકારક ઉત્તર આપ્યો નહીં. શૈલેન્દ્ર નામનો એક પડોસી-શ્યામસુન્દરનો મિત્ર હતો. તેને માધવ ને કિશોરના ઘર તરફ મોકલ્યો; પણ ત્યાંએ પત્તો ન લાગ્યો.

અર્ધા કલાકમાં તો આ વાત આસપાસ પ્રસરી ગઇ. વર્તમાનપત્ર કે તાર જેવું કંઇ પણ સાધન ન હોવા છતાં ઘેર ઘેર એજ વાતની ચર્ચા થવા લાગી. કોઇ કહે એને તો સ્મશાનવૈરાગ્ય લાગ્યું. કોઇ કહે એ તો આવશે ભટકી ભટકીને પાછો. 'નારી મુઇ ઘર સંપતિ નાશી, મુડ મુડાયે ભયે સન્યાસી.' આ ત્યાગ એવોજ. કોઇ કહે એના ખોટા કર્મોનુંજ એને લાગ્યું હશે, વળી કોઇક કહે વિદ્વાન હતો. આ વખતે સંસાર શુન્ય લાગે અને એ પળવારની ધૂનમાં કદાચ આ મૂર્ખાઈ કરી હોય ! આ પ્રમાણે સૌ કોઇ વકીલ કે બારીસ્ટર અથવા સોલીસીટરની મદદ વિના–સાક્ષી કે પૂરાવા વિના પોતેજ ન્યાયાધીશ બની યથેચ્છ ન્યાય આપતા હતા.

સ્ત્રીઓની ન્યાયબુદ્ધિ કંઇક એથી પણ નવીન વાતો કરતી. તરૂ ! એતો બધું તરૂનુંજ કાવતરૂં. એના કહેવાથી શ્યામસુન્દરે ઇન્દુને ઝેર આપ્યું કે પિડાઈ પિડાઇને મરી જાય, ત્હેની ખબર સરકારને પડી છે, એવી વાત કોઇ સ્ત્રીએ કહી. બીજીએ તેમાં કંઇક વધારો કર્યો, એમાં ડોસી સુલક્ષણાએ પણ ભાગ લીધો છે. ત્રીજીએ એથી પણ વધુ પુરાવા રજુ કર્યા, તરૂલતાને સરકાર પકડશે, એના ઘર પાસે સાહેબ લોકને મ્હેં જોયા. ચોથીએ કહ્યું, હું સવારે માધવના ઘર પાસેથી જતી હતી ત્યારે તરૂ રડની રડતી કહેતી હતી કે કોઇ બીજા દેશમાં ચાલો. આથી પણ કંઇકિ વધારે ટીકાઓ થવા લાગી.

કિશોર શ્યામસુન્દરને ઘેર આવવા નીકળ્યો. પણ જતાં લગભગ એક કલાક થઇ. જે કોઇ રસ્તામાં મળે તે એજ વાત પૃછતું. કોઇ તો કંઈ નવા નવા પ્રશ્નો કરવા લાગ્યા. તે સર્વને એકજ ઉત્તર આપતો, “મ્હને ખબર નથી, હું હમણાંજ જાઉં છું.’ મહા મુસીબતે તે શ્યામને ઘેર આવી પહોંચ્યો.

ત્હેને જોતાંજ—ત્હેને દૂરથી જોતાંજ સુલક્ષણા રડી પડી. ‘ કિશોરલાલ ! મ્હારો શ્યામ ત્હમે જોયો ? તે ક્યાં ગયો ? કાલે ત્હમારૂં નામ વારંવાર ઉચ્ચારતો હતો. ”

કિશોર શો ઉત્તર આપે. તે સ્તબ્ધ થઇ જોઇ રહ્યો. માધવ પાસે એક માણસ દોડાવ્યો પણ તે આવ્યો નહિ આથી કિશોર પોતે ત્યાં ગયો. માધવની બન્ને આંખોમાંથી અશ્રુઓ વહેતાં હતાં. કિશોરે એક કે બે પ્રશ્નો કર્યા અને બનેલી હકીકતનું અનુમાન કરી લીધું. હવે ત્હેના કંઇ પત્રો છે કે નહીં ? કારણો શું છે? એ તપાસવા ઘેર આવી તે ત્હેનાં પુસ્તકો વિગેરે તપાસવા લાગ્યો.

ટેબલના ખાનામાં એક પરબીડીયામાં ત્હેણે બે પત્રો જોયા. તે સ્પષ્ટ અક્ષરે ઘણીજ ઉતાવળથી લખેલા હતા. એક પત્ર ત્હેના મનો અને એક સુલક્ષણાના નામે હતો. "પત્રો તો છે" એટલું શોર બોલ્યો કે સુલક્ષણા પાસે આવી, આતુર મુખે જોવા લાગી. ીજી કેટલીક સ્ત્રીઓ પણ જોતી હતી. કિશોર પહેલાં સુલક્ષણા ારનો પત્ર વાંચવા લાગ્યો.

"પૂજ્ય માતુશ્રી !

"ગયાને માટે શોક વ્યર્થ છે, છતાં રહેલાના ભવિષ્યના સુખ માટે વિચાર કર્તવ્ય છે. પોતાનો દોષ છૂપાવવાથી દોષ વધે છે, પ્રગટ કરવાથી ઘટે છે. માતા ! ત્હમારી છાતીપર હાથ રાખી પ્રશ્ન કરજો કે ઇન્દુના મૃત્યુના કારણભૂત કોણ ? ત્હમે કહેશો પ્રારબ્ધ ! હા ! ત્હેનું પ્રારબ્ધ અને આપણું કર્મ ! ત્હેણે પોતાનું પ્રારબ્ધ ભોગવ્યું, અને આપણને આપણા દુષ્ટ કર્મોનું પરિણામ ભોગવવું પડશે. મ્હેં ઘણા વિચારો કર્યા. જુવાનીના મદથી, ધનની ખુમારીથી, વિદ્યાના બળથી, માણસ અવિવેકી–મૂર્ખ કેમ થાય છે ? હું નથી સ્હમજી શકતો.

"માતા ! જેને સંસાર સુખ કહે છે, તેવું સુખ મ્હેં જોયું છે, થોડું પણ જોયુ છે, પણ તે હમેશ નથી ટકતું, તે હવે જાણ્યું. સુખ દુઃખમાંજ પરિણામ પામે છે; એ આજેજ જાણ્યું; ત્યારે જે શ્રેય છે; જે સુખથી એક સુખી અને બીજા દુઃખી નથી થતા, જે સુખ જરાવાર હોય અને ફરી અદૃશ્ય થઇ ન જાય, એવું સુખ–પરમ સુખ–અવિનાશી સુખ શોધવાની મ્હને ઇચ્છા થઇ છે."

"માતા ! ત્હમે રડજો ના ! દુઃખી થશો ના ! ખુશી થજો, આનંદ પામજો કે ત્હમારા પાપી પુત્રને આખરે પવિત્ર માર્ગ જડયો

"છે. પાપી તો ખરો પણ પશ્ચાત્તાપને માર્ગે વળ્યો છે, એ વિચાર
"ત્હમને સંતોષ નહીં પમાડે?"

"જે પ્રેમ પ્રેમની ખાતરજ છે, જે પ્રેમ સ્હામા પક્ષમાંથી પ્રેમ-
"નીજ ઇચ્છા કરે છે, તે પ્રેમ નથી, તે સ્વાર્થ છે, અને તેથીજ
"એ સ્વાર્થી સંસારી પ્રેમની હું થોડીજ દરકાર કરૂંછું, માતા! સ્નેહ
"જો ત્હમારો જરાપણ મ્હારા ઉપર હોય, તો આ છેલ્લી પ્રાર્થના
"સ્વીકારશો."

આટલું વાંચી કિશોર અટક્યો, તે આ પ્રાર્થનાના વિચારમાં પડ્યો, અને પોતેજ તે ભાગ વાંચવા લાગ્યો.

"કિશોરલાલ, અટકો નહીં. મ્હને સંભળાવો–મ્હારો પુત્ર છેલ્લી કઇ પ્રાર્થના કરે છે?" ગભરાયલી માતા રડતાં રડતાં બોલી કિશોરે ફરી વાંચવું શરૂ કર્યું.

"આપણી મિલ્કત લગભગ સવાલાખ રૂપિયાની થવા જાય છે,
"ત્હેનો અર્ધો ભાગ રાજનગરમાં ઇન્દુમતિના નામનું એક વિધવા
"આશ્રમ સ્થાપવામાં વાપરજો. પચીશ હજાર રૂપિયા ત્યાંના અનાથ
"આશ્રમને આપજો. પચાશ હજાર રૂપિયા આપણી જ્ઞાતિની કૉલેજ-
"માં વાપરી, બાર હજાર લગભગ કન્યાશાળા કે એવાં પરમાર્થનાં
"ખાતાઓમાં આપી દેજો. આ વ્યવસ્થા કિશોરલાલને સોંપશો."
આ વાક્ય વાંચતાં કિશોર જરા શરમાઈ ગયો. તેણે નિચે જોયું; માતાએ ફરી આગ્રહ કર્યો, એટલે ફરી મ્હોટેથી વાંચવા લાગ્યો.

"વ્હાલી મા! હું ત્હમને અંતઃકરણથી ચ્હાઉંછું, અને તેથીજ
"ઇચ્છું છું કે ત્હમે રંક થઇ જાઓ! બે હજારના વ્યાજમાંથી ત્હમે
"ગુજરાન ચલાવતાં શીખો! રંકજનોના ઘરનો શું આનંદ છે તે

"અનુભવો! મુતા એ રંક આનંદમાં, ગરીબાઇના એ પ્રેમમાંજ ત્હમને
"શ્રેયનો માર્ગ દેખાશે."

કિશોર રડી પડ્યો. ગર્ભ શ્રીમન્ત—જેણે ન્હાનપણુથીજ ધન અને ત્હેની મઝાઓ પારકે પૈસે પરમાનંદ શોધવાની લાલચે કરી હતી, ત્હેનાજ હૃદયમાં આવા ગુપ્તભાવો જોઇ ત્હેનું હૈયું ભરાઈ આવ્યું. શ્યામની માતા પણ રડવા લાગી. સર્વ સ્ત્રીઓનાં મુખ દીન થઇ ગયાં. થોડો વખત કોઇથી કંઇ બોલાયું કે પુછાયું નહીં.

"ત્હમારા અને મ્હારા શ્રેય માટે આ છેલ્લી પ્રાર્થના સ્વીકારશો. એજ."

"ત્હમારો પાપી પુત્ર."

ગદગદિત કંઠે કિશોરલાલે પત્ર સમાપ્ત કર્યો, અને પછી દૃષ્ટિ પોતાના પત્ર તરફ વાળી. તેમાં આ પ્રમાણે હતું.

"વ્હાલા કિશોર,

"ત્હને મળી ન શક્યો. માણુસની બુદ્ધિ જ્યારે વિપથગામિ
"થાય છે, ત્યારે ત્હેને સારૂં કહેનારા—ત્હેનું કલ્યાણ ઇચ્છનારા પણ
"શત્રુ જેવા લાગે છે; ત્હેનું હિત કરનારા હત્યારા જેવા ભાસે છે.
"કિશોર! તું મ્હારો ખરો મિત્ર હતો, ખરો હિતચિંતક હતો, મ્હારા
"જીવનના ઉંડામાં ઉંડા વ્યાપારો તું જાણુતો હતો, ત્હેની પરીક્ષા
"તેં કરી હતી, અનેક વાર મ્હને સારી સલાહ આપી હતી; પણ
"મ્હને સારૂં ન સૂઝ્યું."

"મ્હેં—પાપીએ અનેક વાર ત્હારી નિંદા કરી, અનેક વાર
"ત્હારાથી ક્રોધે ભરાયો, પણ ઉદાર મિત્ર! ત્હેં ઉદારતાજ બતાવી,
"ત્હારો પ્રેમ એવાજ નિર્મળ રાખ્યો, અને આપ પણ ખુલ્લા હૃદય-
"થી મ્હને યોગ્ય વચનો કહ્યાં. તું પ્રેમી હતો—તું મ્હને ચહાતો

"હતો એ ત્હારા આજના વાક્યોએજ મ્હને દેખાડયું. મિત્ર ! આજે "ત્હારા એક એક વાકયમાં મ્હારા હૃદયને વિંધી નાખનારાં બાણો "જોયાં, અને તેથીજ મ્હારી ગયેલી બુદ્ધિ પાછી મળી. બસ હવે "થયું. એક વાર જે મદિરાના દુષ્ટ પરિણામથી વાકેફ થયો તે શું "ફરી ગમે તેટલી લાલચો મળે તોપણ, દેખાતા ગમે તેટલા લાભો "થાય તોપણ મૂર્ખ થઇ ફરી તેનું .પાન કરશે? ફરી એ અધમ "વસ્તુ તરફ દષ્ટિ કરવાની પણ હીંમત કરશે ? નહીંજ.

"પ્રિય કિશોર ! જે સુખ હું ભોગવતો, જેને હું સુખ કહેતો, "તે સુખ નહીં પણ ગાંડપણ હતું અને તે જાણતાં–ગાંડપણનું જ્ઞાન "થતાં તે પોતેજ દૂર થયું છે. મ્હેં સ્વેચ્છાથી તેનો ત્યાગ કર્યો છે. "માતાને મ્હેં કહેલી પ્રાર્થના પ્રમાણે ચાલવા ત્હમે પણ પ્રાર્થના "કરશો. એજ.

"અભાગિયો ત્હારો મિત્ર."

કિશોરલાલ થોડો વખત તો તદન શાંત બેશી રહ્યો. ફરી ફરી ત્હેની દષ્ટિ એ પત્ર તરફ જતી હતી. સંસારના સુખોમાં રચી પચી રહેલા શ્યામને એકાએક આમ કેમ સૂઝયું હશે–એનોજ તે તો વિચાર કરવા લાગ્યો.

"કિશોરલાલ ! શું હવે મ્હારા શ્યામસુન્દરને હું પાછો નહીં જોઉં? જંગલના કે બીજાના ઘરનાં દુઃખો એ કોમળ મનનો મ્હારો પુત્ર કેમ સહન કરી શકશે"? માતા રડી પડી.

કિશોર કંઇ પણ ઉત્તર આપ્યા વિના શાંત બેસી રહ્યો.

"માજી, હમણાં રડવાનો વખત નથી. જેમ વધુ વખત જશે, તેમ શ્યામ ત્હમારાથી વધારે દૂર થશે. ત્હમે સંસારનાં અનેક સંકટો

વેઠયાં છે, અનુભવી છો, ધીરજ ધરી વિચાર કરો!" શૈલેન્દ્ર જે પાછળ ઉભો ઉભો આ પત્રો સાંભળતો હતો તે હમણાં આગળ આવી હિંમતથી બોલ્યો.–

"ત્યારે હવે કરવું શું? મ્હારા પુત્રે કરેલી પ્રાર્થનાનું શું કરવું?" માતા પાછી બોલી. "એ સઘળું પછી થશે. હમણાં તો એને શોધવાનો વિચાર કરો." શૈલેન્દ્રે કહ્યું. આ વાક્ય સાંભળતાં–આ વિચાર જોતાં, સુલક્ષણાના હૃદયમાં શાંતિની કંઇક લહરી પસાર થઇ ગઇ. ત્હેને પણ એ ઠીક લાગ્યું.

કિશોરથી હવે બોલ્યા વિના ન રહેવાયું. "માતા! હું અંતઃકરણ ઉઘાડીને કહું છું. સંસારમાં બે માર્ગ છે, એક દૈવિ સંપત્તિનો, બીજો આસુરી સંપત્તિનો. દૈવિ માર્ગપર ચાલનારાઓ કલ્યાણ શોધે છે. આસુરી માયામાં ફસાનારાઓ–થોડા વખત માટે કદાચ સુખ મેળવે છે; પણ આખરે એ સુખ દુઃખમાંજ ફેરવાઇ જાય છે. દૈવિ–કલ્યાણ માર્ગમાં પહેલાં કદાચ દુઃખ પણ થાય છતાં અંતે પરમ સુખ પ્રાપ્ત થાય છે; માતા! સ્યામને હું ચહાતો હતો. હજી પણ એજ પ્રેમથી એને ચહાઉંછું. ત્હેના આ એકાએક ચાલી નીકળવાથી મ્હને ઘણુંજ લાગી આવે છે. ત્હેની સ્થિતિ માટે મ્હને ઘણું દુઃખ થાય છે, છતાં ત્હેણે જે માર્ગ શોધ્યા છે, જે માર્ગ તરફ વળ્યો છે, તે કલ્યાણ માર્ગ છે."

માતા આ છેલું વાક્ય સાંભળતાં ચોંકી. કિશોર વધારે બોલતો હતો, પણ શૈલેન્દ્રે વચમાં બોલી ત્હેને અટકાવ્યો.

"ભાઇ, એ ત્હમારૂં તત્વજ્ઞાન હમણાં કૃપા કરી રહેવા દો. માજીનો જીવ જાય છે, અને ત્હમને આનંદ થાય છે."

કિશોર સ્તબ્ધ થઇ ગયો. ક્રોધથી આંખો લાલ થઇ ગઇ; પણ

અંતરની કોઇ શક્તિએ જાણે હેને બોલતાં અટકાવ્યો હોય ! તે તરત-જ ઉઠી ચાલતો થયો. સૌની દૃષ્ટિ એના તરફ ખેંચાઇ પણ કોઇથી કંઇ બોલાયું નહીં.

“ માજી સારૂં થયું, આની સલાહથી તો શ્યામ ભાગી ગયો. વળી ત્હમે પણ આની સલાહ લેશો તો હેરાન થશો. પોલીસને ખબર આપો અને કોઇ માણસને યોગિઆશ્રમ તરફ મોકલો ! કારણ કે આવા આના વિચારો એને તહીંજ લઈ ગયા હશે.” શૈલેન્દ્રે અભિપ્રાય આપ્યો.

“ બરાબર છે. ત્યાંજ ગયો હશે. કોઈ તરત જાય, તો કાલેજ પાછો અહીંયાં! જુવાન છોકરો છે.” એક સ્ત્રીએ શૈલેન્દ્રની વાતને ટેકો આપ્યો.

“ પણ યોગિઆશ્રમ તરફ જાય કોણ?” સુલક્ષણા ફરી બોલી.

કોઇએ કંઇ પણ ઉત્તર ન આપ્યો. સૌની દૃષ્ટિ શૈલેન્દ્ર તરફ વળી.

“ માજી, મ્હને શ્યામ માટે બહુ લાગે છે; હું પણ સંસારી માણસ રહ્યો. સો વિચાર કરવાના. યોગિઆશ્રમમાં જવું કઈ સહેલ વાત નથી.” શૈલેન્દ્રે નમ્રસ્વરે કહ્યું.

“ પણ બીજું કોણ જાય ભાઇ ! તું હીંમતવાળો છે, માર્ગનો જાણનારો છે. બસો રૂપિયા ખરચ લાગે તો ચિન્તા નહીં, પણ તું જાય તો સારૂં.” સુલક્ષણા બોલી.

“ ઠીક, જો ત્હમારી ઇચ્છા હોય તો હું જઇશ, સાંજે જઇશ. રૂપિયા બસો સાથે જોઇશે, અને પચાસ રૂપિયા કુટુમ્બ ખર્ચ માટે અહીંયાં રાખી જવા પડશે.” શૈલેન્દ્રે કહ્યું.

માતા સુલક્ષણા સ્હમજતી હતી; પણ ગરજવાનને અક્કલ નહીં. તે બિચારી સ્હમજી કે આટલું ખરચતાં પણ આવે તો સારૂં, અને તેથી તેમ કરવાની પણ તેણે હા કહી.

અહીં વાચકને આ શૈલેન્દ્રની ટુંક ઓળખાણ આપવાની જરૂર છે. રાજનગરમાં કજીયા દલાલને નામે આ યુવાન પ્રખ્યાત હતા. કોર્ટોમાંજ ઘણું કરી કામ કરતા. કોઇની જુઠી સાક્ષીઓ પૂરતા, તો કોઇને કોર્ટમાં કેમ બોલવું ત્હેની સ્હમજ પાડતા, ને કોઇને ખોટા કેસો કેમ માંડવા ત્હેનું શિક્ષણ આપતા. આવા ધંધામાંથીજ એ પોતાની આજીવિકા પ્રાપ્ત કરતા. ધરણીધર રાજનગરમાં આવ્યો ત્યારથીજ આ માણસની ત્હેને ઓળખાણ થઇ હતી. તે શ્યામથી ઉમ્મરે તો સાત કે આઠ વર્ષ મોટો હતો છતાં શ્યામ ત્હેને કાકા કહી બોલાવતો. ધરણીધરના વખતમાં આ કુટુમ્બમાંથી ત્હેને થોડોજ લાભ થતો, પણ શ્યામ આ કાકાને રાજી રાજી રાખતો. હમણાં ત્હેને પ્રાપ્તિ કરવા ઠીક અવસર આવ્યો. "ઠીક થયું. હવે આ લોભી સુલક્ષણાને આપણું લક્ષણ બતાવવાનું ઠીક થશે. પંદરેક દિવસ અહીં તહીં ફરી રૂપિયા અઢીસોનું પાણી કરી.પાછો ચાલ્યો આવીશ. કોણ જશે યોગિઆશ્રમમાં જીવના જોખમે ?" આવા ઉદ્ગારોસાથે ત્હેણે પરમાર્થનું દયા ભરેલું કાર્ય (!) કરવાનુ માથે લીધુ.

પ્રકરણ ૧૦ મું.

પૂર્વ સ્મરણ.

* In man's celestial spirit; virtue thns,
Sets forth and magnifies herself; thus feeds
A calm a beautiful a silent fire,
From the encumbcrances of mortal life,
From error disappointment, nay, from guilt,
And sometimos as relenting justice will
From palpable oppressions of despair

Wordsworth.

સંસારની જૂઠિ પ્રીતિ! ત્હને જોઇ, માયાની મોહકમૂર્તિ! આજે ત્હારૂં દર્શન થયું. શ્યામ! મ્હારો મિત્ર શ્યામ! જેને હું પ્રાણ સમાન ગણતો હતો, જેને હું પ્રાણાધાર કહેતો હતો, તે મ્હને જતાં જતાં કહેતો ગયો કે મ્હારો પ્રેમ ત્હારાપર નહીં પણ મ્હારા સ્વાર્થપર હતો.

---

* ભાવાર્થ—માણસના પવિત્ર આત્મામાં સદ્દગુણ–ધર્મ આ રીતે પ્રવેશ કરે છે, અને દર્શન દે છે. જ્ઞાની માણસના જીવનમાં ત્હેની ભૂલોમાં, ત્હેના દુર્ગુણોમાં, ત્હેની નિરાશામાં, એક શાંત સુન્દર અને નિર્ભય અગ્નિ પ્રકટે છે, અને ક્યારે ક્યારે તો એ પરમાત્માનો પ્રતાપ ઇશ્વરનો ન્યાય ત્હેના અસાધ્ય દુઃખ અને ક્લેશની નિરાશામાં પણ દેખાય છે.–(વર્ડ્ઝવર્થ).

રડતાં રડતાં મ્હને કહેતો ગયો કે જગત્ સ્વાર્થના વ્યાપારનું બજાર છે, જગત્ અંધાઓને ઠગવાનું સ્થાન છે.

"તરૂ ! એ વિશ્વાસઘાતિની–પાપિણી તરૂ ! ત્હારા 'પ્રાણનાથ' શબ્દમાં કેટલો દંભ હતો ! 'પ્રાણાધાર, પધારો મ્હારા નાથ,' એ ત્હારાં મીઠાં મીઠાં વાક્યોમાં કેટલી કટુતા હતી, એ હું હમણાંજ સ્હમજ્યો. તરૂ ! ત્હારૂં હૃદય પ્રેમશૂન્ય છે, એ હું હમણાંજ સ્હમજ્યો." દીન થઇ ગયેલો માધવલાલ રડતાં રડતાં બોલ્યો અને પાછો ત્હેના પગ પાસે પડેલી તરૂ તરફ, સંસારના જૂઠા સ્નેહની અનેક કલ્પનાઓ કરતો, તરૂની દુષ્ટતાનો વિચાર કરતો, તિરસ્કારથી ત્હેના તરફ નજર કરતો, જરામાં વળી સ્યામસુન્દરનાં મીઠાં મીઠાં વાક્યોનું સ્મરણ કરતો, ત્હેમાં જ ત્હેનો અધમ સ્વાર્થ જોતો, પોતાના ભોળપણ માટે પશ્ચાત્તાપ કરતો, પોતાપરજ દયા લાવતો, પોતાનેજ ધિક્કારતો તે બે ત્રણ મિનિટ ઉભો રહ્યો.

"નાથ ! હું પાપિણી છું, અભાગણી છું, વિશ્વાસઘાતિની છું, છતાં ત્હમારી દયાની પ્યાસી છું. પ્રાણાધાર! હું ત્હમારી દાસી છું." તરૂલતા ઉઠી, ભૂમિ તરફ જોતી રડતાં રડતાં બોલી.

"પાપ પણ આવાં પવિત્ર વાક્યોની પાછળજ છૂપાય છે. તરૂલતા ! ત્હારા બોલવાપર હવે મ્હને વિશ્વાસ નથી."

"પ્રાણાધાર ! મ્હારૂં હૃદય ચિરીને જૂઓ ! મ્હારા હૃદયના અણુઅણુમાં દૃષ્ટિ કરો ! અને ત્હમને જણાશે કે ત્હેમાં પશ્ચાત્તાપ છે, દુઃખ છે–ભય છે. મ્હારાં અધમ કૃત્યોનાં ચિત્રો છે. નાથ ! દયા કરો !"

"તરૂ ! સંસારમાં પ્રેમ નથી, તો દયા ક્યાંથી હોય ? તરૂ ! પ્રેમ અને દયાને નામે હળાહળ સ્વાર્થ–અસત્યતાજ પ્રવર્તે છે. મ્હને

દયા નથી. તરૂ ! મ્હને વિશ્વાસ નથી. ત્હારાં વાક્યોમાં મ્હને વિશ્વાસ નથી, ત્હારા રડવામાં મ્હને વિશ્વાસ નથી.”

“ નાથ ! માધવ ! ત્હમે જો વિશ્વાસ નહીં કરો, ત્હમે જો આ દીન ત્હમારી અર્ધાંગનાપર વિશ્વાસ નહીં કરો, તો ત્હેને આ જૂઠા જગમાં રહેવાનું સ્થાન પણ ક્યાં રહેશે ? ”

“ તરૂલતા ! હું દયાળુ નથી, છતાં મ્હને દયા આવે છે. ત્હારાં આવાં દીન વાક્યો સાંભળી મ્હારૂં હૃદય ભરાઇ આવે છે. પણ બીજીજ પળે મ્હારૂં મન કંપે છે–ધ્રૂજે છે. તેં મ્હારા શુદ્ધ વિશ્વાસનો ખોટો લાભ નથી લીધો ? શું તેં વિશ્વાસુનો વિશ્વાસઘાત નથી કર્યો ? ”

તરૂલતા નીચું જોઈ રહી એક અક્ષર પણ ન બોલી શકી.

“ તરૂ ! સંસારના લોકો આજે મ્હને અંધારી રાત્રિમાં અંધકારમાં ભમતા અંધ જનો જેવા જણાય છે. મ્હારી આસપાસ–ત્હારી આસપાસ–જગની આસપાસ હું પ્રબળ અંધકારને જોઉછું; સર્વે ભમે છે–ભટકે છે, અંધકાર સાથે બાથ ભરી બળનો ક્ષય કરે છે.”

“ સત્ય છે ! સત્ય છે ! આજેજ તે સત્ય જણાય છે. નાથ ! હું સ્વામીદ્રોહી–પ્રભુદ્રોહી–નીતિદ્રોહી–પાપિણી છું. જેવો અને જેટલો પ્રેમ મ્હેં એક માણસ–મૃત્યુવશ–મોહવશ એક માણસપર રાખ્યો ત્હેનો અર્ધો પણ જો દીન શરણ ભગવાનના ચરણમાં રાખ્યો હોત તો શું તે આજે મ્હને આમ રડતી મૂકત ! શું તે હરિ મ્હને દુઃખી કરત ?” તરૂલતા એક બાળકની પેઠે મ્હોટેથી રડવા લાગી. માધવ દીનમુખે ત્હેના તરફ જોઇ રહ્યો.

“ નાથ ! હવે મ્હને એકજ વાર અવકાશ આપો ! એકજ વાર આપની દાસી સ્હમજી આ ત્હમારા પવિત્ર ચર્ણોની સેવા કરવાની

આજ્ઞા આપો ! નાથ આ નગરનો ત્યાગ કરો ! કોઈ અન્ય નગરમાં અજાણ્યા થઇ પ્રભુ–ભક્તિ કરી આપણે દીન ગુજારિયે."

માધવ સ્વભાવે નિખાલસ હતો. તરૂલતાનાં આ દીન દયાજનક વાક્યો સાંભળી ત્હેનું હૃદય દ્રવ્યું-દુ:ખી થયું. ફરી એક વાર ત્હેને દયા આવી. તરૂનું છેલ્લું વાક્ય ત્હેને ઠીક લાગ્યું, ત્હેને ગમ્યું.

"તરૂ ! દુ:ખનો ઉપાય એકજ છે. પરમાત્માના ભજનમાં દુ:ખની ઔષધિ છે. ખરા અંતઃકરણથી જો તું એ દીનાનાથનાં ચર્ણો સેવીશ, તો અવશ્ય તે ત્હને ક્ષમા કરશે, ત્હારાં પાપ માફ કરશે, એક વાર ફરી ત્હને પવિત્ર સુખ જોવા ભાગ્યશાળી કરશે."

"નાથ ! કોઈ શ્વાન હોય, અધમ પ્રાણી હોય, કોઈ વાર તે એક સુંદર પાત્ર જુએ, તે જોઇ મોહ પામે, તેમાં રહેલા ઝેરનો વિચાર ન કરે, અને તે કદાચ પીયે; પણ એક વાર જ્હેને જ્ઞાન થયું છે, એક વાર જેણે એ ઝેર જોયું છે તે શું ત્હેનો પાછો સ્પર્શ પણ કરશે ? નાથ ! હું ભૂલી છું. હવે મ્હને અનુભવ થયો. સ્વામી ! એક વાર ત્હમારી પ્રીતિની ભાગિની કરો ! એક વાર ત્હમારા મનની માનિની કરો ! એક વાર ફરી મ્હને ત્હમારા ચર્ણની દાસી કરો !"

"તરૂ ! ત્યારે સાંભળ ! આપણે આવતી કાલે સાંજેજ, આ નગર છોડી જઇશું. ઘરને આજેજ વેચી નાંખીશું. બાકીની લેતી દેતી પણ તરત પતાવી દઇશું; કોઈ ગામડામાં જઈ રહીશું, હરિનાં ચર્ણ સવીશું, લોકોને બનતી મદદ કરીશું."

"પવિત્ર ત્હમારો વિચાર છે, નાથ ! હું પણ ત્હેમાં આપની સહાયક થઇશ. આપના ધર્મકાર્યમાં આપને મદદ કરીશ."

વખત પ્રાતઃકાળના પાંચ વાગ્યાનો હતો. શ્યામસુન્દરના ગયા પછી અર્ધોક કલાક તો આ બન્ને જણ એક પ્રકારની ભ્રમણામાં પડી રહ્યાં. પછી આ ચર્ચાનો પ્રારંભ થયો અને આવું પરિણામ આવ્યું.

પ્રકરણ ૧૧ મું.

રેહવે અકસ્માત.

रामश्च भर्ता जनकः पिता च गुरुर्वशिष्ठः सकलार्थ सिद्धिः ।
सुखं न लेभे क्षणमेव सीता बलीयसि केवलमीश्वरेच्छा ॥

(ગોવર્દ્ધનરામ.)

આજે પૃથ્વીએ જાણે સાગરનું રૂપ લીધું હોય ! જ્યાં દૃષ્ટિ જાય ત્યાં પાણી સિવાય કશું નથી દેખાતું. વૃષ્ટિ મુશળધાર થયા કરે છે. જરા જરામાં ગર્જનાના ભયંકર અવાજો થયા કરે છે. નદિઓ અને નાળાંઓ ઘૂ ઘૂ કરતાં આ ભયંકરતામાં વધારો કરતાં જણાય છે. સર્વત્ર અંધકારનું રાજ્ય પ્રસરી રહ્યું છે. લગભગ રાત્રિના બાર વાગ્યાનો વખત હશે.

આ ભયંકર વખતે, સ્હામ સ્હામે આવતી બે ટ્રેનો જોરથી અથડાઇ. મ્હોટો ભય ઉપજાવે એવો અવાજ થયો, અને તે અવાજની સાથેજ બન્ને બાજુએ કોલાહલ થઈ રહ્યો. બાળકો અને કોમળ હૃદયની સ્ત્રીઓ વીર હૃદયને પણ કંપાવી દે એવી ચિચિયારીઓ પાડવા લાગી. કેટલાક રંક જીવો નિચે દબાયા, કેટલાક અંદર ને અંદર ગુંગળાઇ “બચાવો—બચાવો” એવા શબ્દો કરવા લાગ્યા. કેટલાક સહીસલામત બહાર નીકળવા પામ્યા, પણ આગળ વૃષ્ટિ પાસે—કકડતી ટંડી પાસે ઉભા ન રહી શકવાથી વિશ્રામ માટે આમ તેમ દોડાદોડ

કરવા લાગ્યા. કોઇક આવા વખતમાં પોતાનાં બાળકો, સ્ત્રીઓ, પતિ કે રક્ષકોનાં નામો દઇ રડવા-દયામણે સ્વરે પોકારવા લાગ્યા.

" થોડાને પણ હું બચાવી શકીશ." બહાર નીકળેલો એક યુવાન પુરૂષ બોલ્યો. તે બીજી બાજુ દોડયો, ત્યાં માર્ગમાં એક બીજા યુવાનને ત્હેણે ગભરાયલી સ્થિતિમાં ઉભેલો જોયો. " નાશી જવાનો કે પોતાનો જીવ બચાવવા આ રંક બન્ધુઓને રડતા મૂકવાનો વખત નથી." ત્હેણે તે યુવાનને હિંમતથી કહ્યું.

" ખરૂં છે. હું પણ બનતું કરવા તૈયાર છું." ત્હેણે ટુંકામાં જવાબ આપ્યો. પહેલો યુવાન આપણી કથાનો નાયક શ્યામસુન્દર છે. યોગિઆશ્રમમાં તપસ્વિની નિરૂપમા અને આશ્રમના ગુરૂ પાસે તે એક દિવસ રહ્યો. વધારે રહેવા ત્હેની ઇચ્છા હતી, પણ પાછળનો ભય હતો, તેથી રજા લીધી. નિરૂપમાએ કહ્યું-સ્હમજાવ્યો, પણ ત્હેણે ના કહી. ન ચાલતે નિરૂપમાએ રજા આપી અને હાથમાં પાંચ રૂપિયા મૂક્યા.

" આને શું કરૂં?" તે બોલ્યો.

" ખર્ચ માટે થશે." તરુણ તપસ્વિનીએ કહ્યું. આના બદલામાં ઇન્દુમતીની વીંટી ત્હેણે નિરૂપમાને આપી અને પોતે મહારાજને અને નિરૂપમાને પ્રણામ કરી સ્ટેશનને માર્ગે ચાલ્યો. રાતના આઠ વાગે તે પાસેના રેલવે સ્ટેશનપર આવી પહોંચ્યો. રાતનાજ મુસાફરી કરવી-દિવસે રહી જવું એવા વિચારથી લાવણ્યપુરની ટીકીટ લીધી. ગાડીમાં તે એક ખાલી સ્થાનમાં જઈ બેઠો. કેટલાક લોકો આગળના સ્ટેશનો પર ત્હેની પાસે બેઠા પણ તે કોઇની સાથે વાત કરતો ન હતો. એ ત્રણ કલાક પછી આ ભયંકર અકસ્માત બનવા પામ્યો. તે કૂદી પડયો. પોતાનો જીવ સંકટમાં છતાં ત્હેને આ ચિચિયારીઓ કરતા રંક જનોને બચાવવાની પ્રબળ લાગણી થઇ.

"સ્ટેશન અહીંથી કેટલું દૂર છે ?" બીજા યુવાને પ્રશ્ન કર્યો.

"ઘણુંજ દૂર છે. ગાડીને એક કલાક લાગે." શ્યામસુન્દરે જવાબ આપ્યો.

"હા એમજ જણાય છે."

"ઠીક. ચાલો આપણાથી જેટલું બની શકે તેટલું કરીએ." આમ કહેતાં શ્યામસુન્દર દોડયો. બીજો યુવાન પણ એની પાછળ ચાલ્યો.

ઘાયલ થયેલી કોઇ સ્ત્રી—એક યુવાન સ્ત્રી પાણીના એક ખાડામાં, બેશુદ્ધ જેવી પડેલી જણાઇ. "મ્હારા પતિ !" એવો શબ્દ ત્હેને સ્પર્શ કરતાં ધીમે સ્વરે ત્હેના મુખમાંથી નીકળ્યો. બન્ને જણે આ સ્ત્રીને ઉંચકી, અને એક વૃક્ષના મજબૂત થડ પાસે એક શિલાપર બેસાડી. ઠંડી લાગશે, એવો વિચાર થતાં શ્યામસુન્દરે પોતાનું પહેરણુ કહાડી બિછાવી ત્હેનાપર ત્હેને સુવાડી. ભય અને ઘાથી થયેલી બે-શુદ્ધિ, ત્હેમાં વળી જોરથી થતી વૃષ્ટિમાં કેટલોક વખત પાણીમાં પડી રહેવાથી ત્હેનો કંઠ ગુંગળાઇ ગયો હતો. શ્વાસ જોરથી ચાલતો હતો અને ઠંડીને લીધે જરાજરામાં ત્હેનું શરીર—ત્હેના હાથ પગ કંપતા હતા.

શ્યામસુન્દરે તે સ્ત્રીનું મુખ જોયું પણ વાળની લટો ત્હેનાપર વિખરા-યલી પડી હોવાથી—લોહીથી ખરડાયલું હોવાથી તે ઓળખવા ન પામ્યો. માત્ર જાતિની ઓળખાણ વસ્ત્રો ઉપરથી થઈ. ત્હેણે પોતાના મિત્ર તરફ ફરી કહ્યું, "ભાઈ, વરસાદ પડે છે, તોપણ તાપણીની સગવડ થાય તો કરો અને આની સંભાળ રાખો ! હું ફરી જાઉંછું. હજુ કરૂણા-જનક ચિચિયારીઓ સંભળાય છે." આમ કહી શ્યામસુન્દર ઉઘાડે અંગે દોડી ગયો.

આવી આની લાગણી જોઈ બીજા પણ કેટલાક બળવાન લોકો

ત્હેની સાથે બળ્યા; 'મ્હારી મા!' એમ કહી દુઃખથી રડતા એક બાળકને તેઓ લઈ આવ્યા. આને પણ ઘણું લાગ્યું હતું; એક માણસની રખેવાળીમાં સોંપી આ સ્વયંસેવક વીરમંડળી પુનઃ પોતાના કાર્યમાં રોકાઈ. વરસાદ, ગર્જના કે વીજળીનો, માર્ગના ખાબોચીયા કે ખાડાનો લેશ પણ ભય રાખ્યા વિના તેઓ પોતાના પવિત્ર કાર્યમાં મચ્યા રહ્યા. સાત પુરુષો, ત્રણ સ્ત્રીઓ અને બે ન્હાનાં બાળકોને આથી તેઓ બચાવી શકયા.

ઇશ્વિરકૃપાએ વૃષ્ટિ પણ બંધ થઇ છતાં શીતલ પવન સીસ્કાર કરતો નિર્બળ જનોના હૃદયને કંપાવતો પસાર થતો હતો. આસપાસ ક્યાંએ સુકાં કાષ્ટ મળી શકે તેમ ન હતું. રેલ્વેના કામદારો દોડાદોડમાં પડ્યા હતા. શ્યામસુન્દરે પોતાના પેલા યુવાન મિત્રને પૂછ્યું કે:—

"આપ કંઇ સામાન બચાવવા પામ્યા છો?"

"મ્હારી એક પેટી નથી મળતી. એક તો અહીં છે."

"લાકડાની છે?"

"જી હા."

"ત્હેને ભાગી નાખો, અને તાપણી કરો!"

તે યુવાન સ્વયંસેવક એક અક્ષર પણ બોલ્યા વિના ઉઠયો. પોતાની પેટી લાવ્યો, ગજવામાંથી કુંચી કહાડી પેટી ઉઘાડી સામાન બહાર કહાડી લીધો. તેમાંથી એક ધોતિયું તેણે શ્યામસુન્દરને શરીરે હોડવા આપ્યું. શ્યામસુન્દરે તે સ્વીકાર્યું, પછી તે યુવાને એક પથ્થર લાવી પેટી ભાગી નાખી અને સળગાવી. વચમાં તાપણી સળગાવી અકેક સ્વયંસેવક અકેક માણસને તાપ કરવા લાગ્યો. તે મિત્ર પહેલાં જ મળેલી સ્ત્રીને તાપ કરતો તો શ્યામ એક સુંદર બાળકને તાપ

કરવા લાગ્યો. શરીરમાં જરાક ઉષ્ણતા થતાં ધીમે સ્વરે તો કોઇક જરા જોરથી પોતપોતાના ઇષ્ટજનોનાં નામ ઉચ્ચાર કરવા લાગ્યાં.

કલાકેક આમ વીતી પણ રેલ્વે તરફથી કોઇ પણ પ્રકારની મદદ ન મળી. સૌ કોઇ હવે એજ મદદની રાહ જોતા હતા. ગગનમાં વિજળીનો ચળકાટ વારે વારે થતો હતો. ગડગડાટ કરતો વીરહૃદયને પણ કંપાવે એવો ગર્જનાનો શબ્દ આ ઘાયલ થયેલાઓને તેમજ અન્ય જનોને ભયથી સ્થંભિત કરી દેતો હતો.

અર્ધોક કલાક બીજી પણ આશા અને નિરાશા વચ્ચે વ્યતિત થયો; એટલામાં દૂરથી આવતી ગાડીની સીટી સંભળાઇ. સૌ કોઇના હૃદયમાં આશાનો સંચાર થયો. આતુર દૃષ્ટિથી સૌ કોઈ એ દિશા તરફ જોઈ રહ્યા. સીટી ક્ષણે ક્ષણે થવા લાગી–વધારે વધારે સમીપ સંભળાવા લાગી. દશેક મિનીટ પછી દૂર એક પેસેન્જર ટ્રેન દેખાઇ. અકસ્માતથી ભાગી ગયેલી ટ્રેનના અમલદારો તરતજ દોડી ગયા, અને સ્હામેની ટ્રેનના અમલદારોને સઘળી શોકજનક હકીકતથી વાકેફ કર્યા. પાંચ ગાડાં ખાસ ખાલી કરવામાં આવ્યાં, અને ઘાયલ થયેલા કે બચી ગયેલા સર્વ લોકોને ત્હેમાં સ્થાન આપ્યું.

" આ વખતે અમને આમ મદદ કરવા માટે ત્હમારો અંતઃકરણપૂર્વક ઉપકાર માનું છું." ગાર્ડ શ્યામસુન્દરના યુવાન મિત્ર પ્રતિ બોલ્યો.

" સંકટમાં સપડાયલા બન્ધુને કે ભગિનીને બનતી મદદ કરવી એ દરેકનું કર્ત્તવ્ય છે. " તે યુવાને ટુંકામાંજ ઉત્તર આપ્યો.

" આપ ક્યાં જવાના છો ? " રેલ્વે અમલદારે પ્રશ્ન કર્યો.

" હું જવાનો હતો લાવણ્યપુર પણ ' આદરીયાં અધવચ રહે હરિ કરે સો હોય. ' " તે નમ્રતાથી બોલ્યો.

"ચિન્તા નહીં. હમણાં ત્હમે આમની સાથેજ રહો. પ્રાતઃકાળે એમને રહેવાનાં ઘર વિગેરે તૈયાર થઈ જશે; વૈદક મદદ આવી મળશે; પછી સુખે પધારજો."

"બહુ સારૂં." તે યુવાને કહ્યું.

દરેકને સ્થાન મળ્યાં. સેવકો પણ જૂદા થઈ ગયા. ઘાયલ થયેલાઓ સાથે રહેનાર શ્યામસુન્દર અને આ યુવાન બેજ માણસ હતા. થોડા વખત પછી–સર્વની વ્યવસ્થા થઈ કે ધીરે ધીરે ટ્રેન ઉપડી અને આ નવા મિત્રોની વાતો નિકળી.

"આપ એકલાજ મુસાફરી કરો છો?" શ્યામસુન્દરે પ્રશ્ન કર્યો.

"જી હા."

"આપ કોણ છો? દોડાદોડમાં આપનું નામ પણ નથી પૂછાયું."

"મ્હને એવો પ્રશ્ન શા માટે પૂછો છો?"

"મિત્ર! થોડા વખતના સમાગમથી પણ આપની ઉદારવૃત્તિ અને પવિત્ર ભાવનાનું દર્શન થયું છે, એજ પૂછાવે છે."

"હું આપનો..." આટલું બોલી આ યુવાન અટક્યો. શ્યામસુન્દરના આશ્ચર્યનો પાર ન રહ્યો.

"શા માટે અટક્યા?" ત્હેણે પ્રશ્ન કર્યો.

"હું આપનો મિત્ર છું."

હવે શ્યામસુન્દર વધારે આશ્ચર્યમાં પડ્યો. પ્રકાશમાં તે આ પથિકનું મુખ ધારી ધારી, ફરી ફરી, આશ્ચર્યથી જોવા લાગ્યો. જોતાં અનેક વિચારો કરવા લાગ્યો. "મ્હેં આપને કોઈવાર જોયા હોય એમ મ્હને નથી જણાતું."

"છતાં હું ત્હમારો મિત્ર છું."

"શું આપે મ્હને કોઈ વખતે જોયો છે?"

"જી, હા, અનેક વાર."

"ત્યારે શું હું અંધ થઈ ગયો છું? શું મ્હારૂં મગજ ભ્રમિત થઈ ગયું છે? આપનું નામ મ્હને શા માટે નથી જણાવતા? મિત્ર છો, તો આટલું મિત્રકર્તવ્ય શા માટે નથી કરતા?"

"મ્હારૂં નામ ના પૂછો."

"શા માટે?"

"કદાચ ત્હમને પશ્ચાત્તાપનું-દુઃખી થવાનું કારણ મળે."

શ્યામસુન્દર બેબાકળા જેવો થઈ ગયો. ત્હેને આ બધી ભ્રમણાની સ્હમજ ન પડી! આ કહેવાનો અર્થ તે ન સ્હમજ્યો.

"મિત્ર! પસ્તાવું પડે તો પસ્તાઇશ, રડવું પડશે તો બે આંસુ વધારે પાડીશ, પણ મ્હને આપનું નામ કૃપા કરી કહો."

"મ્હારૂં હૃદય મ્હને તેમ કરવા ના કહે છે."

શ્યામથી હવે વધારે ન બોલાયું. તે આશ્ચર્ય, ભય, દુઃખદૃષ્ટિથી આ પ્રવાસીને જોવા લાગ્યો. ઘણી વાર ત્હેણે જોયું પણ કંઈ ઓળખાણ ન પડી. તેમજ હવે શું પૂછવું તે પણ ન સૂઝયું. આંખો મિંચી તે અંતરમાં જોવા લાગ્યો. પોતાના પાપનું સ્મરણ કરવા લાગ્યો. આ અજાયબ પ્રશ્નોત્તરથી તે ભય પામવા લાગ્યો.

પ્રભાતનો વખત હતો, અને આનંદભક્તિ-હૃદયની ઉંડી લાગણીથી તે મિત્ર નરસિંહ મહેતાનું પવિત્ર પ્રભાતિયું લલકારવા લાગ્યો.

કોણ રે સમાના કામની દત્ત ફળીયેલ રામા, રે. કોણ......
દ્રૌપદિની ભિડ ભાગવા હરિ, મ્હારા ઉભા છે સ્હામા......

દુઃખી શ્યામસુન્દરના હૃદયમાં પણ દ્રૌપદીની ભિડ ભાગનાર-

સાધ્વીને સહાય થનાર—હેની લજ્જા રાખનાર હરિનું સ્મરણ થયું. હરિ મ્હારા ઉભા છે સ્હામા, એ ભાવ પ્રત્યક્ષ થયો. હરિ જાણે સ્હામા ઉભા હોય ! નાથનું દર્શન થતાં દુઃખના વિચારો દૂર થાય, પાપ-મલીનતાની કલ્પના નષ્ટ પામી. હૃદય શાંત થયું, ભાર ઓછો થયો, આંખ ઘેરાઇ. અર્ધોક કલાક આ દિવ્ય શાંતિમાં પસાર થઈ ગયો.

આકાશમાં વાદળાં—કાળાં વાદળાં હોવા છતાં દિવસની આછી રોશની ધીરે ધીરે પ્રસરવા માંડી અને વૃષ્ટિથી લીલી થયેલી ભૂમિપરથી પસાર થતો પવન—પ્રાત કાળનો શીતળ પવન દુખી તેમજ સુખી, રોગી તેમજ નિરોગી સર્વેના હૃદયમાં નૂતન આશા—નવીન ઉત્સાહનુંજ સંચય કરતો હતો. પક્ષીઓ જાગી આનંદગાન ગાતાં ઉડી રહ્યાં હતાં. મ્હોટાં વૃક્ષો—ન્હાના રોપા-વન વાડી સઉ વૃષ્ટિથી આનંદમય ભાસતાં હતાં.

આ વખતે આ ટ્રેન પાસેના સ્ટેશનપર આવી પહોંચી. ઘાયલ થયેલાઓ માટે તરતજ કેટલાક ઓરડા ખાલી કરવામાં આવ્યા, તેમજ નવાં ઝૂંપડાં બાંધવા મજુરો રોકવામાં આવ્યા. ડાકટરો માટે પાસેના મ્હોટા સ્ટેશનપર તાર કરવામાં આવ્યો, ત્યાં સૂધી અહીંના એક સાધારણ ડોકટરની દેખરેખ નીચે આ સૌને મૂકયાં.

શ્યામ અને આ ત્હેના વિચિત્ર મિત્રને વેઇટીંગ રૂમમાં ઉતારો આપ્યો. આ મિત્ર ત્યાં બેસી કંઇક ભજનના તાનમાં લાગ્યો. શ્યામ થાકી ગએલો હોવાથી, તેની આંખો મિંચાઈ ગઇ. કલાકેક તે સૂઈ રહ્યો. ભૂત ભવિષ્યનાં અનેક ચિત્રો ત્હેણે સ્વપ્નસૃષ્ટિમાં જોયાં. જાગ્યો તો દિશાઓ પ્રકાશમાન થઇ રહી હતી. સર્વ વસ્તુઓ પ્રભુના પ્રકાશ અને પ્રભાતથી દિપતી હતી. શ્યામ આશ્ચર્યચકિત થઈ ઉઠયો. મિત્રને પાસે ન જોયો. કયાંક ગયો હશે એવો વિચાર થયો. તે દરદીઓના ઓરડા તરફ ચાલ્યો.

પ્રકરણ ૧૨ મું.

અણધાર્યો મેળાપ !

* And they are fools who roam,
The world has nothigg to bestow,
From our own selves our joy must flow.
Anonymous.

પહેલાંજ તે યુવાન સ્ત્રીના ઓરડામાં ગયો. દ્વાર પાસેજ તે સ્તબ્ધ થઈ ગયો. જડમૂર્તિની પેઠે તે સ્તબ્ધ થઈ ગયો. ફરી ફરી ત્હેણે આતુરતાથી જોયું, આશ્ચર્યથી જોયું. શરીર ત્હેનું કંપવા લાગ્યું. શું તરૂલતા ! તરૂલતા ! અહીં તરૂલતા !

ઘાયલ સ્ત્રી તે તરૂલતા હતી. ત્હેની આંખો મિંચાયલી હતી, દ્વાર પાસે માણુસ જોતાં, ત્હેનો પડછાયો ત્હેના પર પડતાં તે ઝબકી ઉઠી. આંખો એકદમ ઉઘડી ગઈ.

" મ્હારા નાથ ! ત્હમને તો નથી વાગ્યું ?" તે ધીમે પણ આશ્ચર્યયુક્ત સ્વરે બોલી. સ્યામસુન્દર એક અક્ષર પણ ન બોલી શક્યો. ત્હેને અનેક સંકલ્પ વિકલ્પો થવા લાગ્યા. શું એ મ્હને નથી ઓળખતી ? અથવા ઓળખવા છતાં પણ મ્હને આવા નામે બોલાવે છે ? શું એની શુદ્ધિ પાછી નથી વળી ?

---

* **ભાવાર્થ**—અને તેઓ મૂર્ખ છે; જેઓ ભટકે છે; સુખને શોધે છે. જગતમાં બહારના પદાર્થોમાં સુખ નથી તે તો આપણી પાસે જ, આપણા અંતરમાં છે.

"પ્રાણ! ત્હમે બોલતા કેમ નથી?" ત્હેણી ફરી બોલી.

શ્યામ વધારે ગભરાયો, વધારે આશ્ચર્ય પામ્યો, "તરૂલતા! ત્હમે મ્હને નથી ઓળખતાં? ત્હમે ક્યાં છો તે ત્હમે જાણો છો?"

"શું હું ત્હમને નથી ઓળખતી? ત્હમે કોણ છો?"

"તરૂલતા! હું શ્યામસુન્દર છું."

"શ્યામ! શ્યામ! ત્હમે અહીં ક્યાંથી? શું ત્હમે શ્યામસુન્દર છો? મ્હારા પતિ ક્યાં છે...?" ગભરાયલી જેવી તે ફરી બોલી.

"તરૂલતા! ત્હમને પણ હું હમણાંજ ઓળખું છું. મ્હને ત્હમારા પતિની ખબર નથી. અકસ્માત થતાં ત્હમે બેશુદ્ધ સ્થિતિમાં પડ્યાં હતાં. તરૂલતા! એક રંક ઘાયલ થયેલી અબળા સ્હમજી કેટલાક વીર સેવકો ત્હમને ત્યાંથી એક સારા સ્થાનમાં લઈ આવ્યા. રેલ્વેના અમલદારો ત્હમારી સારવાર કરવા અહીં લાવ્યા છે."

"શ્યામસુન્દર, ત્હમે અહીં કેમ આવ્યા? મ્હારા પતિ ક્યાં છે?"

"બાઈ, ત્હમે વધારે ના બોલો, તમારૂં મગજ તદ્દન નિર્બળ થઈ ગયું છે." આયાએ આવી કહ્યું. પછી શ્યામસુન્દર તરફ દૃષ્ટિ ફેરવી તે બોલી, "ભાઇ, ત્હમે આમને વધારે ના બોલાવો."

"શ્યામસુન્દર! શ્યામ! ત્હમે! શ્યામ! મ્હારા પતિ ક્યાં છે?" તે અસ્પષ્ટ વાક્યો ઉચ્ચાર કરવા લાગી. શ્યામની આંખો અશ્રુથી ભરાઇ ગઇ. તે ચાલ્યો ગયો.

"તરૂલતા! અહીં પણ તરૂલતા! દૈવ! રે! ક્રૂર દૈવ! ત્હારી ગતિ વિચિત્ર છે. બુદ્ધિવાનોને પણ ભૂલવનારી છે. જેનો ત્યાગ કરી હું આટલે દૂર નાઠો, તે તો પાછળને પાછળ! આટલાં માણસો ઘાયલ

થયાં, પણ મ્હારે હાથ પહેલાં એજ આવી." બહાર નિકળતાં નિશ્વાસ નાખી તે મનમાંજ બોલ્યો.

"માધવ! તે ક્યાં હશે? ક્યાંએ જણાયો નહીં. પ્રભુ એ બિચારાનું રક્ષણ કરે! હમણાંજ એ સ્થળે, અકસ્માતને સ્થળે જાઉં, અને એની તપાસ કરૂં." એ વિચાર થયો. વળી પેલો વિચિત્ર મિત્ર દૃષ્ટિ પાસે ખડો થયો, ત્હેનો વિચાર થયો. તે ત્હેને જોવા આ ઓરડાઓની હારની બહાર નીકળ્યો. આસપાસ જોયું, પણ ક્યાંએ તે જણાયો નહીં. નિરાશ થએલો શ્યામસુન્દર હવે દંતધાવન આદિ ક્રિયામાં રોકાયો, પણ મન ત્હેનું ભૂત અને ભવિષ્યના અજ્ઞાન કે અજબ ચક્રમાં આમ તેમ ભમવા લાગ્યું, પરમાત્માની અકળ ગતિ અનુભવવા લાગ્યુ. કલાકેકમાં સ્નાનાદિ સમાપ્ત કરી નિર્જન જેવી આ જગ્યામાં તે એક શિલાપર બેઠો; અને શુદ્ધ, શાંત, દીન અંતઃકરણથી તે હરિના પવિત્ર નામનો જાપ જપવા લાગ્યો, ત્હેની અપાર લીલાનો મહિમા મનમાં જગાવા લાગ્યો. આવી ભક્તિ, આવો પ્રેમ, પ્રભુની માયા માટે આવી ઉચ્ચ શ્રદ્ધા આ પહેલીજ વાર ત્હેના હૃદયમાં પ્રવેશી હતી. અર્ધ કલાક વીતી ગયો—આ વિચાર સમાધીમાં વ્યતીત થયો. ત્હેને ખબર ન પડી. હૃદયમાં—પ્રેમમાં, પ્રેમની ઊંડામાં ઉડી ગુફામાં ઉભો રહી, સ્હામે ઉભેલા—પાસે ઉભેલા મગલમૂર્તિ પવિત્ર પ્રભુના પગે પડતો, વારવાર—ફરી ફરી—દીન વદને રડતો, કમળ જેવા કોમલ એ હરિના ચર્ણની ધૂળ લઈ પોતાના શિરપર ચ્હડાવતો, એ હૃદયદર્શનમાંજ તે તલ્લીન થઈ ગયો. દુઃખ અને ભક્તિ ઉભય ભળ્યાં; નિરાકાર અને સાકારના ભેદો દૂર થઈ ગયા; બાહ્યપ્રપંચ, જગતના વિચારો સ્વયં ખસી ગયા; અને જાણે નાથ—ઈશ્વર ત્હેની પાસેજ ઉભા હોય! નેત્રો

પ્રેમાશ્રુથી ભરી તે પવિત્ર મૂર્તિને જોવા લાગ્યો. મુખમાંથી એક શબ્દ પણ ન નિકળતો છતાં પ્રેમની વાણીમાં હૃદયનાં દુઃખ એક પછી એક, તે પિતા રૂપ કે માતા રૂપ, ભ્રાતારૂપ કે સખારૂપ સ્નેહાધીન હરિ–દીનાનાથ ભગવાનને કહેવા લાગ્યો. કહેતાં કહેતાં ત્હેનાં દીન નેત્રોમાંથી અશ્રુની ધારાઓ ચાલવા લાગી.

" શ્યામસુન્દરજી ! કુછ ભોજન પાઓગે ? "

રેલ્વેના ચાકરના આ શબ્દોએ ત્હેને આ પવિત્ર–પ્રિય સમાધિમાંથી જગાડ્યો. નેત્રો ઉઘડ્યાં–ત્હેની સ્હામે જોયું. " મુજે ક્ષુધા નહીં લગી." ત્હેણે દીન સ્વરે કહ્યું.

" તો બી ચલિયે, આપકુ સાબ બુલાતે હય."

શ્યામસુન્દર ઉઠીને તે ચાકરની પાછળ પાછળ ચાલ્યો. ચાલતાં ત્હેના હૃદયમાં ધ્વનિ થયો: " દુઃખમાં પણ સુખ છે, નિરાશામાં પણ આશા છે, અશાંતિમાં પણ શાંતિ છે. દુઃખમાં જે સુખ છે–અશાંતિમાં જે શાંતિ છે તે તેજ જાણે છે કે જેને ત્હેનો અનુભવ થયો હોય! અહા ! કેવું મધુર સુખ! નાથ! નાથ ! એક વખતના દર્શને એક–એક પળના ત્હમારા એ દર્શન–આનંદે મ્હને સો વર્ષનું દુઃખ ભૂલાવ્યું છે ! ત્હારા ચરણમાંથી ઝરતા અમૃતે મ્હારા દગ્ધ–બળતા હૃદયને શાંત કર્યું છે ! દુઃખમાં પણ સુખ ! કેવું રમ્ય સ્વપ્ન !" ત્હેનાં નેત્રો પ્રેમાશ્રુથી ભરાઈ ગયાં. ત્હેનું હૃદય પરમ શ્રદ્ધાનું બળ પામી ઉછળવા લાગ્યું. તે અશ્રુ લુછતો હતો, ત્યાં સ્ટેશન માસ્તરે ત્હેને જોયો. ત્હેની દૃષ્ટિ ત્હેના પર પડી.

" શ્યામસુન્દરજી ! ક્યોં રોતે હો ? " સ્ટેશન માસ્તરે પ્રશ્ન કર્યો.

શ્યામ શાંત રહ્યો.

"કોઈ સંબંધી ઘાયલ હુવા હય?" ત્હેણે ફરી પ્રશ્ન કર્યો.

"મ્હેરે એક સ્નેહીકી ધર્મપત્ની ઘાયલ હુઈ હય! સ્હામે કમરેમેં વ્હો રખી ગઈ હય. લયકીન ઉસકા પતિ–મ્હેરા સ્નેહી નહીં મિલ્તા. માલુમ નહીં કહાં હય!"

"શ્યામસુન્દરજી! ગભરાઓ મત, ઘાયલ હુવે સબ આદમી યહાં પર હય. બેજાન હુવેકા નામ લીખા ગયા હય, શાયદ કિસી કિસીકા નામ નહીં ભિ મિલા."

"વ્હો કહાં હય?" શ્યામસુન્દરે આતુરતાથી પ્રશ્ન કર્યો.

"મ્હેં નહીં કહ સકતા, શાયદ જ્યુરી ભરે યા અઇસેહી દફન-ક્રિયા કર દે."

"યહાંસેં ટ્રેન કબ જાતી હય?" શ્યામસુન્દરે સવાલ કર્યો.

"આપ કુચ્છ ભોજન:પાઓ. ફીર સ્ટેશનકી ટ્રોલી આપકુ દેંગે. ખુશીસે દેખકે આના."

"માસ્ટર સાહેબ મુઝે ક્ષુધા નહીં. મ્હેં વો મિત્રકો દેખનેકુ આતુર હું, અગર ઇતનિ કૃપા હો સકે."

"ભૈયા! ગભરાઓ મત. કુછ ભોજન પાઓ. પ્રભુ સબ ઠીક કરેગા." અતિ આગ્રહથી શ્યામ જમવા બેઠો. કેટલોક સૂકો મેવો ત્હેની પાસે મૂકવામાં આવ્યો, પણ તે ત્હેને ન ભાવ્યો. એક દ્રાક્ષનો ઝૂમખો ખાવા ઉપાડચો. પણ તેમાંજ કંઈક સ્મરણ થયું. રંક માધવની મૂર્તિ આંખો સામે ખડી થઇ. એક વાર બગીચામાં બંને સાથે બેસી દ્રાક્ષ ખાતા હતા, એ પ્રસંગ યાદ આવ્યો! ત્હેની સાથેજ માધવલાલે ઉચ્ચારેલા, "શ્યામ! ત્હમે મ્હને બહુજ પ્રિય લાગો છો, મ્હારા મ્હોટાભાઇના

તરફ જેવી ભક્તિ હોય તેવીજ ભક્તિથી હું આપને જોઉં છું.' એ વાક્યો પણ સ્મરણમાં તરી આવ્યાં. "માધવ! વ્હાલા માધવ! જેને તું પ્રિય ગણતો, જેને તું પવિત્ર ગણતો, જેના તરફ તું ભક્તિભાવથી જોતો, તે ત્હારો મિત્ર નહીં પણ વૈરી હતો, બેવફા, અધમ, પાપી હતો. મિત્ર! છેવટે રાજનગર મૂકવાનું કારણ પણ હુંજ હઇશ. અને! અને!–" નિશ્વાસ નાંખ્યો. "કંઈ...થયું હોય...તો ત્હેનો દોષ કોના પર! તરૂનું શું થશે?" આ વાક્ય બોલતાં ત્હેનું શરીર ધ્રૂજ્યું. આંખો અશ્રુથી ભરાઈ ગઈ. દ્રાક્ષનો લૂમખો–એમજ રહ્યો.

સ્ટેશન માસ્તરે ત્હેને ઘણી રીતે ધીરજ આપી, ઘણો સ્હમજાવ્યો, જમવા કહ્યું, પણ ન ભાવ્યું. પછી ત્હેને એક ટ્રોલી આપવામાં આવી. બે માણસો મળ્યા, અને અકસ્માતવાળા સ્થાનનો માર્ગ લીધો.

પ્રકરણ ૧૩ મું.

—✻✻—

ત્હમારી ગતિ તે મ્હારી.

વખત સાયંકાલનો છે, આજનો દિવસ આખો, જરામાં સૂર્યનાં દર્શન થતાં તો જરામાં પુનઃ કાળાં વાદળાં ત્હેને ઘેરી લેતાં, જરામાં પાછી જરા જરા વૃષ્ટિ થવા માંડતી, તો જરામાં શાંત સૂર્યની રોશની આસપાસના પ્રદેશને રમ્ય કરી દેતી; આથીજ આજની સાંજનો સમય હમેશ કરતાં વધારે શાંત-વધારે રમ્ય હતો, પવન પણ મંદ અને શીતળ વ્હાતો હતો.

આ સ્ટેશન પાસે કોઈ ગામ કે અન્ય વસ્તિનું સ્થાન ન હતું, આથી સમીપમાં આવ જા કરનાર સ્ટેશન પરના નોકરો કે ઘાયલ થયેલા માણસોના સંબંધીઓ જ હતા. તરૂલતા ! આ વખતે અનેક વિચારોના વમળથી જરામાં એક તરફ તો જરામાં બીજી તરફ ખેંચાતી હતી. અથાગ સાગર–મહાસાગર–જ્યાં કોઇ પણ તરફ જમીનનું દર્શન ન થતું હોય, એવા સાગરમાં ભયંકર તોફાનથી ઘેરાએલી ન્હાની એક હોડીમાં બેઠેલા નાવિકની જેવી સ્થિતિ થાય તેવી સ્થિતિ તરૂલતાના મનની હમણાં થઈ. હવે ત્હેની શુદ્ધિ પાછી આવી હતી.

“ નાથ ! હે સર્વ અંતર્યામી ભગવાન ! મ્હેં તે શાં પાપકર્મ કર્યાં હશે, કે પાપિનીજ સરજાઈ! પાપમાંજ પોષાઈ! અને પાપમાંથી મુક્ત થઈ મન જ્યારે પવિત્ર પતિભક્તિ તરફ વળ્યું, પશ્ચાત્તાપમાં પડ્યું, ત્હારી ભક્તિનું મૂલ્ય સ્હમજવા જેટલું ભાગ્યશાળી થયું, ત્યારે તે ભાગ્ય પણ ખેંચાઈ ગયું. પ્રભુ ! હું હવે કોની ? ક્યાં જાઉં હું અબળા જાતી ! ”

"પ્રભુ હું અબળા જાતિ અનાથ !
હરિ ! હું અબળા જાતિ અનાથ !"

ત્હેની કોમળ આંખોમાંથી ડળ ડળ અશ્રુઓ પડવા લાગ્યાં; ત્હેનું હૃદય કંપવા લાગ્યું, અનેક ભયંકર વિચારોની કલ્પના કરવા લાગ્યુ. જરાવાર આમ થઇ ફરી આશા દૃશ્ય થઇ, દૃષ્ટિ ઉંચી ગઇ, શ્યામસુન્દરને જોયો, સ્હામેથી એકલો આવતો જોઇ–મુખ ત્હેનું ફીક્કું અને શોકગ્રસ્ત જોઇ, તરની ધીરજ ન રહી. આશા ત્હેની ઉડી ગઇ; તે રડી પડી. આંખોમાંનાં અશ્રુ લુછતાં દૂરથીજ શ્યામને પ્રશ્ન કર્યો "શ્યામસુન્દરજી ! શા સમાચાર લાવ્યા ?"

શ્યામનુ હૃદય ભરાંઈ આવ્યુ, ઉત્તર ન અપાયો.

"શ્યામ ! શ્યામ ! શુ મ્હારા પતિ આ સંસારમાં નથી ?"

"સંસારમાં નથા ? એમ મ્હારાથી નથી કહેવાતું. પણ ત્યાં તો નથી !'

"ત્યાં નથી ? ત્યારે ક્યાં છે ?" તે મ્હોટેથી રડતાં બોલી.

"લગભગ ચાળીશેક માણસ મરણ શરણ થયાં છે." શ્યામસુન્દર બોલ્યો.

"તે બધાને ત્હમે જોયાં ?"

"ના ત્હેમના તો મૃત્યુસંસ્કાર પણ થઈ ગયા."

"તેમના નામ ત્હમે જોયાં ?"

"વીશેકનાં નામ જોયાં. વીશેકનાં નથી મળી શક્યાં."

"ત્યારે ! ત્યારે ! મ્હારા પતિ ક્યાં છે ?"

રેલ્વેનો ડૉક્ટર આવી પહોંચ્યો. કેટલાક નોકરો આ કરુણાજનક દેખાવ જોઈ રહ્યા; જોતાં ત્હેમનાં હૃદય પણ દીન થઇ ગયાં. કેટલાકની આંખો અશ્રુથી ભરાઇ ગઇ. ડૉક્ટરે શ્યામને કહ્યું,

"આમને ધા_સકા લાગ્યો છે; હમણાં રડશે કે દુઃખી થશે તો ત્હેની માઠી અસર એના નબળા મગજપર થશે અને વ્યાધિ વધારે ભયંકર બનશે, માટે એમને શાંત કરવા પ્રયત્ન કરો. ત્હમે જુવાન મરદ થઈ, આમ નાહિંમત કેમ થઈ જાઓ છો ?"

શ્યામસુન્દર કંઈ પણ ઉત્તર આપ્યા વિના નીચું જોઇ રહ્યો.

"બ્હેન ! ત્હમે રડો ના ? શું કોઈ સંબંધી આ જગતમાંથી હમેશ માટે દૂર થયો છે ? કે શું ધનની નુકશાની થઈ છે ?"

તરૂલતા ઉત્તર ન આપી શકી, તે રડતી રહી. નિર્બળ મગજ વધારે નિર્બળ થઇ ગયું. બેશુદ્ધ જેવી બની ગઇ. ડૉક્ટરે આયાને દવા પાવાની આજ્ઞા કરી; ત્હેને દવા આપી—ત્હેના તરફ તે જોઈરહી. કંઈ પણ બોલ્યા વિના કે ઔષધ લીધા વિના તે ભ્રમિત માણસની પેઠે સૂઈ રહી. આયાએ ચમચાથી દવા મોંમાં રેડી.

ત્રણ દિવસ સુધી આવી બેશુદ્ધિ રહી. આયા આવી વારંવાર ત્હેને ઔષધ પાતી—દુધના ચમચા રેડતી. કોઇ વખતે તે "મ્હારા પ્રાણ! મ્હારા વ્હાલા માધવ! મ્હને એકલી...મૂકી, મ્હને મૂકી" એવા શબ્દો બોલતી, કોઇ વાર નિશ્વાસ—ઉંડા નિશ્વાસો નાંખતી, કોઇ વાર પાછી કલાકોના કલાકો કંઈ પણ બોલ્યા વિના સૂઈ રહેતી.

ત્રીજે દિવસ ઉગ્યો. પ્રકાશનાં દર્શન થયાં. પક્ષીઓ ઉત્સાહનાં ગીત ગાવા લાગ્યાં. આયાએ આવી જોયું. પળવાર ત્હેની સ્હામું જોતી બેઠી હતી. શ્યામસુન્દર પણ વારંવાર ત્હેની તપાસ કરવા આવતો. ત્હેની આવી સ્થિતિ જોઇ નિશ્વાસ નાંખતો, કોઇ વાર ત્હેની પાસે થોડો વખત બેસી રહેતો. હમણાં પણ તે આવ્યો, સ્થિતિ ત્હેની એવી જ જોઇ આયા તરફ દૃષ્ટિ કરી, તે પણ નિરાશ જણાઈ. શ્યામ તર-

લતાના પગ પાસે દિવાલને અઢેલી બેઠો. અનેક વિચારો થવા લાગ્યા. કદાચ અહીં કોઇ આવી લાગશે તો મ્હારી શી સ્થિતિ? કિશોર કદાચ મ્હને હમણાં પણ તરૂની પાસે બેઠેલો જુએ તો શું અભિપ્રાય બાંધે? આ ભયવિચારની સાથેજ

"નિત્ય ઉઠીને અમે ના્હિયે ને ધોઇયે,
ધ્યાન ધણી તણું ધરિયેરે;
સંસાર સાગર મહાજળ ભરિયોરે વ્હાલા!
ત્હારે ભરોસે અમે તરિયેરે;
હીર ને ચિર અમને કામ ન આવે વ્હાલા!
ભગવાં પ્હેરીને અમે ભમિયેરે;
બાઇ મિરાં કહે પ્રભુ ગિરિધર નાગર!
ચરણ કમલમાં ચિત્ત ધરીયેરે."

ધીમે સ્વરે ગાતી આયાના આ હરિભજન તરફ લક્ષ ગયું. "અગાધ સંસાર સાગરના દર્શનથી સભય થયેલી મિરાં, "ત્હારે ભરોસે" અભય થઇ, નિરાશને માટે પરમ આશા છે, એવો શ્રદ્ધાનો પવિત્ર વિચાર ઉત્પન્ન થયો. મન અંતરમાં—અંતરની શાંતિમાં સમાયું, નેત્રો જરા બંધ થયાં.

તરૂનાં નેત્રો ઉઘડયાં, આસપાસ જોયું, શૂન્ય સ્મશાન જેવા જગતને જોયું, પોતાને અનાથ જોઈ દૃષ્ટિ સ્હામે બેઠેલા શ્યામસુન્દર તરફ ગઇ. એક વખતનું લાલ મદોન્મત્ત ત્હેનું મુખ સ્મરી આવ્યું. સાથે જ સાત દિવસના દુઃખથી શુષ્ક થઇ ગયેલું, ચિંતાથી શોષાયલું—ફીકું પડી ગયેલું ત્હેનું મુખ જોયું. દૃષ્ટિ પળવાર ત્હેની મિંચાયલી આંખોપર ટકી—ત્હેના કૃષ ગાલપર ઉભી રહી.

"શ્યામ ! ત્હારી આ શી ગતિ ! ! અને અમારી શી ગતિ ! !" 'અમારી' શબ્દનો ઉચ્ચાર કરતાં ત્હેના હોઠ કમ્પવા લાગ્યા. માધવ ......પવિત્ર...માધવની નિખાલસતા, નમ્રતા અને પ્રેમ તરૂલતાને જૂદા જૂદા પ્રસંગોમાંથી સાંભર્યાં અને નેત્રો સજળ થયાં.

શ્યામ પણ વિચારનિદ્રામાંથી જાગ્યો, દૃષ્ટિ તરૂ તરફ ગઇ. તરૂને ધ્યાનથી પોતા તરફ જોતી જોઇ તે આશ્ચર્ય પામ્યો. પળવાર આનંદ પામ્યો, પણ નેત્રો ત્હેનાં સજળ જોઇ ત્હેને દયા ઉત્પન્ન થઇ.

"તરૂલતા ! રડવાનો વખત નથી. હું......" વધારે બોલતો હતો, પણ એકાએક અટક્યો. તરૂ આશાભરી દૃષ્ટિથી શ્યામના મુખ તરફ ટગર ટગર જોઈ રહી.

"શ્યામ ! મ્હને માર્ગ બતાવો. મ્હારા પ્રાયશ્ચિત્તનો માર્ગ બતાવો. મ્હારા પ્રાણાધારને શોધવાનો માર્ગ બતાવો ! મ્હારા કહેવાથીજ—મ્હારા આગ્રહથીજ એમણે ઘરનો ત્યાગ કર્યો હતો. અને આ દોષ ઉપર શ્યામ મ્હને નથી સૂઝતુ ક્યાં જવું ! મ્હને નથી સૂઝતું શું કરવું !"

"તરૂલતા ! મનુષ્ય શુભ કરવા જાય, અને દૈવે અશુભ થાય તો ત્હેમાં મનુષ્યનો દોષ નથી; ઇશ્વિરે કોઇ પણ વખત એવો નથી યોજ્યો કે જ્યારે મનુષ્યને સર્વથા નિરાશ થવું પડે. તરૂલતા, હવે ત્હમને બ્હેન કહી બોલાવીશ. બ્હેન, પરીક્ષિત રાજાએ સાત દિવસમાં મુક્તિ સાધી હતી, મહા કવિ સાદીએ ચાળીશ વર્ષ પછી અભ્યાસનો પ્રારમ્ભ કર્યો હતો. જાગ્યા ત્યારથીજ સવાર ગણાય. હજી પણ ત્હમે હરિભજનમાં કાળ ગાળશો, ત્હમારી બ્હેનોને કોઇ રીતે પણ ઉપયોગી થવા પ્રયત્ન-વાન થશો, ત્હમારા નાથની પવિત્ર મૂર્તિની પૂજા કરી ત્હેની મુક્તિને માટે—ત્હેના સુખને માટે પ્રાર્થના કરશો, તો તે જગતનો નાથ દયાળુ

હરિ ત્હમને જરૂર પાપમૂક્ત કરશે. ત્હમારા પતિ વિદ્યમાન હશે— ત્હમારી કસોટીને માટે આ દુઃખ મળ્યું હશે તો તેજ પ્રભુ ફરી—સાનંદ ત્હમારા પતિને ત્હમારી સમીપ લાવશે. ધૈર્ય ધરો, ત્હેમાં શ્રદ્ધા ધરો, અનાથનો નાથ તે જ છે."

"શ્યામસુન્દર! અજ્ઞાનતા-અંધકાર-શોક-દુઃખથી હું ઘેરાયલી છું. શ્યામ! ત્હમે મ્હારી દૃષ્ટિ પાસે દીપક ધરો!"

"તરૂલતા! મ્હારામાં એ સામર્થ્ય નથી—હવે એ મ્હારા અધિકારથી બહાર છે."

"હરિકૃપાથી તે અધિકાર પ્રાપ્ત થશે."

"તરૂલતા! મ્હારૂં હૃદય પણ મ્હને ના કહે છે."

"શ્યામસુન્દરજી! ત્હમે ગયા! હું નિરાશ થઈ! દુઃખી થઈ! હમેશને માટે ત્હમને મળવાની આશાથી મુક્ત થઈ, પણ ત્હમે મ્હને પાછા મળ્યા છો, પોતે મ્હને પાછા મળ્યા છો. ત્હમને જોયા—તરત જોયા, હમણાં મ્હારી સ્હામે જોઉં છું; હમણાં મ્હારી શી સ્થિતિ હોત? રેલ્વે ડોકટર કે બીજા નોકરોના આશ્રયમાં પડી હોત તો મ્હારૂં દુઃખ કેટલું હોય ત્હેની કલ્પના પણ ત્હમે કરી શકો છો? દુઃખમાં પણ દીનાનાથે મ્હારાપર કૃપા કરી છે. ત્હમે મ્હારી પાસે છો ત્હમારામાં ત્હેની કૃપા હું જોઉં છું." આટલું બોલતાં ત્હેને રોમાંચ થયો, શરીર કમ્પ્યું—હૃદય દ્રવ્યું, નેત્રો સજળ થયાં. દયાજનક દૃષ્ટિએ શ્યામસુન્દર તરફ તે જોઇ રહી.

શ્યામસુન્દર ઉંડા વિચારમાં નિમગ્ન થયો, ઉત્તર ન આપી શકયો.

"શ્યામસુન્દરજી! હું અનાથ છું. નાથ હવે તે પરમાત્માજ છે, અને ત્હેણેજ ત્હમને અહીં મોકલ્યા છે; તે પ્રભુએજ ત્હમને આ

તરફ આવવાની, ગાડીમાંથી કૂદવાની, દુઃખી જનોના હીત માટે દોડવાની અને મ્હને બચાવવાની પ્રેરણા કરી છે; તે પ્રભુએજ આ સઘળું કર્યું છે. શ્યામ ! ત્હેનો માર્ગ બતાવવા—ફરી મ્હને પવિત્ર માર્ગે વાળવા પ્રભુએજ ત્હમારી યોજના કરી છે ! "

" તરૂલતા ! ત્હમારાં આ દીન ને શ્રદ્ધાથી ભરેલાં વાક્યો સાંભળી મ્હારૂં હ્રદય દ્રવે છે; તરૂ ! હું નિર્દય નથી, હું નિષ્ઠુર નથી, હું શુષ્કહ્રદયનો નથી. તરૂ ! ત્હમારૂં ક્યામણું મુખ જોઇ મ્હને દયા આવે છે; ત્હમને દરેક રીતે મદદ કરવા મ્હને મ્હારૂં અંતઃકરણ પ્રેરણા કરે છે, પણ માર્ગ નથી સૂઝતો."

" એ પ્રેરણા કરનાર—ત્હમારા હ્રદયમાં દયા ઉત્પન્ન કરનાર વાસુદેવ ત્હમને માર્ગ પણ સૂઝાડશે." તરૂલતાએ કહ્યું.

" તથાસ્તુ ! ત્હમારી ઇચ્છા તે સર્વ સિદ્ધિદાતા સિદ્ધ કરે ! "

પળવાર બન્ને મૌન રહ્યાં. અંતરમાં બન્નેને એવાજ વિચારોના કલહો થવા લાગ્યા. તરૂલતા ક્ષણે ક્ષણે શ્યામસુન્દરના ચહેરા તરફ જોતી, ત્હેના હ્રદયભાવો તપાસવા પ્રયત્ન કરતી. થોડીવારે ત્હેના મુખપર કંઇક નિશ્ચયાત્મક ભાવ જણાયો; અને તે ભાવથીજ શ્યામ બોલ્યો; " તરૂલતા ! સાંભળો ! યોગિઆશ્રમમાં જવાય તો ત્હમને સાધ્વીમંડળમાં રહી હરિભજન કરવાનો અવકાશ મળે, મ્હને શાસ્ત્રમનન—અભ્યાસ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થાય. પણ હમણાં ત્યાં જવામાં ભય જેવું જણાય છે. જરૂર, મ્હારી પાછળ કોઇક નીકળ્યું હશે."

" હા અમે હતાં ત્યારેજ શૈલેન્દ્ર ત્હમને શોધવા નીકળ્યા હતા."

" થોડા વખત હમણાં ઉજ્જરના સુંદર પવિત્ર પ્રદેશમાં રહી કોઇ

પ્રમાણિક ધંધો કરી ગુજરાન ચલાવી શકાય, પણ ત્યાં ત્હમે અને હું સાથે રહીએ, એમાં ભય લાગે છે."

" ત્હમારો ભય વાસ્તવિક છે, તથાપિ તે ટાળવાના ઉપાય પણ છે. ત્હમે પવિત્ર બ્હેન ઇન્દુમતિની મૂર્તિનું ધ્યાન ધરી, ત્હેની મુક્તિ–શાંતિ માટે શુદ્ધ ઇચ્છાઓનું સેવન કરી પ્રભુભજન કરજો. હું મ્હારા માધવની એજ રીતે પૂજા કરી, ત્હેનુંજ ધ્યાન ધરી હરિભજનમાં મગ્ન રહીશ. ધર્મની ચર્ચા કરીશું, સદ્ગ્રન્થોનો અભ્યાસ કરીશું, સાધુ-જનોનું સેવન કરીશું; પવિત્ર આચરણ કરીશું. તે પણ થોડોજ વખત. પછી ઘરની હિલચાલ શાંત થતાં યોગિઆશ્રમમાં આવી વસીશું." તરૂલતાએ પોતાનો મત આપ્યો.

" પણ તેટલો વખત નિર્વાહનાં સાધનો શી રીતે ઉત્પન્ન કરવાં ? શ્યામસુન્દરે નવા પ્રશ્નને જન્મ આપ્યો.

" શ્યામસુન્દર ! મ્હારાં ઘરેણા સઘળાં સલામત છે. આપણે કર-કસરથી રહીએ તો તેમાંથી બે વરસ ચાલે તેટલું ધન પ્રાપ્ત થાય !"

તરૂલતાના આ સ્વાર્થત્યાગથી તે આનંદ પામ્યો. તેનો વિચાર વધારે દૃઢ થયો, પણ વળી શંકા થઇ, " ત્હમારા ધનથી હું નિર્વાહ ચલાવું ?"

" શ્યામ ! એ શંકા ના કરો ! હવે એવા પ્રશ્નો ના પૂછો !"

શ્યામસુન્દર અને તરૂલતા સાથે રહી ભક્તિમાં અને જનસેવામાં કાળ ગુજારવાના નિશ્ચયપર આવ્યાં. બન્નેએ ઇચ્છ્યું. ત્રણ દિવસ ત્યાં રહ્યાં. તરૂલતાના આરોગ્ય માટે ડૅાક્ટરે નિર્ભયતા બતાવી એટલે પંજાબ થઈ હરિદ્વાર જવા નીકળ્યાં. રેલગાડી ચાલી ત્હેની સાથે ત્હેમની નવીન આશાએ અને ઇચ્છાએ પણ આગળ ચાલી.

પ્રકરણ ૧૪ મું.

પવિત્ર પ્રદેશના પવિત્ર વિચારો.

તપોવને શાન્ત પડે વિકારો
પ્રતાપી પાસે જન મત્ત લાલો,
બની જતો દીનસમો સ્વભાવે
પ્રકાશમાં લીન જ્યેમ થાય તારા. (સ્નેહમુદ્રા)

"આર્યોની પ્રાચીન પવિત્રતા, ત્હને પ્રણામ ! આર્ય સૃષ્ટિની પવિત્ર ઇશ્વરી શાન્ત સુંદરતા, ત્હને વંદન ! ભલે કોઇ પણ પ્રાચીન કે અર્વાચીન પ્રજાએ પ્રભુને શોધવાના હજારો ગ્રન્થોમાં હજારો ઉપાયો બતાવ્યા હોય ! ભલે અન્ય પ્રજાઓએ ધર્મનાં તત્વો શોધવામાં વરસોનાં વરસો વ્યતીત કર્યાં હોય, પણ હરિને પ્રત્યક્ષ કરનાર, કૃષ્ણની મધુરી તે બંસરી સાંભળનાર–સાંભળી મુગ્ધ થનાર–મુગ્ધ થઇ નાચનાર–નાચી તન, મન, ધનનું ભાન ભૂલી જનાર તો અમારી પ્રાચીન આર્ય પ્રજાજ છે. ધર્મનાં પવિત્ર રહસ્યોને પળે પળે અનુભવનાર તો અમારી પવિત્ર આર્ય પ્રજાજ છે. હરિને પ્રસન્ન કરવા–હરિને પ્રત્યક્ષ કરવા, સર્વસ્વનો ભોગ આપવા તો સર્વ દેશોના સર્વ વિદ્વાનોએ કર્યું છે, પણ હરિના નામ ઉપર વારી જાઉં કહી સર્વસ્વનો ભોગ આપનારી તો અમારી પ્રજાજ છે. કોઇ અમને કહેશે ત્હમે નિર્બળ છો, તમે નિસ્તેજ છો, ત્હમે નિરૂદ્યમી છો, તો અમે સહીશું પણ તમારા પૂર્વજો પતિત હતા, જૂઠા હતા, જંગલી હતા એમ કહેનારની તો જીભ પણ ખેંચી કહાડીશું; તે અમારો સ્નેહી હશે તોપણ વૈરી ગણી દૂર થઇશું."

હરિદ્વારનો પવિત્ર પ્રદેશ ! પ્રાચીન ઋષિઓ, પ્રકાશમાન સાધુ જનોની સંયમભૂમિ–ગંગાજીનો રમ્ય પ્રદેશ જોઇ આપણા નાયક શ્યામસુન્દરના મુખમાંથી ઉપરના હૃદયભાવો શબ્દોમાં દેખાયા

વિશાળ આકાશમાં આજે એક પણ વાદળું દેખાતું નથી ચન્દ્ર અને અનેક ન્હાના મ્હોટા તારાઓ શાંત વિહાર કરી રહ્યા છે ! દુઃખ અને પાપના તાપથી ધગધગતી આ ધરાપર જાણે શાંતિની વૃષ્ટિ કરવાજ તેઓ સરજાયલા હોય ! પવન પણ મન્દ શીતળ–આનંદદાયક વ્હાય છે. આસપાસનો પ્રદેશ–રમ્ય પ્રદેશ અનેક ન્હાનાં મ્હોટાં વૃક્ષોથી શોભી રહ્યો છે; જગતના મૃત્યુલોકના દેહધારી મનુષ્યોએ સ્વર્ગ નથી જોયુ, છતાં સુખશોધક–આનંદ શોધક–સૌન્દર્યરસિક, ત્હેમના હૃદયોએ સ્વર્ગસૌન્દર્યની જે કલ્પનાઓ કરી છે, તે કલ્પના આ પ્રદેશમાં પ્રત્યક્ષ થાય છે. જાણે પ્રભુએજ જગતજનોપર દયા કરી. ના, ત્હેમાં પણ આર્ય દેશવાસી ભક્તજનોપર કૃપા કરી આ સ્વર્ગ અહીંજ આણ્યુ હોય !

સૌન્દર્ય જોતો–સૌન્દર્યના તરંગથી તણાતો–નવીન વિચાર કરતો શ્યામસુન્દર એકલોજ એક શાંત સ્થળે બેઠો હતો, વિચારોએ એકાન્ત મળતાં શબ્દોમાં સ્થાન લીધુ " માતા ! તે જરૂર મ્હારા માટે રડતી હશે: મ્હારી સ્થિતિ માટે નિશ્વાસ નાખતી હશે ! મ્હેં આ શુ કર્યું ? શા માટે માતાનો, ઘરનો, ધનનો, સગાં સંબંધીનો, મિત્રોનો ત્યાગ કર્યો ? શા માટે હું આટલે દૂર આવ્યો ? જેને માટે મ્હેં ત્યાગ કર્યો તે તો અહીં પણ મ્હારી સાથે છે–તે તો અહીં પણ મ્હારી પાછળ જ છે. કદાચ માતા અહીં આવે, મ્હારી સ્હામે ઉભી રહી જુએ, તરૂને જુએ, તો મ્હને શું કહે ? કિશોર મ્હારી આ સ્થિતિ જૂએ તો મ્હારા માટે શો વિચાર કરે ? શા માટે ફરી ઘેર ન જાઉ ?

શા માટે મ્હારા દોષો—મ્હારાં પાપો જગતને ખુલ્લે ખુલ્લાં ન કહું ? હા ! જગત્ મ્હને ધિક્કારશે, પણ તે હરિ મ્હને પ્યાર કરશે, જગત્ મ્હને મૂર્ખ ગણશે, પણ તે પ્રભુ મ્હને પવિત્ર સ્હમજશે; જગત્ મ્હને દુર્બુદ્ધિ વિચારશૂન્ય કહેશે, પણ તે જગત્નાથ હરિની દૃષ્ટિમાં હું બુદ્ધિવાન ગણાઇશ. જેનો કોઇ નથી ત્હેનો તે છે.

"બુદ્ધિ! જેને જગત્ બુદ્ધિ કહે છે તેજ ખરી બેશુદ્ધિ છે. જેને જગત્ ભોળપણ કહે છે, તેજ ખરૂં શાણપણ છે. હું બુદ્ધિવાન હતો—બુદ્ધિવાન ગણાતો પણ તે બુદ્ધિની ચંચળતા, ત્હેના ભોગો મેળવવાની પ્રવિણતા એજ મ્હારા ગુણો હતા, એજ મ્હારૂં ડહાપણ હતું, એજ મ્હારી બુદ્ધિ હતી અને તેજ મ્હને રડાવે છે. ઓ અભાગીયા જીવ! ઓ પામર જીવ ! એક વાર—એકજ વાર ખરી શ્રદ્ધાથી, ખરી ભક્તિથી, ભોળપણથી તે હરિના ચર્ણોમાં આ મદોન્મત્ત મસ્તિક નમાવ્યું હોત, એકજ વાર માત્ર શ્રદ્ધાથી દીન થઇ ત્હેનો આશ્રય સ્વીકાર્યો હોત, તો પાપમાર્ગે જતાં, આસુરી સંપત્તિના પતિત પ્રવાહમાં ઘસડાઇ જતાં એક વાર પણ જરૂર ત્હેણે ત્હારો હાથ પકડયો હોત ! એક વાર પણ તે દીનાનાથે ત્હારા પર દયા કરી હોત ! એક પવિત્ર રંક પ્રાણીનું અહીત કરતાં, ત્હેનું દુઃખ જોઇ રાજી થતાં જરૂર ત્હેણે ત્હને રોક્યો હોત ! પણ

"જો મતિ પીછે ઉપજી સો મતિ આગે હોત;"

"એ પવિત્ર માર્ગ હમણાંજ જડયો. આ પવિત્ર વિચારો હમણાંજ સુઝયા, પ્રભુએજ સુઝાડયા. દયા કરીને બતાવ્યા. કિશોરના કઠિન અસભ્ય વાક્યોમાં ત્હેની દયાજ હતી, આ ત્યાગમાં—અહીં રખડવામાં પણ ત્હેની દયાજ હશે." કંઇક નિશ્ચય થયો, જગતના

વિચારથી ભયભીત થયેલો મનુષ્ય પ્રભુમાં વિરામ પામ્યો, પળવાર શાંત રહ્યો. આકાશ તરફ–વિશાળ વ્યોમ તરફ જોઈ રહ્યો, ચંચળ મનની ચંચળતા અન્ય દિશામાં વળી.

" કહાં હય દારા કહાં હય સિકંદર ?
કહાં હય અર્જુન કહાં યુધિષ્ઠિર ? "

" કાળ ! અનંતકાળમાં કોણ ગયું છે ? કોણ રહ્યું છે ? મહા સમર્થ સિકંદર–પૃથ્વિ સમસ્તને જીતવા ઇચ્છનાર, મહાવીર સિકંદર ક્યાં છે ? બળથી ગર્જના કરનાર, યુરોપને હંફાવનાર નેપોલીયનનો નાશ થયો છે; આર્ય ધર્મવીરો ભીમ, અર્જુન, યુધિષ્ઠિર, રામ, કૃષ્ણ, બુદ્ધ, શંકરનાં સ્મરણ માત્ર રહ્યાં છે. અનંતકાળના મહાસાગરમાં સૌ ડૂબ્યા છે; અનંતકાળના આકાશમાં સૌ સમાયા છે, તેજ તારા રૂપે–અમર-જ્યોતિ રૂપે પ્રકાશે છે; કે જેમણે આ જગતની વેદી ઉપર પોતાનાં શરીરો–પોતાનું સર્વસ્વ હોમ્યું છે, એ અગ્નિ–એ યજ્ઞ–અગ્નિના ભડકા જ આ પ્રકાશમાન જ્યોતિઓ છે. "

" ચાર દિવસ કે જીવન કારન
માયા... ખેલ પ્રસારા,
કપટ–લપટકી બાઝી ખેલી
ક્યા જીતા ક્યા હારા ? "

" હે મૂરખ મનુષ્ય ! રે અધમ જન ! ઓ પાપી ! તું શું આ દુઃખો–આ વ્યાધિઓ–સંકટો જોવાને, આ અંધકારમાં ભમવાને–રડવાને –દુઃખે મરવાને સરજાયલો હતો ? ના ! ના ! તું તો તે પવિત્ર પ્રભુ, તે મહા સમર્થ સર્વ શક્તિમાન, અવિનાશી આનંદરૂપ હરિની સાથે વિહાર કરવા, ત્હેની મધુરી બંસરીનું મધુર–જગત્ મોહક ગાન સાંભળવા

સંસારનાં ઉત્તમમાં ઉત્તમ સુખો ભોગવવા સરજાયલો હતો; પણ ત્હારાં જ દુષ્ટ કર્મોએ, ત્હારાજ અપવિત્ર વિચારોએ—ત્હારીજ મલીન ઇચ્છાઓએ ત્હને હરિથી દૂર કર્યો છે. જે પ્રભુ—ત્હારા કર્તા—માતાના ગર્ભમાં, બાળપણની અનાથતામાં ત્હારૂં પાલનકર્તા, ત્હારૂ રક્ષણ કર્તા, રાત્રિમાં ને દિનમાં, જાગૃતમાં અને સ્વપ્નમાં, શત્રુઓના ભયમાં અને મિત્રોના મોહમાં ત્હારી પાછળ પાછળ ફરનાર-ત્હારી સાથે રહેનાર તે દયાળુની સેવાથી વિમુક્ત રહી ઓ હતભાગી! રે કૃતઘ્ની ! ત્હેં તો આ જૂઠા સંસારની સેવાનો સ્વીકાર કર્યો. માગ ! માગ ! હવે એ સંસાર પાસેથી સુખ !" તે સ્હામેના વૃક્ષને બાઝી અનાથ જેવો દીન થઈ બાળકની પેઠે હૃદય ઉઘાડી રડવા લાગ્યો.

" યેહ અરપ બહોત કુદા ઉછલા અબ કોડા મારો ઝેર કરો,
જબ માલ ઇકઠ્ઠા કરતે થે અબ તનકા અપને ઢેર કરો.
ગડ તુટા લસ્કર ભાગ ચૂકા અબ મ્યાનમે તુમ સ્મશિર કરો,
તુમ સાફ લડાઇ હાર ચૂકે અબ ભાગનેમેં મત દેર કરો.
યહ ઉમર જીસે તુમ સમજે હો યહ હરદમ તનકો ચુનતી હય
જીસ લકડી કે બલ બઐઠે હો, દિનરાત યહ લકડી ધુનતી હય.
ઘરબાર રૂપે ઓર પૈસેમેં મત દિલકો તુમ ખુરસંદ કરો,
યા ગોર બનાઓ જંગલમે યા જમનાપર આનંદ કરો. "

રડતાં રડતાં ખુલ્લા હૃદયથી કોઈક વખતે મહા કવિ નઝીરની સાંભળેલી આ પંક્તિઓ બોલવા લાગ્યો. અને **विषस्यं औषधं विष.**—દુઃખનું ઔષધ દુઃખીજનના હૃદય ઉદ્‌ગારોમાં શોધવા લાગ્યો.

" ગર અચ્છી કરની નેક અમલ તુમ દુનિયાસે લેજાઓગે;
તો ઘરભી અચ્છા પાઓગે ઔર બૈઠકે સુખસેં ખાઓગે.

ઔર અયસી દૌલત છોડકે તુમ જો ખાલી હાથો જાવોગે;
કુછ બાત નહી બન આનેકી ઘબરાઓગે પછતાઓગે."

"ખરેખર! મ્હેં કશું નથી કર્યું? આ પવિત્ર ગઝલો! મ્હેં અનેક વાર વાંચી હતી, અનેક વાર ત્હેનું સ્મરણ કર્યું હતું, પણ માત્ર અન્ય જનો પાસે કહેવા, અન્ય જનોને દેખાડવા, મ્હારી બુદ્ધિ સૂધીજ આ દુનિઆનું ખરૂં સ્વરૂપ બતાવનાર ભક્ત હૃદયની ઊર્મિઓ પહોંચી હતી. મ્હારા હૃદયપર ત્હેની જરા પણ અસર થઈ નહોતી. પ્રભુ! અધમ છું!"

"ચાર દિવસ કે જીવન કારન,"

"ખરેખર ચારજ દિવસનું જીવન! ન્હાનું, ટુંકું, અનિશ્ચિત, જેને માટે જરા પણ વિશ્વાસ નથી એવું, મૃત્યુના ગ્રાસરૂપ આ શૂન્ય જીવન! ત્હેના ક્ષણિક સુખને માટે કેટલા કેટલા પ્રપંચો, કેટલી કેટલી ઠગાઈ, કેટલું પાપ? વિશ્વાસનો વિશ્વાસઘાત! હે કરુણાસિન્ધુ ભગવાન! હું પાપી છું, હું અધમ છું, હું કૃતઘ્ની છું. પાપથી ભય પામનારા અને પ્રભુના પ્યારા જનોને ફસાવનારી–ત્હેમના વિશ્વાસને બદલે અવિશ્વાસ આપનારી આ દુર્બુદ્ધિને હું ડહાપણ હોશિયારી સ્હમજતો હતો, સંસારને ધોળું દેખાડી કાળું કરનારી મ્હારી મૂર્ખતાનેજ હું બુદ્ધિ કહેતો હતો, ગાંડપણને ડહાપણ કહેતો હતો, અંધકારને પ્રકાશ સ્હમજતો હતો, અને તેમાંજ–તે અંધકારમાંજ એક પવિત્ર–એક પ્રકાશમાન–એક પ્રભુના પ્યારા પ્રાણીનો મ્હેં ઘાત કર્યો. હાથથી ન હણ્યો પણ મનથી ઇચ્છા કરી દોષભાગી થયો. શરણે આવેલા તે પ્રાણી ઉપર સખ્ત પ્રહાર કર્યો. ત્હેના શુદ્ધ પ્રેમનો અનાદર કર્યો; અશુદ્ધ–અધર્મ્ય પ્રેમનો આદર કર્યો. હરિ!! હરિ!!! આ સ્મરણ મ્હને કંપાવે છે."—ત્હેનું શરીર ધ્રુજવા લાગ્યું. "ઇન્દુ તું ક્યાં હઇશ? મ્હારી વ્હાલી ઇન્દુ! ત્હને હું

ક્યાં જોઇશ? પ્રાણનું બલિદાન કરતાં અગર ત્હારા દર્શનનો એક પળને માટે પણ લાભ મળતો હોય તો મ્હારા પ્રાણ આપવા હું તૈયાર છું. ઇન્દુમતિ! ઇન્દુ! જીવનભર મુંગો રહેવા બદલ એક ક્ષણમાત્ર ત્હારૂં મધુર ગાન સાંભળવાનું ભાગ્ય પ્રાપ્ત થતું હોય તો તેમ કરવા હું રાજી છું. પ્રિય! પ્રિય!! પ્રિય તું......" ગાંડાની પેઠે તે આમ અસ્પષ્ટ વિચારો—હૃદયના ઉદ્‍ગારો કહાડતો વધારે વધારે રડવા લાગ્યો. નદીને કાંઠે કોઇ ભક્તકંઠમાંથી કબીરનું પદ ગવાતું હતું.

" સુખ સાગરમેં આય કે.........
મત જાઓ રે પ્યારે...........
અમરત કૂપ ભર્યો ઘટ ભીતર........
મૂરખ કાય કરે જલ આશા, સુખ..."

પ્રકરણ ૧૫ મું.

શૈલેન્દ્રનો પ્રવાસ.

રાતના બાર વાગ્યાનો વખત હતો. ગાડી સડડાટ કરતી લાવણ્ય-પુર સ્ટેશનપર આવી પહોંચી. ઉતારૂઓ ચ્હડ ઉતર કરવા લાગ્યા. કોઈ પોતાના સંબંધીઓને બોલાવવા લાગ્યા, કોઈ મજૂરને બોલાવવા લાગ્યા, કોઇ ટિકીટો ન મળી હોવાથી આમ તેમ દોઢાદોડ કરી રહ્યા, પારકે પૈસે પરમાનંદ ભોગવનાર શ્રીયુત્ શૈલેન્દ્રકુમાર પણ સેકન્ડ ક્લાસના કમ્પાર્ટમેન્ટમાંથી ઉતર્યા. મજુરને સામાન બહાર કહાડવાની આજ્ઞા કરી પોતે એક લાંબી ચિરૂટ સળગાવવામાં રોકાયા. શરીર એમનું ઠુંકું અને જરા પુષ્ટ હતું. પોષાક પાઘડી સિવાય સર્વ યુરોપિયન ફેશનનોજ હતો; માત્ર દેશી પાઘડીને સ્થાને જો સાહેબ લોક જેવી હેટ પહેરી લીધી હોત, તો બરાબર બબરચીજ બની રહેત, પણ તેમ ન થવાથી દેશી તરીકે ઓળખાતા હતા ખરા! ધુમાડાના ગોટેગોટા કહાડતા સ્ટેશનના કમ્પાઉન્ડની બહાર નીકળ્યા. વિશીવાળા, હોટેલોવાળા ત્હેમની આસપાસ ફરી વળ્યા. સૌ કોઇ પોતાની જૂદી જૂદી રીતે પ્રશંસા કરવા વાગ્યા. એક જણે આંગળીનો ઇશારો કરી પોતાની વિશી સ્હામે બતાવી. શૈલેન્દ્રની દૃષ્ટિ એ તરફ ગઈ.

એક ચાર માળનું સુંદર ઘર હતું. બહારથી શોભાયમાન લાગતું હતું, અંદર ઓરડા, ઓરડામાં ન્હાની ન્હાની વીજળીની બત્તીઓ બળતી હતી. આ ઉપલા માળમાં એક બારી તરફ ત્હેની દૃષ્ટિ ખેંચાઇ, ત્યાં એક યુવાન બાળાને જોઇ—બસ એજ શાંતિગૃહમાં જવાનું નક્કી

થયું. મજુર અને હોટેલવાળો આગળ ચાલ્યા, પોતે પાછળ પાછળ આસપાસના પ્રદેશને જોતો, આસપાસની દુકાનો ને દુકાનદારોને તપાસતો ચાલ્યો. બે મિનીટમાં વિશીવાળાના ઘર પાસે તેઓ આવી પહોંચ્યા. પહેલા માળપર ન્હાની ન્હાની અનેક ઓરડીઓ હતી. પણ હમણાં સૌ ખાલી દેખાતી હતી. બીજા માળપર પણ એવુંજ દેખાયું. શૈલેન્દ્રને આની સ્હમજણ ન પડી. ત્રીજા માળપર એકજ ઓરડામાં કોઇક ઉતારૂ જણાતા હતા. ચોથા માળપર એક મ્હોટા ખણ્ડમાં એમને ઉતારો આપ્યો. આ ખણ્ડ ઘણા વખતથી ખાલી પડયો હોય એમ દિવાલો વિગેરે જોવાથી જણાતું હતું. શૈલેન્દ્રને માટે પથારી વિગેરે લાવવામાં આવી. ત્હેણે બારીમાંથી બહાર જોયુ. આજ ખણ્ડમાં ત્હેને તે સુંદર યુવાન બાળા દેખાઇ હતી, અને ત્હેને જોવાથીજ તેણે અહીં આવવાનું પસંદ કર્યું હતું, પણ હમણાં ત્હેને કંઇ ન દેખાયું. ઓરડો પણ શુષ્ક જેવો દેખાયો. ભ્રમણા હશે, બીજો ખણ્ડ હશે, એમ માની લીધું. વિશીવાળાને ખાવાનું લાવવાની આજ્ઞા કરી. સેકન્ડ કલાસમાં મુસાફરી કરતો હોવાથી દરેક સ્ટેશનપર ચાહ તો પીધી હતી. તેમજ ખાવાનું પણ ખૂબ લીધું હતું. છતાં પણ ભુખ લાગી હતી. જીભને કે જઠરને એ તો તે પોતે જાણે!

હોટેલનો માણસ એક ગોળ ન્હાનું ટેબલ મૂકી ગયો. એક પછી એક જૂદી જૂદી જાતના ભોજનની થાળીઓ આવવા માંડી. સર્વ આવી જતાં ખાવાનું શરૂ કર્યું. પંદર મિનીટમાં પંદરથી વધારે સ્વાદ લીધા. પંદરેક પ્રકારનાં ભોજનોમાં સૌને યોગ્ય ઇન્સાફ આપ્યો. જમી રહ્યો કે નોકરે પાન બીડી આપી, તે લઇ ફરી તે બારી પાસે ઉભો રહ્યો. ફરી એજ શંકા થઇ—આજ ખણ્ડમાં મ્હેં તે સુંદર યુવતી જોઇ

હતી. સ્હામે આકાશમાં જોયું, એકજ તારો-લાખો કે કરોડો માઇલ દૂર પ્રકાશતો એકજ તારો-દેખાયો. થોડો વખત અહીં ઉભો રહ્યો. એટલામાં ચાકરે પથારી પાથરી. આંખો નિદ્રાથી ઘેરાતી હોવાથી ચાકરને રજા આપી દ્વાર બંધ કરી બત્તિ બુજાવી બીછાના પર પડયો. આંખ વારંવાર બારી વાટે દેખાતા એ તારા તરફ ખેંચાતી. મનની વૃત્તિઓ ફરી ફરી તે સુંદર સ્ત્રીની કલ્પના કરતી હતી, અને શ્રવણ-ઇન્દ્રિય થોડેક દૂર ગવાતી એક ઉર્દુ ગઝલ તરફ ખેંચાતી હતી.

* દુનિયા અજબ બાઝાર હય કુછ જિન્સ યાંકિ સાથ લે,
નેકીકા બદલા નેક હય, બદસેં બદકી બાત લે.
જો ચાહે લે ચલ ઇસ ઘડી સબ જિન્સ યાં તૈયાર હય,
આરામમેં આરામ હય આઝારમેં આઝાર હય.
દુન્યાં ન જાન ઇસકો મિયાં, દરયાકી યહ મંજધાર હય,
ઔરોંકા બેડા પાર કર તેરાભી બેડા પાર હય.
જો ઔરકા છીલે જીગર, ઉસકા જીગર છિલતાભી હય,
જો ઔરકો દેવે કપટ ઉસકો કપટ મિલતાભી હય.
અપને નફે કે વાસ્તે મત ઔરકા નુકસાન કર,
તેરાભી નુકસા હોવેગા ઇસ બાત પર તું ધ્યાન ધર.
ગફલતકી યહ જાગા નહી યાં સાહે બેહદ રાંક રહે,
દિલશાદ રખ દિલશાદ રહે ગમનાક રખ ગમનાક રહે.
કલજુગ નહિ કરજુગ હય યહ યાં દિનકો લે ઓર રાત લે,
કયા ખૂબ સબ્દા નકદ હય ઇસ હાથ દે ઉસ હાથ લે.

ગઝલ હજી આગળ ચાલતી હતી પણ સાંભળનારની આંખો

* નઝીર. રાગ-સોહિનીની ગઝલ.

હવે નિદ્રાથી ઘેરાવા માંડી હતી. શ્રવણશક્તિ મંદ થતી હતી. દશેક મિનીટ ત્હેની આંખો મિંચાયલી રહી. નિદ્રા આવી હોય કે નહીં, પણ તે એકાએક ઉઠયો. આશ્ચર્યથી ઓરડામાં ચારે તરફ જોઇ રહ્યો. પ્રકાશ ન્હોતો, છતાં જોઇ શકાતું હતું કે ત્હેમાં બીજું કોઇ પણ નહોતું. બારીમાંથી દૃષ્ટિ કરી, તે જ તારો દેખાતો હતો-બહાર એ જ ગઝલો ગવાતી હતી.

" મ્હેં શું સાંભળ્યું ? ભ્રમણા તો નથી ? ખરેખર કોઈ મહા સ્વરૂપવાન અતિ સુંદર યુવાન સ્ત્રી મ્હારી તરફ આવતી હતી, ત્હેના આવવાનો અવાજ સંભળાયો. તે અતિ સુંદર—અતિ મોહક હતી." તે બોલ્યો. બોલતાં ભયથી—આશ્ચર્યથી ફરી ઓરડામાં જોયું. કંઇ ન દેખાયું.

તે પાછો પથારીપર પડયો. નેત્રો મીચ્યાં—અંતર જાગૃત હતું. ત્યાં ફરી કોઇ સ્ત્રી નૂપુરનો ઝીણો ઝણુણાટ કરતી આ ઓરડામાં ફરતી હોય એવો આભાસ થયો. ફરી ઉઠયો. બત્તી સળગાવી-કંઇ ન દેખાયું. તે ઉઠી આમ તેમ ફરવા લાગ્યો. બારીમાં જોયું. એ જ તારા તરફ દૃષ્ટિ ગઇ. ત્હેને સંશય થયો. જરૂર અહીં કંઇક લુચ્ચાઇ છે અથવા કોઇ વંતરી કે ડાકણ અહીં રહે છે. વિશીવાળાને બોલાવવા વિચાર કર્યો. અનેકને સલાહ આપનારને સલાહ આપવા અહીં કોઇ નહોતું. અનેકને બોલતાં શીખવનાર પોતે હમણાં ભયથી ધ્રૂજતો હતો. વિશીવાળાને બોલાવતાં તેના હોઠ કંપતા હતા.

" જો ગુલ બદન હમ્સે રૂઠે જલ્દી ઉન્હે મના લે !
બોસા ઉન્હોંકા લેકર સિનેસે ફિર લગા લે."

બહાર ગવાતું હતું. શૈલેન્દ્ર તે સાંભળી રહ્યો. અર્થ ન સ્હમજ્યો, કંઇક મન ખેંચાયું ત્યાં પાછો ભય પેઠો. કંઇક દૂર—કંઇક સમીપ

પાછો એ ઝાંઝરનો અવાજ થયો. શ્રદ્ધાએ કંઇક સ્વરૂપ લીધું. તે સ્હમજ્યો કે પાસેના ઓરડામાં કોઈ ઉતારૂઓમાં કોઇ સ્ત્રી હશે. હીંમત આવી, સૂતો, જરા વાર વિચાર થયો, પણ નિદ્રાની લહરીઓએ વિચારને દૂર કર્યો. આંખો મીંચાઇ, પાછો એવોજ અવાજ કંઇક વધારે સમીપ થવા લાગ્યો. ભયથી કંપતો આ પ્રવાસી ઉઠ્યો. બત્તી પોતે ઠરી ગઇ હતી, હવે ત્હેનો ભય દૃઢ થયો. તે ચિસ પાડવા જતો હતો. વળી કંઇ ધીરજ આવી, વિશીવાળાને જોરથી એ પોકારો કર્યા. જવાબ ન મળ્યો. ઉઠી દ્વાર તરફ કંપતો ચાલ્યો, સાંકળ ખેંચી તો બહારથી બંધ હતું. હવે તે ધીરજ ન ધરી શક્યો, ત્યાંજ ઉભો રહ્યો, આસપાસ કે ઉપર જોવાની ત્હેનામાં હીંમત રહી નહીં. હૃદયનું દુ:ખ ચીસરૂપે કંઠના અગ્ર ભાગ સુધી આવી પહોંચ્યું ત્યાં સંભળાયું કે,–

"શૈલેન્દ્ર, શાંતિ ધર."

શૈલેન્દ્રે આંખ ઉંચી કરી સ્હામે જોયું તો એક સોળ કે સત્તર વર્ષની નવ યુવતી સ્હામે ઉભેલી જોઈ. શૈલેન્દ્ર તરફ ત્હેની પીઠ હતી, ભ્રમર જેવા કાળા બાલ પીઠપર છૂટા પડયા હતા. નિતંબ સુધીનો ભાગ લાંબા બાલથી ઢંકાઈ ગયો હતો. મસ્તિકપર કંઈ પણ વસ્ત્ર ન હતું. ઘુંટણ સુધી લીલા રંગના રેશમનો પાયજામો હતો. કંઠની ઝાલરોમાં ન્હાની ન્હાની સોનાની ઘુઘરીઓ લટકતી હતી. નિચે ગુલાબી રંગના રેશમનું વસ્ત્ર પહેરેલું હતું, મુખ ત્હેનું દેખાતું નહોતું. પગની પાનીનો દેખાતો ભાગ કેળના ગર્ભ જેવો ગૌર રંગનો હતો. શૈલેન્દ્ર ફરી ફરી આ સુંદર શરીર તરફ જોવા લાગ્યો, ફરી ફરી એ કોમળ શરીરના રચનાર બ્રહ્માની પ્રસંશા કરવા લાગ્યો. ફરી ફરી આ કોણ? અહીં ક્યાંથી? એ વિચાર થતાં ભય પામવા લાગ્યો.

“શૈલેન્દ્ર, શાંતિ ધર.” ફરી આ સ્ત્રી બોલી. ત્હેનાં વસ્ત્રોમાં છાંટેલા વિવિધ પ્રકારના સુગંધી પદાર્થોની સુવાસ આ ઓરડામાં પ્રસરી રહી.

“શાંતિ શી રીતે ધરૂં?” શૈલેન્દ્ર મહા મુસીબતે બોલ્યો.

સ્હામેથી ઉત્તર ન મળ્યો. શૈલેન્દ્રના મનમાં અનેક તર્કો થવા લાગ્યા.

“આપ કોણ છો?” તેણે ફરી પ્રશ્ન કર્યો?

ઉત્તર ન મળ્યો.

શૈલેન્દ્ર આ મૌનપણાનો અર્થ ન સ્હમજી શક્યો. ત્હેણે ફરી પૂછ્યું, “આપ કોણ છો?”

“હમણાં એ પ્રશ્ન ના પૂછ!”

“હું અહીં આવ્યો ત્યારે આપ નહોતાં. દ્વાર બંધ છે, છતાં આપ અહીં શી રીતે આવ્યાં?” તે ગભરાયલો બોલ્યો.

“હમણાં એ પ્રશ્ન ના પૂછ!”

ફરી તે દિગ્મૂઢ જેવો થઇ ગયો.

“આપને શું કહેવું એ મ્હને નથી સૂઝતું, સંશયથી હું ઘેરાઇ ગયો છું, હું ક્યાં છું ત્હેનું મ્હને ભાન નથી, કૃપા કરી કહો કે મ્હારે શું કરવું?”

“થોડો વખત અહીંજ રહેવું—આજ ઓરડામાં રહેવું—હું કંઇક દેખાડીશ, હમણાં આટલુંજ. હું જાઉંછું.” આટલું બોલી તે ચાલી ગઈ. શૈલેન્દ્રની પાસેથી પસાર થઈ, દ્વાર ઉઘાડ્યું, ફરી વાસી ચાલી ગઇ. દૂર ગઇ ત્યાં સુધી તે અવાજ થતો રહ્યો.

શૈલેન્દ્ર આ સર્વ ચમત્કારનો અર્થ ન સ્હમજી શક્યો. બે મિનીટ પહેલાં જે દ્વાર બંધ હતું તે પોતે શી રીતે ઉઘડ્યું—અંદરથી બંધ

છતાં તે સ્ત્રી કેમ આવી શકી. સ્ટેશન પાસેથી પણ એજ સ્ત્રી દેખાઇ હતી કે બીજી? વળી મ્હારી સાથે એને શો સંબંધ? હું અહીં રહું ત્હેમાં એને શો લાભ? અને મને આ ઓરડામાં રહેવા માટે કહેવાનું શું કારણ? તેણે મ્હારૂ નામ કેમ જાણ્યું? આ સર્વ પ્રશ્નોથી તે એક પ્રકારની ભ્રમણામાં ઘેરાઇ ગયો. આ કોણ? કોઇ મનુષ્ય સ્ત્રી કે વંતરી?

તે આમ તેમ આશ્ચર્ય અને ભયથી જોઇ રહ્યો. બારીમાંથી બહાર જોયું. એજ તારો દેખાયો. બહાર ગવાતું હતું,

" કુછ ધીર નહીં અંધેર નહીં
ઇનસાફ઼ ઔર અદલ પરસ્તી હય,
ઇસ હાથ કરો ઉસ હાથ મિલે
યાં સવદા દસ્ત બદસ્તી હય. "

પ્રકરણ ૧૬ મું.

નવીન સંબંધ.

વાતો કરતાં, જીવનની નવીન યોજનાઓના વિચાર કરતાં, દોઢ માસ લગભગ વ્યતીત થયો છે. આ પ્રવાસીઓ ગુજરાતના એક ન્હાના ગામડામાં આવી રહ્યા છે. કોઇક દિવસે હરિનું ભજન કરે છે, તો કોઇક દિવસે ઉપનિષદની કથા કરે છે; કોઇક વખતે હરિનું ધ્યાન ધરે છે, તો કોઇક વખતે પોતાના ગત સંબંધીઓનો વિચાર કરે છે; કોઇક વખતે નિશ્વાસ નાંખી વખત પૂરો કરે છે, તો કોઇકિ વખતે સૌ જીવે છે—સૌ ઉન્નત થાય છે—એ વિચાર કરી આનંદમગ્ન કરે છે; કોઇક વખતે આસપાસના પ્રદેશની વનલીલા જોઇ પ્રભુની અપાર માયાનું સ્મરણ કરે છે; કોઇક વખતે ન્હાની નૌકામાં બેસી નદીમાં વિહાર કરી જગતની જંજાળનું વિસ્મરણ કરે છે; કોઇક વખતે નિર્બળ મનુષ્યપ્રકૃતિપર ગત સંસ્કારો—મલીન સંસ્કારો વિજય કરે છે; પણ પ્રભુનું પવિત્ર સ્મરણ—સાધુ જનોના નિર્મળ ચરિત્રોના વિચાર પુનઃ એ મલીનતાને દૂર કરવા યત્ન કરે છે. પળે પળે કલાકો પસાર થાય છે, કલાકે કલાકે દિવસો જાય છે, દિવસ દિવસ કરતાં અઠવાડિયાં વ્યતીત થાય છે. કાળ આ પ્રમાણે ચાલ્યો જાય છે.

અનેક નવા સંબંધીઓથી સંબંધ જોડયો છે, અનેક નવા મિત્રો કર્યા છે, સૌની સાથે તેઓ માયાથી વર્તે છે, સૌ ત્હેમના પર માયા રાખે છે; પરંતુ ત્હેમાં પણ નન્દલાલ નામના એક ગૃહસ્થના કુટુમ્બ સાથે એમનો વિશેષ સંબંધ જોડાયો છે—વિશેષ સ્નેહ થયો છે. આ

કુટુમ્બમાં નન્દલાલ અને હેની પત્ની સિવાય કોઈ નહીં હતું. શ્યામસુન્દર અને તરૂલતાના ઘરની પાસેજ એમનું ઘર હતું, વચ્ચે એક બારી હતી. આમાંથી એક બીજાના ઘરમાં પ્રસંગે જોઇ પણ શકાતું, એક બીજાને બોલાવી પણ શકાતું.

નન્દલાલ મુમ્બાઇની કોલેજમાં અધ્યાપકનું કામ કરતો હતો, મહિને ચારસો રૂપિયાની પેદાશ હતી. તે સાહિત્યપ્રેમી અને શૃંગારરસિક હતો. હેની પત્ની નિર્મળા પણ ભણેલી અને સુશીલ હતી. પતિના રસમાં—પતિની હૃદયસૃષ્ટિમાં તે ભાગ લઇ શકતી હતી. બન્ને પ્રેમથી રહેતાં. કોલેજમાં હમણાં રજા હોવાથી આ કુટુમ્બ પોતાના ગામમાં રહેવા આવ્યું હતું. શ્યામસુન્દર અને નન્દલાલ પ્રસંગે પ્રસંગે જૂદા જૂદા સામાજિક, ધાર્મિક કે રાજદ્વારી વિષયોપર ચર્ચા કરતા; તેવીજ રીતે સ્ત્રીઓ—નિર્મળા અને તરૂલતા પણ પોતાનાં કોમળ હૃદયો અન્યોન્ય પાસે ઉઘાડી આનંદ પામતી—રસ લેતી.

એવો દિવસ કોઈ ભાગ્યેજ જતો હતો કે જ્યારે બે ચાર કલાક આ બન્ને યુવતીઓએ સાથે બેસી વાર્તાવિનોદમાં ન કહાડયો હોય ! નિર્મળાને ગુજરાતીનો સારો અભ્યાસ હતો. ગમે તેવી કઠણ ભાષા પણ તે સ્હમજી શકતી. તેમજ પતિની મદદથી હેણે ઇંગ્રેજી અભ્યાસ પણ કર્યો હતો. હેને નવલકથાઓ—નાટકો વિગેરે વાંચવાનો ઘણોજ શોખ હતો, અને હેની અસર ધીરે ધીરે તરૂલતા પર પણ થતી હતી.

વર્ષાઋતુ સમાપ્ત થઈ શરદ ઋતુનો પ્રારંભ થયો છે. હમણાં રાત્રિ એક પ્રહર વીતી છે, પ્રેમીજનોના મનને શાંત કરનાર, વિયોગીઓને આનંદ આપનાર, વિરહદુ:ખ દૂર કરનાર, શીતરશ્મિ ચન્દ્ર ભગવાન પૂર્ણ પ્રકાશથી સૃષ્ટિ સમસ્તપર શાંતિરૂપી અમૃતની વૃષ્ટિ કરતા વિહાર

કરી રહ્યા છે; કૃષ્ણની પાછળ વૃંદાવનની ઘેલી-પ્રેમઘેલી ગોપીઓનાં ટોળે ટોળાં ફરતાં હોય તેમજ તારાઓનાં યુથો પ્રેમાવતાર ચન્દ્ર પાછળ ફરે છે. પહાડો-જંગલો-ખિણો-નદીઓ-ન્હાનાં નાળાંઓ સર્વ આજે શાંત-પ્રકાશમય ભાસે છે. મ્હોટાં વૃક્ષો અને ન્હાની પુષ્પલતાઓ સ્થળે સ્થળે ઉભેલા શાંતિના અમલદારો હોય, એમ અનુમાન થાય છે. પવન પણ મંદ અને શીતળ વ્હાય છે. દુ:ખ અને દર્દ, ક્રોધ અને ભય, શોક અને મોહથી બળતા મનુષ્યોનાં હૃદયોને શાંત કરતો શાંતિથી પ્રસાર થાય છે. ગામમાં વસ્તી સાધારણ-થોડી છે, અને તેથીજ શહેરોની પેઠે અહીં જરા પણ કોલાહલ નથી. દરેક ઘરની આસપાસ સુંદર વૃક્ષો રોપેલાં છે. ન્હાની ફુલવેલીઓ આ વૃક્ષોને બાઝી ઉભી છે.

આ રમણીય પ્રદેશમાં રમણીય સમયે તરૂલતા એકલીજ કંઇક ઉંડા વિચારમાં નિમગ્ન બેઠી છે, ત્યાં સ્મિત હાસ્ય કરતી નિર્મળા ત્હેની પાસે આવી. ચન્દ્રના પ્રકાશથી કમિલિની પ્રફુલ્લ થાય-ખીલે તેવી તે હમણાં ખીલેલી જણાતી હતી. ત્હેના અંગેઅંગમાં જોબનની પ્રભ ઝળકતી હતી. ત્હેનું મુખ વિકસીત કમલ જેવું મોહક દેખાતું હતું. નેત્રો ઝિણાં-મૃગ જેવાં ચંચળ અને તેજસ્વી હતાં-જોનારને મોહ ઉપજાવતાં. જ્યારે તે સ્મિત હાસ્ય કરી કટાક્ષ કરતી, ત્યારે અનેક કામિઓનાં મન ચંચળ થઇ જતાં

"નિર્મળા બ્હેન, હમણાં શું વાંચતાં હતાં ?" તરૂલતાએ પ્રશ્ન કર્યો.

"કહું ?" સ્મિત કરતી મધુર સ્વરે નિર્મળા બોલી.

"વળી એમાં પણ પૂછવું હોય ?"

"વિક્રમોર્વશીય નાટકનું ભાષાંતર."

"નામ તો મ્હેં પણ સાંભળ્યું છે, પણ એમાં શું છે?"

* "સહજ દુઃખે દિન ખૂટવ્યો
કામ વિષે મ્હેં ગુંથાઈ ઘણી વાતે;
પણ રાત્રિ ક્યમ ખૂટશે,
વિણ ગંમતથી પ્રહર વધી જાતે.'

નિર્મળાએ હાસ્ય કરતાં–તરુ સ્હામુ જોતાં આ ગીતિ સભળાવી.

તરૂલતા અર્થ સ્હમજી. નિશ્વાસ નાખી જવાયો, પણ નિર્મળા તે પામી ન જાય માટે પ્રશ્ન કર્યો, "એટલે?"

"શું, ત્હમે ન સ્હમજ્યાં?"

"ના."

"નાટકો અને નવલકથાઓમાં વળી શું હોય? પ્રેમ!"

પ્રેમ? તરૂના અંતરમાં ધ્વનિ થયો. પ્રેમ? તે શરમાઇ ગઇ. "નિર્મળા બ્હેન, હું તો ત્હમને એ નાટકની કથા પૂછું છું."

નિર્મળાએ ત્હેને કથા કહેવા માંડી.

"ઉર્વશી નામની ઇન્દ્રની એક મુખ્ય અપ્સરા કુબેર ભંડારીને ઘેર જાય છે, ત્યાંથી પાછા વળતાં માર્ગમાં ત્હેને એક દૈત્ય હરી જાય છે. ત્હેની સખી ચિત્રલેખા રડે છે, મદદ માટે પોકાર કરે છે; પુરૂરવ નામનો રાજા સૂર્યનાં દર્શન કરી પાછા વળતાં પોકાર સાંભળે છે; હકીકત જાણી દૈત્યનો વિનાશ કરી, અપ્સરાને મૂક્ત કરવા તે જાય છે. થોડાજ વખતમાં તે મૂર્છિત ઉર્વશીને સાથે લઇ સાનંદ ચિત્રલેખા પાસે આવે છે. સખીઓ ઉર્વશીને સાવધ કરવા પ્રયત્ન કરે છે; પણઃ—

* વિક્રમોર્વશીય નાટક, દી. બ. રણછોડભાઇ ઉદયરામનું.

દીર્ઘાક્ષીના તનનો રથ ખળભળવે સ્પર્શ થતાં વાર,§
રોમાંચિત કરી કામે અંકુરિત કર્યું સર્વ અંગ ઠાર.

રાજાને મૂર્છિત ઉર્વશીના શરીરનો રથના ખળભળાટથી સ્પર્શ થાય છે, તે સાથેજ નાટકની શરૂઆત થાય છે. ઉર્વશી સાવધ થાય છે. ત્હેને જવાનું કહેવાય છે, પણ ત્હેની જવાની ઇચ્છા દૂર થાય છે. ત્હેનું ચિત્ત પણ કામદેવ જેવા સુંદર રાજર્ષિની મૂર્તિ જોઇ વિહ્વલ થાય છે."

તરલતાના અંતઃકરણમાં એક પ્રબળ વેગ થયો. ત્હેનું અંતઃકરણ જ જાણે ત્હેને કહેતું હોય કે તરલતા! આ ત્હારા ધર્મ વિરૂદ્ધ છે. સાંભળવાથી વિચાર થાય છે, વિચારથી ઇચ્છા થાય છે અને ઇચ્છાથી પતિત થાય છે. પણ સાંભળવાની ઇચ્છા પ્રબળ હતી, પૂર્વના સંસ્કારો હજી વિદ્યમાન હતા, મરતાં મરતાં પણ જીવતા હતા. તે સાંભળવાની વૃત્તિને ન રોકી શકી.

"સખી! પછી તે સુંદર શરીરવાળી અપ્સરા હમેશાં-રાત્રિદિન આ મૃત્યુલોકના માનવિનું ધ્યાન ધરે છે, ક્ષણે ક્ષણે એનું નામ જપે છે, સખીઓમાં વિહાર કરતાં-ઇન્દ્રના નન્દનવનમાં ફરતાં પણ તે તે જ મધુર મૂર્તિનું સ્મરણ કરે છે.

"થોડા વખત પછી ઇન્દ્રની સભામાં શ્રી ભરતમુનિનું "લક્ષ્મી સ્વયંવર" નામનું નાટક ભજવવાનું નક્કી થાય છે. જૂદી જૂદી અપ્સરાઓને જૂદા જૂદા ભાગ અપાય છે. ઉર્વશી લક્ષ્મી થાય છે, લક્ષ્મીના પોષાકમાં તે સભા સમક્ષ હાજર થાય છે, પણ મન જેનું પરવશ થએલું છે એવી ઉર્વશી, જ્યાં જ્યાં રસની વાત આવે છે-જ્યાં

§ વિક્રમોર્વશીય ભાષાંતર.

જ્યાં શૃંગારનો ભાગ ભજવવો પડે છે, ત્યાં ત્યાં બેભાન જેવી—પરવશ જેવી થઇ જાય છે, અને વારૂણીના પાત્રે ત્હેને પ્રશ્ન કર્યો—

'હે પ્રિયમુખી ! આ સભામાં ત્રણે લોકના સર્વ મહાપુરૂષો શ્રી કેશવ સહીત બિરાજમાન છે, ત્હેમાંથી ત્હારૂં હૃદય કોને ચાહે છે?' આ વખતે કહેવું જોઇતું હતું કે "પુરૂષોત્તમ," ત્યાં પ્રેમઘેલી આ અપ્સરા કહી જાય છે "પુરૂરવ." સર્વ સભા આશ્ચર્યચકિત થઇ જાય છે. નાટક દોષપાત્ર ગણાય છે."

"અરર......" તરૂલતાએ આશ્ચર્ય ઉદ્ગાર કર્યો.

નિર્મળા શાંત રહી. ત્હેની દૃષ્ટિ પોતાના ઘર તરફ ગઇ. બારી પાસેજ પોતાના પ્રિયતમને જોયા. એક ક્ષણ જોઇ રહી અને બીજી ક્ષણેજ તે ઉઠી.

"ના, ના, એમ નહીં જવા દઉં, વાત પૂરી કરો." તરૂલતાએ ત્હેની સાડીનો છેડો પકડી બેસવાનો આગ્રહ કર્યો.

"ના, હવે કાલે." નિર્મળા જવાને આતુર થઇ.

"ત્હમે તો ભારે માનિતાં હો?" એમ કહી કટાક્ષ કરી તરૂલતાએ છેડો મૂક્યો. મદોન્મત્ત હસ્તિની ઝૂલે તેમ જુવાનીના મદથી ઝૂલતી નિર્મળા ચાલી ગઇ. તરૂલતા જોઇ રહી, નિર્મળા અદૃશ્ય થઈ તરૂલતાના હૃદયથી દુઃખ લાગણી નિશ્વાસરૂપે દ્રસ્ય થઇ. પૂર્વસંસ્કારોનું સ્મરણ થઇ શરીર ત્હેનું કમ્પવા લાગ્યું, મુખ લાલ થઇ ગયું, હૃદય જોરથી ધબકવા લાગ્યું.

પ્રકરણ ૧૭ મું.

પાછા ત્યાંના ત્યાં.

*धूमेनाव्रियते वह्निर्यथादर्शो मलेन च
यथोल्वेनावृत्तो गर्भस्तथा तेनेदमावृत्तम् ।
आवृत्तं ज्ञानमेतेन ज्ञानिनो नित्य वैरिणा
कामरूपेण कौन्तेय दुष्पूरेणा नलेन च ॥

(श्री कृष्ण.)

ઇન્દ્રિયોના બળ પાસે પ્રબળ મનુષ્યો પણ નિર્બળ થઈ જાય છે, કામના તાન પાસે જ્ઞાનવાન પણ અજ્ઞાન થઇ જાય છે, વિદ્વાન્ મૂર્ખ થઇ જાય છે, પંડિત પતિત થઇ જાય છે, હજારો વાર કરેલી પ્રતિજ્ઞાઓ ભૂલી જવાય છે. વાંચેલાં હજારો જ્ઞાનનાં–વૈરાગ્યનાં પોથાંનુ પાંડિત્ય વ્યર્થ થઇ જાય છે; આ ઇન્દ્રિયોના બળ સ્હામે ટકી રહે, ત્હેમના વેગને લાત મારી વીરતાથી ત્હેનો પરાજય કરે તેજ મહા પુરૂષ છે, તેજ મહાવીર છે !

---

* ધુમાડાથી જેમ અગ્નિ ઢંકાયલો હોય, મેલથી જેમ દર્પણ ઢંકાયલું હોય, ઓરથી જેમ ગર્ભ ઢંકાયલો હોય, તેમ તૃષ્ણાથી તે (જ્ઞાન) ઢંકાઈ ગયેલું છે. હે કુન્તિના પુત્ર ! જ્ઞાનીનો આ નિત્યનો વૈરિ કામ જે તૃષ્ણા રૂપ રહેલો છે, તે અગ્નિની પેઠે અતૃપ્ત છે. (વધારે તૃપ્ત કરતાં વધારે સળગે છે) ત્હેનાથી શુદ્ધ સ્વરૂપ ઢંકાઇ ગયું છે.

(શ્રી કૃષ્ણ.)

નિર્મળા ગઇ, તરૂ સુવાની તૈયારી કરવા લાગી, પણ આસપાસ ફ્રરતાં–પથારી પાથરતાં, ત્હેના હૃદયની કલ્પનાઓ કંઇ બીજાજ પ્રદેશમાં ફ્રરતી હતી, ત્હેનું મગજ કંઇ બીજી દિશામાંજ ભમતું હતું.

યૌવન રસથી ભર્યો રસિક જન
ઉર વિષે કદી નાવ્યો;
ચંચળ ચતુરા રતિ રૂપ પણ
જન્મજ વ્યર્થ ગુમાવ્યો.

કોઇ વખતે સાંભળેલુ, કાંઈક પોતાના પ્રસંગમાં ગાયેલું આ ગીત સાંભરી આવ્યું. હૃદયનું મલીન બળ વધારે પ્રબળ થયું. તે દીન જેવી થઇ ગઇ, શરીર ત્હેનું પરાધીન જેવું થઇ ગયું. રોમાવલી ખડી થઈ.

બીજીજ પળે પવિત્ર સંસ્કારો જાગૃત થયા. તરૂ ! તરૂ !! રે રે!! હતભાગિની ! તું કયા પ્રદેશમાં છે તે શું ત્હને નથી સૂઝતું ? અહીં શા માટે આવી છે, તે શું ત્હને નથી સ્હમજાતું ? ત્હારી સાથે રહે-નાર કોણ છે, ત્હેની સાથે કેવા પવિત્ર વચનથી તું જોડાઇ છે, તે શું નથી જણાતું ? પવિત્રતા પાસે અપવિત્રતા નમ્ર થઇ ગઇ. પવિત્ર વિચારે પ્રગટ થતાં અપવિત્ર સંસ્કારો દૂર થયા. શાંત થઇ, તે પથારી પર બેઠી. નમ્ર હૃદયથી કૃષ્ણનું નામ જપવા લાગી–પ્રાર્થના કરવા લાગીઃ–

" મ્હારી લાજ ત્હમારે હાથ હરિ સંભાળજો રે,
" મ્હારી લાજ..................ત્હમારે હાથ.
" અબળા એકલડી આ વનમાં, સગું સંબંધી કોઇ ન જગમાં,
" સાગર વિષમયમાં ડુબતાં બચાવજો રે. મ્હારી. "

પ્રાર્થના કરતાં આંખો અશ્રુથી ભરાઇ ગઇ. પોતાનું પાપ જાણ્યું પોતેજ પોતાની પરીક્ષા કરી પોતાને–પોતાના નિર્બળ મનને ઉપાલંભ દેવા લાગી. થોડો વખત આમ ધર્મવિચાર કરતી બેસી રહી. આંખોમાં

નિદ્રાનું ઘેન ચ્હડવા લાગ્યું. બીછાના પર સૂતી. તરતજ નિદ્રાને આધીન થઇ. અર્ધોક કલાક આમ સૂઇ રહી. બાહ્ય આ સંસારસ્વપ્ન સમાપ્ત થતાં—બહારની આંખ બંધ થતાં—અંતરની આંખ ઉઘડી. ત્હેણે સ્વપ્ન જોયું.

શ્યામસુન્દર અને પોતે સ્હામસ્હામે હાસ્ય કરતાં બેઠાં છે, ત્યાં આકાશમાંથી કોઇ દૂત ત્હેમની પાસે આવે છે, ઇન્દ્રની સભામાં નાટક જોવા આવવા આમંત્રણ કરે છે, બન્નેમાં ઉડવાની શક્તિ આવે છે, દૂતની પાછળ પાછળ આકાશમાં વિહાર કરતાં ઉંચે ઉડે છે, કોઇ શાંત પ્રકાશમય પ્રદેશનાં દર્શન થાય છે, ત્યાં સૂર્ય નથી તેમજ ચન્દ્ર પણ નથી છતાં શાંત સુંદર મંગલમય પ્રકાશથી આ પ્રદેશ પ્રકાશી રહ્યો છે. આ બન્ને પ્રવાસીઓ આશ્ચર્યથી જોતાં એક બગીચામાં દાખલ થાય છે, વિવિધ પ્રકારનાં પુષ્પોની સુગંધ ચારેપાસ ફેલાઇ રહી છે, પવન પણ મંદ અને શીતળ વ્હાય છે, પ્રવાસીઓના મગજને શાંત કરે છે, સ્થળે સ્થળે નિર્મળ જળના ઉંચા પ્રકારના અત્તરોની સુગંધીથી મ્હેકતા હોજોમાં સ્ત્રીઓ અને પુરૂષો જળક્રિડા કરી રહ્યા છે, એકેક હોજમાં એકેક દમ્પતિ અન્યોન્ય પર જળ ઉરાડતાં, મધુર કટાક્ષો કરતાં, કુદકી ફૂરતાં, વિવિધ પ્રકારનો આનંદ કરતાં સ્નાન કરે છે—રાત્રિમાં સ્નાન કરે છે; જાણે આપણી રાત્રિ એજ આ સ્વપ્નસૃષ્ટિનો દિવસ હોય!

આ પ્રવાસીઓને આ બગીચામાંથી એક મ્હોટા ભૂવનમાં લઇ જવામાં આવે છે, આ ભૂવનની સુંદરતા અનુપમ છે, હમણાં ત્હેમાં હજારો હાંડી ઝૂમરો પ્રકાશતાં લટકે છે! અનેક રંગબેરંગી વિજળીના દીપકો પ્રકાશે છે, જમીન પર એક રત્નજડિત ગાલીચો પાથરેલો છે, છત પર શૃંગારનાં ચિત્રો, આસપાસની દિવાલો પરનાં કોતરકામો જોનારના હૃદયને આકર્ષે છે, ચારે પાસ જૂદી જૂદી જાતનાં એક એકથી ચ્હડતાં આસનો ગોઠવેલાં છે, દરેક આસન પર સુંદર પોષાકથી શોભતા,

મુખના તેજથી, બાલની ઝળકથી, ફૂંટા કે પાઘડીની રમ્યતાથી, કામદેવને પણુ લજાવે એવા વીરો બેઠા છે, શ્યામસુન્દર આગળ અને પાછળ તરૂલતાને અહીં જે આસનો પર બેસાડવામાં આવે છે તેઓ આ શોભા જોવામાં તલ્લીન થઇ ગયાં છે, ત્યાં સુંદર–કોમળ અંગવાળી અપ્સરાઓનું એક ટોળું, પગમાં પહેરેલા ઝીણા ઘુઘરાના મધુર અવાજ કરતું દાખલ થાય છે, વચ્ચે ત્હેમને માટે ગોઠવેલાં સ્થાન પાસે આવે છે, સર્વ પ્રકારનાં વાદિત્રો ત્હેમની પાસે છે, કોઇ નાજુક હાથે ધીરે ધીરે સિતારના સુર છેડે છે, કોઇ સારંગીના મધુર ગાનનો આલાપ કરે છે, કોઇ દિલરૂબા અને અન્ય મધુર વાદિત્રો પર હાથ ચલાવે છે, કોઇ ઝીણા કંઠથી ગાય છે, કોઇ તરલ તાલથી નૃત્ય કરે છે, સર્વ સામગ્રી સાથે ભળે છે, સભા આનંદમગ્ન થઇ જાય છે, શ્યામસુન્દર આ અલૌકિક આનંદ જોઇ પોતાનું અને આસપાસનું ભાન ભૂલી જાય છે, પાસેજ બેઠેલી તરૂલતાના ગળામાં હાથ નાખી જાણે કહેતો હોય કે પ્રિયવદની !

द्रष्टव्येषु किमुत्तमं मृगदृशां प्रेमप्रसन्नं मुखं
घ्रातव्येष्वपि किं तदास्यपवनः श्राव्येषु किं तद्वचः।
किं स्वाद्येषु तदोष्ठपल्लवरसः स्पर्शेषु किं तत्तनु-
र्ध्येयं किं नवयौवनं सुहृदयैः सर्वत्र तद्विभ्रमः* ॥

---

* **ભાવાર્થ:**—જોવા લાયક પદાર્થોમાં શું ઉત્તમ છે? પ્રેમપ્રસન્ન મૃગના જેવાં નેત્રવાળીનું મુખ. સુંઘવા લાયકમાં શું ઉત્તમ છે? ત્હેના મુખનો શ્વાસ. સાંભળવા લાયકમાં શું ઉત્તમ છે? સ્રીનું વચન. ચાખવા લાયકમાં શું ઉત્તમ છે? સ્રીના અધરોષ્ઠનો રસ. સ્પર્શ કરવા લાયકમાં શું ઉત્તમ છે? સ્રીનું તન, અને ધ્યાન કરવા લાયકમાં શું ઉત્તમ છે? સ્રીનું નવીન યૌવન. સ્રીની ચેષ્ટા સર્વત્ર ઉત્તમ છે. **(ભર્તૃહરિ.)**

આ સ્વપ્ન વિભાગનો અનુભવ કરતાં સૂતેલીનું શરીર કમ્પવા લાગ્યું. મુખ પર કંઇક પ્રકારની ચેષ્ટાઓ થવા લાગી. શ્લોક કહી, જાણે શ્લોકનો કહેનાર ત્હેને આલિંગન કરી કહેતો હોય કે સુંદર કાંતિવાળી તરૂલતા! તું મ્હારી છે, તું મ્હને પ્રિય લાગે છે, એ તો વિધિનોજ દોષ કે.........

સ્વપ્ન આગળ વધતું હતું પણ પુરૂષનો–પ્રિય પુરૂષનો સ્વપ્નમાં પણ સ્પર્શ થતાં–આલિંગન થતાં–ચુમ્બન થતાં, કામની અસર મગજ સુધી પહોંચી. વિચારસૃષ્ટિ આચાર સુધી પહોંચી. સૂક્ષ્મસૃષ્ટિએ સ્થૂલ સ્વરૂપ ધારણ કર્યું. શરીર રોમાંચિત થયું. આંખ ઉઘડી ગઇ. હા......

સ્વપ્ન ઉડી ગયું, સ્મરણ રહી ગયું, સ્વપ્નના દેખાવો દૂર થયા, પણ પ્રબળ સંસ્કારો પાસે રહ્યા. ભર્તૃહરિશતકના એજ શ્લોકની છેલ્લી પંક્તિ હમણાં નન્દલાલ ગાતો હતો. તરૂલતા આશ્ચર્યથી તે સાંભળી રહી. "આ શું કહેવાય? ક્યાં ગયું તે દિવ્ય સ્ત્રીઓનું સંગીત? ક્યાં ગઇ તે સુન્દર સભા? ક્યાં ગયા તે દિવ્ય લોક? ક્યાં શ્યામ અને ક્યાં હું? ક્યાં તે સ્પર્શ અને ક્યાં..." તે મનમાંજ બોલી. આશ્ચર્ય–આનંદ શોકથી તે બ્હાવરી જેવી આસપાસ જોઇ રહી.

નન્દલાલનો શ્લોક સમાપ્ત થતાંજ નિર્મળા મધુર લ્હેકાથી મુક્ત કંઠે ગાવા લાગી. તરૂનું ધ્યાન તરતજ એ ગાયન તરફ ખેંચાયું.

"પ્રિયતમ! આ...જ ચાંદની......રા...ત.
મ્હારે મ...હેલ આવોને મહારાજ!
અ...બળા જા...તિ હું છું એકલડી,
શૂન્ય...લાગે સર્વ વાસ................મ્હારે.
મહેલ આવોને મહારાજ..."

તરૂલતા ઉઠી. સ્ત્રી પુરૂષનું એકાંત સુખ જોવા, નન્દલાલ અને નિર્મળાની આ રાત્રિ ગમ્મત જોવા તે ઉત્કંઠિત થઇ. ધીરે ધીરે હેણે એક ડગલું ભર્યું. હૃદયની કોઇ પવિત્ર શક્તિ હેને રોકવા લાગી.

" આવોને મહારાજ, મ્હારે ઘેર આવોને મહારાજ. "

કંઇક અધિક રસથી, કંઇક અધિક આનંદથી, મદનની કંઇક અધિક પ્રેરણાથી ગવાતી આ પંક્તિએ હૃદયની એ પવિત્ર શક્તિનો પ્રકટ થતાંજ વધ કર્યો–ઉત્પન્ન થતાંજ નાશ કર્યો. ઉત્કંઠાનો વેગ પ્રબળ કર્યો. જડ જેવું હેનું શરીર આગળ ધકેલાયું. જરા આગળ વધી. અનેકવાર અનુભવેલો મદન કંપ અનુભવવા લાગી. શરીરનાં રોમેરોમ ખડાં થયાં, હૃદય જોરથી ધડકવા લાગ્યું. બ્હાવરી જેવી તે પળ વાર રહી. "તરૂ ! તરૂ ! આ અઘોર પાપ છે ! ! પાપિણી ! હજી પણ પાપમાર્ગમાં આગળ શા માટે વધતી હઇશ ? હજી પણ અંધની પેઠે આ કુચેષ્ટાઓ શા માટે કરતી હઇશ ? " માધવની મૂર્તિ પાસે આવી જાણે હેને કરતી હોય !

તરૂલતા નિશ્વાસ નાખી અંધકાર તરફ જોઈ રહી. ચેતનહીન જેવી ઉભી રહી. તૃષ્ણાની ગતિ મંદ થઇ. લજ્જાથી નિચું જોઇ રહી. ફરી નિર્મળાનો લ્હેકતો સ્વર સંભળાયો—

" ભોળી બિચારી નારી ઠગાણી પ્રિય...

" મારી નેન બાણુ હવે......શાને મૂ..કો હા...થ.

" આજ ચાંદની રાત, વ્હેલા વ્હેલા આવોને હો રાજ ! "

શૃંગારના–કામના આ પ્રકાશમાં ધર્મવિચારો પતંગ રૂપે નાશ પામી ગયા. માધવની મૂર્તિ ક્યાંની ક્યાં જતી રહી. વિલાસ જોવાની

ત્હેની લાલસા પહેલાંના પણ અધિક પ્રબળ થઇ. નવી હિંમત આવી. તે આગળ ધકેલાઇ—આગળ વધી. બારીની છેક સમીપમાં આવી પહોંચી. માથા પરથી સાડી ઉતરી ગઇ હતી. હૃદય પરથી લજ્જા ઉડી ગઇ હતી. વળી કંઇક પવિત્ર સ્મરણ થયું:—

तावदेव त्रिवल्गंति रागद्वेषपिशाचिकाः
नास्तमेति समस्तैषा यावद्यौवनयामिनी ।
हर्षमायाति यो माहात्पुरुषः क्षणभंगिना
यौवनेन महामूर्खः स वै नरमृगः स्मृतः ॥ *

બે દિવસ પહેલાં શ્યામસુન્દરને મુખે સાંભળેલા આ શ્લોકો ત્હેના સ્મરણમાં તરી આવ્યા. માધવની છાયામૂર્તિ પુનઃ પ્રત્યક્ષ થઇ. શરમ ભરેલી દૃષ્ટિથી ધિક્કારની પ્રબળ લાગણી પ્રત્યક્ષ કરી જાણે ત્હેને કહેતી હોય! ' ઓ કામાંધ સ્ત્રી! ઓ હતભાગિની! તું શું જુવે છે? જે શરીર હમણાં આવુ સુકોમળ લાગે છે, આવું મોહક લાગે છે, તેજ સુંદર શરીરમાં વૃદ્ધાવસ્થા પ્રવેશ કરતાં કરચલીઓ પડશે, સૌન્દર્ય જતું રહેશે, જોતાં પણ ધિક્કાર ઉત્પન્ન થશે, વ્યાધિઓ દાખલ થતાં ખાન-પાન વિષ જેવા લાગશે, હમણાં સુખમય લાગે છે, તે સઘળું દુઃખમય

---

* ત્યાં સુધીજ રાગ (કામ) અને દ્વેષ રૂપી પિશાચિણીઓ ફર્યા કરે છે, જ્યાં સુધી યૌવન રાત્રિ નથી ગઇ. જે પુરૂષને ક્ષણભંગુર આ યૌવનને જોઇ અજ્ઞાનથી હર્ષ થાય છે, (જે યૌવનથી મુગ્ધ થાય છે) તે મહા મૂર્ખ છે—નર છતાં પશુ તુલ્ય છે.

(શ્રી યોગવાસિષ્ઠ.)

થશે. યુવાનીની રાત્રિ વીતી જશે, વૃદ્ધાવસ્થાના સૂર્યનો અગ્નિ ત્હને બાળી ખાખ કરી નાખશે. ઓ મંદભાગિની! હજી પણ વિચાર! હજી પણ વિચાર!!'

તે ધ્રૂજવા લાગી, દીન જેવી આમ તેમ જોવા લાગી. મુખપર પ્રસ્વેદનાં બિંદુઓ બાઝયાં, ડાબી આંખ ફરકવા લાગી. તે તત્કાળ હઠી–પાછી પથારી પર આવી બેઠી. હરિના નામનો જાપ જપવા લાગી. ચંચળ મનની ચંચળતાને રોકવા પ્રયત્નવાન થઈ, જરાક ફાવી, જરાક વિરામ પામી ત્યાં પાછો વિચારનો પ્રબળ વેગ આવ્યો. 'તરૂલતા! મધુર કાંતિવાળી તરૂલતા! તું તો મ્હારીજ છે.' આ સ્વપ્નવાક્ય સાંભરી આવ્યું, સાથેજ સ્વપ્નમાં–કલ્પનામાં અનુભવેલું સ્પર્શસુખ પણ સાંભર્યું. મન ફરી મદનની બંસરીના ગાનમાં ગુલ્તાન થઈ થનથનાટ કરતું નાચવા માંડયું. ઇન્દ્રિયો પુનઃ સતેજ થઇ. વળી નન્દલાલ અને નિર્મળાની સંતાકુકડીની રમતનો શબ્દ કાને પડયો. નન્દલાલ ત્હેને આલિંગન આપવા ચાહતો હોય, અને નિર્મળા આંચેષ્ટા કરતી દૂર થવા પ્રયત્ન કરતી હોય, એમ એકના પગના ઘસારાથી અને બીજાના ઝાંઝરના કે કંકણના શબ્દથી તે પામી ગઇ. નિર્બળ હૃદયની કામથી અંધ થયેલી–વિહ્વલ બનેલી તે પાછી ઉઠી આગળ ચાલી.

§ "આવરદા વ્યર્થ ગુમાવી–આવરદા૦
યૌવનથી લચતી...જો લલના અંક વિષે ના આવી..."

નન્દલાલના આ ગાને ત્હેના વિચારવેગને ઉશ્કેરણી આપી. તે ચાલી. એક, બે, ત્રણ, ચાર, ડગલાં ચાલી. જરા પણ વિચાર ન આવ્યો. એજ વેગ! એજ વિચાર! એજ કલ્પના! તે બારી પાસે

§ રા. નથુરામ સુંદરજીના કોઇ નાટકમાંથી.

ગઈ. કપતી ઉભી રહી, છૂપાઇને જોવા લાગી. એક મખમલના સુંદર કોચ પર આ બન્ને જણુ બેઠાં હતાં. નિર્મળા કટાક્ષ કરી પોતાના પ્રાણેશ્વર તરફ જોતી હતી. ભુજંગ જેવા કાળા લ્હેના ખુલ્લા પડેલા બાલની આસપાસ નન્દલાલની ભૂજા લપેટાઈ ગઇ હતી, બીજા હાથથી ત્હેણે ઉપલી કવિતા બોલતાં ત્હેનો સુકોમળ હાથ પકડયો. રસઘેલી સ્રીએ સ્વાભાવિક છણુકો કર્યો. નન્દલાલે હાથ ન મૂકતાં આગળ ખેંચ્યો. પોતાના મુખ ઉપર રાખ્યો. કોમળ હાથ પર ચુંબન કર્યું, એક વાર ' બે વાર! ત્રણ વાર! તૃમ કરતાં અતૃપ્તિ વૃદ્ધિ પામી—અને આલિંગન દાન દેવાયું

* "The midnight moon serenely smiles
O'er nature's soft repose;
Come, dear Emila and joy
Reflec'ion's favourite hour."

ગાઢ આલિંગન દેતાં તે બોલ્યો.

તરૂલતા જોતી હતી—આ સઘળું જોતી હતી, જોઇને મોહ પામતી હતી, પોતે અનુભવેલાં એવાંજ સુખનું સ્મરણ કરી, રોમાંચિત થતી હતી, ક્ષણે ક્ષણે જવાની, દૂર થવાની મરજી કરતી હતી, બીજીજ ક્ષણે તૃષ્ણાનો પ્રબળ વેગ આવતાં તે દીન થઈ જતી હતી. **कामातुराणां न भयं न लज्जा** કામનો અગ્નિ સળગતાં ભય અને લજ્જા, સંકોચ કે મર્યાદા, શાસ્ત્રજ્ઞાન કે વૈરાગ્ય વૃત્તિ સૌ બળી ભસ્મ થઈ

* **ભાવાર્થ**:- મધ્ય રાત્રિનો ચન્દ્રમા શાંત સુધા વર્ષાવતો પ્રકૃત્તિના રમ્ય પટ પર પ્રકાશ પાડે છે. પ્રાણાધાર! આવ! આપણે પણ આ પ્રેમઘડીમાં પ્રેમાનંદનો અનુભવ કરીએ. (**અજ્ઞાત.**)

ગયાં અને એ અગ્નિને વધારે વધારે ભોગ મળતાં વધારે વધારે જોરથી ભભકવા લાગ્યો. ઘેલી જેવી તે નિર્લજ્જ થઇ, અંધ થઇ, અજ્ઞાન થઇ, મૂર્તિની પેઠે ત્યાંજ ઉભી રહી.

* "उरसि निपतितानां स्रस्तधम्मिल्लकानां
मुकुलितनयनानां किंचिदुन्मीलितानाम् ।
सुरतजनितस्वेदस्विन्नगण्डस्थलाना-
मधरमधु वधूनां भाग्यवन्तः पिबन्ति ॥"

"વ્હાલી નિર્મલે! પ્રિય નિર્મલે! બ્રહ્માનું મદ મૂકાવનારી, મહાન્ રૂષિઓના મનને પણ ચલાયમાન કરનારી, હજારો વર્ષથી તપ કરતા તપસ્વિઓના અહંકારનું ખણ્ડન કરનારી સ્ત્રી, મધુર સ્ત્રી જો આ સંસારમાં ન હોત, તો થાકેલા પુરૂષો વિશ્રામ ક્યાં શોધત? જગત્ મધુરતા ક્યાં જોઇ શકત?" એમ કહી નન્દલાલે પુનઃ પ્રેમના ઉમળકાથી પ્રિયાના અધરોષ્ઠ રસનું પાન કર્યું.

તરૂલતા હવે તદ્દન બ્હાવરી જેવી બની ગઈ. ઇન્દ્રિયોનું બળ ત્હેના બળમાં ન રહ્યું. ત્યાં ઉભી રહેવા અસમર્થ થઈ, તેમ વૃત્તિઓને દબાવવા પણ તે અસમર્થજ રહી. મનની કામના પ્રબળ થઇ સ્વપ્નસૃષ્ટિ પુન નવીન રૂપે ખડી થઇ. 'તરૂ! મધુર કાંતિવાળી તરૂલતા!

---

* છાતી ઉપર પડેલી હોય, જેનો ચોટલો છૂટી ગયો હોય, જેનાં નેત્ર થોડાં મિંચેલાં અને થોડાં ખૂલ્લાં હોય, અને કામક્રિડાના પરિશ્રમને લીધે જેના ગાલ ઉપર પસીનો આવી ગયો હોય, તેવી વધુના અધરોષ્ઠના રસને જે પુરૂષ પીએ છે, તે ભાગ્યશાળી છે.

(भर्तृहरि.)

તું મ્હારી છે' એ વાક્ય સાંભર્યું, સાથેજ અસમર્થ–પરાધીન શરીર ખેંચાયું. "ઋષિઓ ભૂલ્યા છે. તપસ્વિઓ તપથી દૂર થયા છે, મહાન્ જનોએ માન મૂક્યાં છે, ઉર્વશી ભૂલી ગઇ, કામ વશ થઇ, હું પણ ભૂલી જઇશ. હું ભૂલી જઇશ! શ્યામ! શ્યામ!!" તે ચાલી, બહારના ઓરડામાં આવી–ચાલતાં કામના વેગે વિચાર કરાવ્યો: "શ્યામ તું મ્હારોજ છે. મ્હારો પતિ તો શ્યામજ છે. વિધિને પણ એમજ ભામે છે. વિધિએજ આપણને અહીં આણ્યાં છે. શ્યામ! તું મ્હારો છે."

ધ્રૂજતી તે શ્યામસુન્દરના મુખ તરફ જોઇ રહી. ત્હેનો હાથ પકડી ઉઠાડવા વિચાર થયો. વળી અટકી. બહાર આવી સ્હામે દૃષ્ટિ કરી–આકાશ તરફ જોયું, શાંત ચન્દની સર્વત્ર વિલાસ કરી રહી હતી. થોડેક દૂરથી આવતું–પવનમાં ઉડતું આવતું કોઈ સ્ત્રીકંઠનું ગાયન ત્હેણે સાંભળ્યું, જાણે ત્હેનાજ માટે કોઈ ગાતી હોય:

ઉ......ઠો......પિયુ જા......ગોરે, અકેલી..... ડર...લાગે.
અકેલી ડર.........લા......ગે. અકેલી ડર.........લાગે.
આધી આધી રેન હાં............રે.........
બપૈયા.........બો......લે .....રે,
વન......મેં......બો......લે મોર.
નહિ કિ......નારે......સા.........રસ બોલે.........
મેં......જાનું બયો ભો......ર રે......અકેલી......ડર લાગે.
ઉઠો......પિયુ જા......ગો રે.........અકેલી..... ડર લાગે.

ગાનના અર્થનાધુર્યમાં–ગાનારીના કંઠની મિઠાશમાં તલ્લીન થએલી કામાતુર તે પાછી શ્યામસુન્દરની શય્યા પાસે આવી ઉભી. એક વાર જોયું હતું ત્હેના કરતાં આજે ત્હેના મુખમાં કંઇ ઓર મિઠાશ, કંઇ ઓર મધુરતા, કંઇ ઓર તેજ જણાતું હતું, ગામડાનાં નિર્મળ પાણી

અને શુદ્ધ હવાથી, મનની શાંતિ–ચિંતા રહીત સ્થિતિથી હેનું શરીર પણ બળવાન થતું હતું, નેત્રો મિંચેલાં હતાં. લલાટ પર સુંદર ઝૂલફા શોભી રહ્યા હતા. આ સર્વ સામગ્રી હેના અંતર વેગને ઉત્સાહક થઇ. હેના મોહમાં વૃદ્ધિ થઇ. ઇન્દ્રિયોની તિવ્રતા આગળ વધી, સ્પર્શ કરવા વિચાર થયો, હાથ લંબાવ્યો, શરીર કમ્પ્યું, હાથ અટકયો.

"અકેલી ડર લાગે......અકે .....લી...ડ......ર લાગે.
કો......મલ......અંગી મય......
કામિની રે પિયુ.........
જોબન.........રસ.........ભર જાય.
ઉઠો પિયુ! ઉઠો.........પિયુ
મેરો......નાજુક જી ગભરાય......
અકેલી ડર લાગે......ઉઠો પિયુ જાગો!"

ફરી સંભળાયું. "જોબન રસ ભર જાય" આ પંક્તિ સાંભળતાં–હેનો વિચાર કરતાં, હૃદયમાં–મનમાં શરીરના અણુ અણુમાં તાલાવેલી જાગી. આતુર ઇચ્છાથી–આતુર દષ્ટિથી જાણે પ્રાણ વિનિમયનો પ્રયોગ કરતી હોય, જાણે હેને જગાડવાના મંત્રો ભણતી હોય તેમ તે ઉભી રહી. શરીરની સ્થિતિનું ભાન ભૂલી ગઇ. અનેક વાર પશ્ચાત્તાપના વિચારો ભુલી ગઇ. અનેક વાર રડી રડી બોલેલા વચનોનું વિસ્મરણ થયું. બેભાનની પેઠે બોલવા લાગી.

"ઉઠો......પિયુ......ઉઠો પિયુ......
જોબન......રસ......ભર...જાય.
કોમલ......અંગિ કામિની મેરો
નાજુક જી ગભરાય
ઉઠો શ્યામ! જાગો...અકેલી ડર લાગે."

ગાતી તે શ્યામસુન્દરની પાસે બેઠી. સ્પર્શ થયો—સ્પર્શની સાથેજ સૂતેલાનાં નેત્રો ઉઘડયાં. આશ્ચર્યથી જોયું. બેઠો થયો.

ઘેલી સ્ત્રીએ—મૂર્ખ સ્ત્રીએ—કામથી અંધ બનેલી યુવાન સ્ત્રીએ, વિચારને અવકાશ ન આપ્યો. કામના અંધકારમાં ધર્મ રૂપી પ્રકાશનો નાશ થયો. અંધકારનો ત્હેના શરીરના અણુ અણુમાં પ્રવેશ થયો. વિવેક અને મર્યાદા તો પ્રથમથીજ દૂર થયાં હતાં. બેભાન ઘેલીની પેઠે તે શ્યામસુન્દરને ગળે બાઝી પડી. છાતી સાથે છાતી લાગી. ગાલનો ગાલ સાથે સ્પર્શ થયો. શરીર ત્હેનું આકુળ વ્યાકુળ થઇ ગયુ.

શ્યામ! ઓ મૂર્ખ! અંધ! પામર શ્યામ! શું ત્હને પણ આ સ્પર્શથી એટલું સુખ પ્રાપ્ત થયું કે તું અક્ષર પણ નથી બોલી શકતો? શું ત્હારૂં પાંડિત્ય સંતાઇ ગયું? શું ઇન્દ્રિયોના બળ પાસે ત્હારૂં ધર્મ બળ—ત્હારૂં પશ્ચાત્તાપ બળ નિસ્તેજ થઈ ગયુ? શું ત્હારી સદ્વૃત્તિ નાશ પામી ગઈ? સ્હામે તો ગવાતુંજ હતું.

જાગો! જાગો! જીવન...વલ્લભ!

"જાગો પિયુરે...હે......

જાગો......જી......વ...ન હાર.

કોઈ વારે......ઝિણા મો...તી યે...

હું વારૂં મ્હારા...પ્રાણ...રે......

ઉઠો...ઉઠો જાગો રે...અકેલી ડર લાગે."

શ્યામનું શરીર પણ કંઇ કંઇ ભાવ અનુભવવા લાગ્યું. મન ત્હેનું કંઇ કંઈ વિકારોથી વલોવાવા લાગ્યું. નિદ્રાના ઘેનમાં કામઘેન—મદનઘેન ત્હેના શરીર—મન—હૃદય પર કાબુ મેળવવા લાગ્યું. ભૂલ્યો. તે પણ ભૂલ્યો જણાયો. તે તટસ્થ બેસી રહ્યો, છતાં ગળામાં પડેલી કોમળ ભુજાઓને વીર થઈ દૂર કરવા અસમર્થ થયો. હૃદય સાથે લાગેલા મલિન હૃદયને દૂર કરવા તે અશક્તજ રહ્યો. મન ત્હેનું મલિન થયું.

બન્ધુ પાઠક કે ભગિની પાઠિકા !! અપવિત્ર થયેલાં આપણાં આ પાત્રોથી આપણી દૃષ્ટિ દૂર કરવી એજ કર્ત્તવ્ય છે. થોડા વખત માટે પણ આપણે એમનાથી દૂર થઇશું-એમને ત્યજી જઇશું.

કોઈ આ પ્રસંગને રસિક કહેતું હશે, કોઇ અરસિક સ્હમજતું હશે, કોઇ આમાં સ્વાનુભવનું દર્શન કરતું હશે, કોઇ વિયોગી કે વિરાગી જન આમાં મનના દુઃખનું કારણ જોતું હશે. હો તે હો ! જગતમાં જૂદી જૂદી પ્રકૃતિનાં મનુષ્યો વસે છે! જૂદા જૂદા ત્હેમના હૃદય-ભાવો છે, છતાં ધર્મ સનાતન છે. નીતિ સમાન છે નીતિનું ઉલ્લંઘન એજ મલિનતા છે. અધર્મનું આચરણ એજ દુઃખનું કારણ છે.

Tis well that without end
he should lament,
Who for the love of thing
that doth not last,
Eternally despoils him
of that love.

ભાવાર્થઃ—રડવા દો ! ત્હેને જીવન સમસ્ત રડવા દો કે જેણે એક ક્ષણભંગુર વસ્તુના પ્યારમાં પડી, તે પવિત્ર અનંત પ્રેમ-આનંદનો ભોગ આપ્યો છે. (ડેન્ટી કૃત ડીવાઇન કૉમેડી.)

પહેલો ભાગ
સમાપ્ત.

અનુક્રમણિકા.

